## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાય: પરમં તપ:
સ્વાધ્યાય: પરમં તપ:
સ્વાધ્યાય: પરમં તપ:

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-81-953732-9-1

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)


## દ્વિતીય વર્ષ બી. એ. - ઈતિહાસ
## પેપર - ૩

(મુખ્ય તથા ગૌણ )

HISM / HISS - ૨૦૩

# ભારત નો ઈતિહાસ

( ઈ. સ. ૬૫૦ થી ૧૫૨૬ સુધી )



## વિભાગ-૩ ભક્તિ, સુફી આંદોલન અને વિજયનગર,બહમની સામ્રાજ્ય

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

**પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**સંપાદનઃ**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ.* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ).પ્રફુલા રાવલ* | *નિવૃત પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.* |
| *પ્રો. (ડૉ). જીગીશ પંડ્યા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.* |

**લેખનઃ**

| | |
|---|---|
| *ડૉ. અશોક વાઘેલા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી આર્ટ્સ કોલેજ, અમીરગઢ* |
| *ડૉ. વિરસંગભાઈ ચૌધરી* | *એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , ગૂજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ , અમદાવાદ.* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *ડૉ.ધ્વનિલ પારેખ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ગુજરાતી વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.* |
| *ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર.* |



**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



*સર્વાધિકાર સુરક્ષિત*

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**



**ISBN : 978-81-953732-9-1**

**પ્રકાશન વર્ષ** *:2021-પ્રથમ આવૃતિ*

BAOU Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય વર્ષ બી.એ.- ઈતિહાસ
પેપર-૩ ભારતનો ઈતિહાસ
**(ઈ.સ.650 થી ઈ.સ.1526)**
**HISM/HISS-203**( મુખ્ય તથા ગૌણ)

## વિભાગ-3 ભક્તિ, સુફી આંદોલન અને વિજયનગર,બહમની સામ્રાજ્ય


**એકમ-12** 01

ભક્તિ આંદોલનના સંતો અને તેમનો પ્રભાવ

**એકમ-13** 26

સુફી આંદોલનના સંતો અને તેમનો પ્રભાવ

**એકમ-14** 49

વિજયનગર સામ્રાજ્ય:કૃષ્ણદેવરાયની સિધ્ધિઓ

**એકમ-15** 67

બહમની સામ્રાજ્યની રાજકીય અને સાંસ્કૃતિક સ્થિતિ

## વિભાગ-3 : ભક્તિ,સુફીઆંદોલન અને વિજયનગર,બહમની સામ્રાજ્ય

*ભારતનો ઈતિહાસ (ઈ.સ.650 થી ઈ.સ. 1526 સુધી)પેપર-3ના વિભાગ-3 માં કુલ ચાર એકમનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં ભક્તિ આંદોલન, સુફી આંદોલન, વિજયનગર સામ્રાજ્ય અને બહમની સામ્રાજ્ય વિશે જાણકારી પ્રાપ્ત કરી શકાય છે.*

**એકમ-12**_માં ભક્તિ આંદોલનના સંતો તેમનો પ્રભાવ ની વિગતે વાત કરવામાં આવી છે જેમાં શંકરાચાર્ય, નિમ્બકાચાર્ય,વલ્લભાચાર્ય, સંત કબીર,ચૈત્યન્ય મહાપ્રભુ,રામાનંદ,સંત તુકારામ વગેરે જેવા સંતો દ્રારા જે ભક્તિમાર્ગ ભારતમાં ફેલાયો જેને લગતો વિસ્તૃત અભ્યાસ કરી શકાય છે._

**એકમ-13**_માં ભારતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના પછી ભારતમાં જે સુફી આંદોલનની શરૂઆત થઈ તેની વિગતે માહિતી આપવામાં આવેલી છે. શેખ મોઈનુદ્દીન ચિશ્તિ તથા શેખ સલીમ ચિશ્તિ જેવા પીર દ્રારા ભક્તિ આંદોલનને વેગ આપવામાં આવ્યો તેની વિસ્તૃત જાણકારી આપવામાં આવેલી છે._

**એકમ-14**_માં વિજયનગર સામ્રાજ્યની વિગતે સ્પષ્ટતા કરવામાં આવી છે જેમાં કૃષ્ણદેવરાયની વિવિધ સિધ્ધિઓ વિશે જાણકારી પ્રાપ્ત કરી શકાય છે._

**એકમ-15**_માં બહમની સામ્રાજ્યની રાજકીય અને સાંસ્કૃતિક સ્થિતિ વિશે માહિતી આપવામાં આવેલી છે.જેમાં બહમની સામ્રાજ્યની સ્થાપના અને વિજયનગર સાથેના તેના સંઘર્ષો વિશે જાણી શકાય છે._

| એકમ-12 | ભક્તિ આંદોલનના સંતો અને તેમનો પ્રભાવ |
| --- | --- |

## રૂપરેખાઃ

**12.0** ઉદ્દેશો
**12.1** પ્રસ્તાવના
**12.2** ભક્તિ આંદોલનના ઉદ્ભવ માટેનાં કારણો
  **12.2.1** ઈસ્લામ ધર્મનો ખતરો
  **12.2.2** હિન્દુધર્મ અને સમાજની જટિલતા
  **12.2.3** સરળ માર્ગ
  **12.2.4** ઈસ્લામના સંપર્કનું પરિણામ
  **12.2.5** નાથ સંપ્રદાયની અસર
**12.3** ભક્તિ આંદોલનના મુખ્ય સિદ્ધાંતો
**12.4** દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલન
**12.5** ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલનનો ઉદય
**12.6** ઉત્તર ભારત બંગાળ તથા મહારાષ્ટ્રના આંદોલનો
  **12.6.1** એકેશ્વરવાદી ભક્તિ આંદોલનો
  **12.6.2** ઉત્તરભારતમાં વૈષ્ણવભક્તિ આંદોલન
  **12.6.3** બંગાળમાં ભક્તિ આંદોલન
  **12.6.4** મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલન
  **12.6.5** અન્ય પ્રદેશોમાં ભક્તિ આંદોલન
**12.7** ભક્તિ આંદોલનનો ભારતીય સમાજ પર પ્રભાવ (અસરો)
  **12.7.1** ધાર્મિક પ્રભાવ (અસરો)
  **12.7.2** સામાજિક પ્રભાવ (અસરો)
  **12.7.3** સાંસ્કૃતિક પ્રભાવ (અસરો)
  **12.7.4** રાજકીય પ્રભાવ (અસરો)
**12.8** સારાંશ
**12.9** ચાવીરૂપ શબ્દા
**12.10** તમારી પ્રગતિ ચકાસોના જવાબો
**12.11** સંદર્ભ ગ્રંથો

## 12.0 ઉદ્દેશો

આ એકમમાં સલ્તનતયુગ દરમિયાન ભારતમાં વિવિધ ભાગોમાં વિકસેલાં ભક્તિ આંદોલનના ઉદ્દભવનાં કારણો, તેનો ઉદ્ભવ, કેટલીક તેની મુખ્ય ખાસિયતો તેમ જ તેમાં રહેલું સામ્ય અને સમાજ ઉપર તેનો પડેલો પ્રભાવ વગેરે વિશે ચર્ચા કરીશું.

આ એકમના અભ્યાસ બાદ તમે.....

- ભક્તિ આંદોલનના ઉદ્ભવના કારણો વિશે સમજી શકશો.
- ઉત્તર અને દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલનના પ્રચાર-પ્રસારને સમજી શકશો.
- હિંદમાં ભક્તિ સંતોના વિવિધ વર્ગોની રીતભાત તથા તત્ત્વજ્ઞાનની વાત કરી શકશો.
- ભક્તિ આંદોલનના સમાજ પર પડેલા પ્રભાવ વિશે સમજી શકશો.

## 12.1 પ્રસ્તાવના

ભારતના ઈતિહાસમાં ભક્તિ અને સૂફી આંદોલનનો ઉદ્ભવ અને વિકાસ એક મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક સહઅસ્તિત્વ અને સમન્વયની ઘટના ગણાય છે. ભારતમાં મુસલમાનોના આગમન પછી વર્ષો સુધી ઈસ્લામ અને હિન્દુ ધર્મના પરસ્પર સંપર્કથી મહત્ત્વપૂર્ણ ફેરફાર થયેલ છે. ઈસ્લામના સિદ્ધાંતોએ હિન્દુધર્મના સુધારકોને પ્રભાવિત કર્યા અને બીજી બાજુ મુસ્લિમ સંતો પણ હિન્દુ આદર્શવાદથી અપ્રભાવિત ન રહી શક્યા. આ પ્રકારની ક્રિયા-પ્રતિક્રિયાએ મધ્યકાળમાં ઉત્તર અને દક્ષિણ ભારતમાં એક મહત્ત્વના ધાર્મિક આંદોલનને જન્મ આપ્યો. જે ઈતિહાસમાં ભક્તિ આંદોલનના નામથી ઓળખાય છે. ડૉ. ઈશ્વર ઓઝાના જણાવ્યા મુજબ ભારતમાં ભક્તિની પ્રાચીનતા પ્રાગૈતિહાસિક કાળ સાથે સંબંધ ધરાવે છે. તેઓ તેને દક્ષિણના વૈષ્ણવ ભક્તોની દેનને બદલે દ્રવિડોની દેન માને છે. ભક્તિ આંદોલન મૂળ રીતે વેદાંત, દર્શન અને ભાગવત ધર્મની પરંપરાનું વિકસિત રૂપ છે. ભક્તિની શરૂઆત મહાભારત કાળમાં થઈ હતી. ગીતામાં સ્પષ્ટ રીતે આપણને ભક્તિનો ખ્યાલ આવે છે. ગીતાનો અવનરવાદ ભક્તિભાવનાનો મુખ્ય સ્રોત છે. ભક્તિનો મુખ્ય આધાર ગ્રંથ શ્રીમદ ભાગવત છે. જેની રચના લગભગ 7મી કે 8મી સદી બતાવવામાં આવે છે. કેટલાક વિદ્વાનો ભક્તિને આર્યોના સમયની પ્રવૃત્તિ માને છે. ભક્તિ આંદોલનનો વાસ્તવિક અર્થમાં વિકાસ દક્ષિણ ભારતમાં ઈ.સ.7મી સદી દરમિયાન થયો. ભાગવતમાં એક શ્લોકો આવે છે તેમાં ભક્તિ કહે છે "મારો જન્મ દ્રવિડ દેશમાં થયો, કર્ણાટકમાં મારો વિકાસ થયો. મહારાષ્ટ્રમાં થોડા દિવસ રોકાઈ અને ગુજરાતમાં જઈને વૃદ્ધ થઈ ગઈ." જે સમયે આર્ય લોકો ઉત્તર ભારતમાં ઉપનિષદ લખતા હતા અથવા બૌદ્ધ અને જૈન ધર્મનો પ્રયોગ કરતાં હતા તે સમયે દક્ષિણ ભારતમાં ભક્તિનો વિકાસ થઈ રહ્યો હતો. તે જ સમયે દક્ષિણમાં નાયગાર અને અલવાર સંત શિવ અથવા વિષ્ણુની ભક્તિમાં તલ્લીન થઈ રહયા હતા. આથી સ્પષ્ટ રીતે કહી શકાય કે ભારતમાં ભક્તિ આંદોલનનું મુખ્ય કારણ ઈસ્લામ ન હતું. એ બાબત સાચી છે કે ઈસ્લામના લીધે આ આંદોલનને વધારે પ્રેરણા તથા વિશેષ બળ પ્રાપ્ત થયું.

*વાસ્તવમાં ભક્તિ આંદોલનનો શ્રેય મહાન સુધારક કેરલના શંકરાચાર્યને મળે છે. તેઓએ 7મી સદીમાં બૌદ્ધ ધર્મનો વિરોધ કર્યો અને ભારતમાં હિન્દુધર્મની પુનઃસ્થાપના કરી. શંકરાચાર્યે અદ્વૈતવાદનું પ્રતિપાદન કરીને ફક્ત જ્ઞાનમાર્ગને જ એક માત્ર સરળ માર્ગ બતાવ્યો. તેમના કહેવા મુજબ બ્રહ્મ સત્ય છે. અને જગત મિથ્યા છે. પરંતુ તેમનો આ દાર્શનિક માર્ગ સામાન્ય જન સમુદાય સમજી શક્યો નહી. તેથી મધ્યયુગના સંત-મહાત્માઓ તથા વિદ્વાનોએ શંકરાચાર્યના મતનું ખંડન કરીને દ્વૈતવાદ દ્વારા ભક્તિમાર્ગ અને ઈશ્વરના સગુણ સ્વરૂપનો બહોળો પ્રચાર કર્યો. જેના પ્રવર્તક દક્ષિણ ભારતમાં રામાનુજ અને ઉત્તરભારતમાં રામાનંદ થઈ ગયા. કબીર, નાનક, ચૈતન્ય વગેરે તેના મુખ્ય નેતાઓ હતા.*

## 12.2 ભક્તિ આંદોલન માટેનાં કારણો

*ભક્તિ આંદોલન એક દેશવ્યાપી આંદોલન હતું. ભારતમાં ભક્તિ આંદોલનના ઉદ્ભવ માટેનાં અનેક કારણો જવાબદાર હતાં.*

### 12.2.1 ઈસ્લામ ધર્મનો ખતરો

*મુસ્લિમ આક્રમણકારીઓએ હિન્દુઓના મંદિરો, મૂર્તિઓ અને તીર્થસ્થાનોને નષ્ટ કરી દીધા. તેનાથી તેમની ઈશ્વર પ્રત્યેની ભાવનાને ઠેસ પહોંચી. મુસ્લિમોના આક્રમણથી હિંદુ પ્રજામાં ભય પેદા થયો. અરાજકતાભરી રાજકીય ઉથલપાથલને કારણે હિંદુ પ્રજા પર લાંબા સમય સુધી તેની અસર જોવા મળી. તે સમયે હિંદુઓ પોતાની રાજકીય સ્વતંત્રતા ગુમાવીને ઈસ્લામના પ્રભુત્વમાં ફસાઈ ગયા હતા.ગુલામીના બંધનમાંથી મુક્ત થવાનો કોઈ માર્ગ તેમને નજરમાં આવતો ન હતો. આ અંધકાર જેવી સ્થિતિએ તેમને ઈશ્વરના શરણમાં જવા માટે પ્રોત્સાહિત કર્યા અને તેઓ ભક્તિમાર્ગ તરફ તેજીથી જવા લાગ્યા.*

### 12.2.2 હિન્દુધર્મ અને સમાજની જટિલતા

*હિન્દુ ધર્મ અને સમાજમાં વધતો જટિલતાએ પણ ભક્તિ આંદોલનના ઉદય અને વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. હિન્દુધર્મમાં કર્મકાંડ, પૂજાપાઠ, ઉપવાસ વગેરે પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. તે સમયે સમાજમાં અંધશ્રદ્ધા, જ્ઞાતિ-જાતિના ભેદભાવો પ્રવેશી મૂકયાં હતા. બ્રાહ્મણો અને પુરોહિતો સ્વાર્થી અને ભ્રસ્ટાચારી બની ગયા હતા. સામાન્ય લોકો આ બધાથી તંગ આવી ગયા હતા. તેઓ એ બુરાઈઓમાંથી મુક્ત થવા ઈચ્છતા હતા. પરંતુ ભક્તિ માર્ગમાં જાતિ-વર્ગ કે ઊંચ-નીચનો પ્રશ્ન ન હતો. એટલે જ લોકો તેની છત્રછાયા નીચે આવ્યા.*

### 12.2.3 સરળ માર્ગ

*લોકો સમજી શકે એવા સરળ માર્ગની આવશ્યકતા એ પણ ભક્તિ આંદોલન માટે મહત્ત્વનું કારણ હતું. આ સમયે શંકરાચાર્યના શુદ્ધ અદ્વૈતવાદનો વ્યાપક પ્રસાર થયો હતો. પરંતુ શંકરાચાર્ય આ  જ્ઞાન માર્ગની ભાષા સામાન્ય જનતા સમજી શકે તેમ ન હતી.*

*સામાન્ય જનતાને પોતે સમજી શકે અને સરળતાથી જેનું આચરણ કરી શકે એવા માર્ગની જરૂર હતી. એટલે જ 'ભક્તિ'ના સરળમાર્ગને જનતાએ સીધો જ અપનાવી લીધો.*

### 12.2.4 ઈસ્લામના સંપર્કનું પરિણામ

*કેટલાક ઈતિહાસકારોના મતે ભક્તિ આંદોલન ઈસ્લામના સંપર્કનું પરિણામ હતું. ડૉ.તારાચંદ અને પ્રોફે.હુમાયુન કબીર આ મતના મુખ્ય સમર્થક હતા. ઈસ્લામ ધર્મના સાદા અને લોકશાહી ભાવનાવાળા વિચારોથી હિંદુઓ પર ખૂબ અસર થઈ હતી. જેના પરિણામે હિંદુસમાજમાં જ્ઞાતિવાદ અને ધાર્મિક કર્મકાંડો સામે એક પ્રકારનો વિરોધ પેદા થયો. ઈસ્લામના સંપર્કથી અનેક હિન્દુ સૂફી સંતોના શિષ્યો બની ગયા અને તેમના માર્ગથી હિન્દુઓમાં ઈશ્વરપ્રેમ તેમ જ ભક્તિનો ભાવ જાગૃત થયો. પરંતુ રામધારી દિનકર જેવા વિદ્વાનોએ આ મતની કડક ટીકા કરી છે. તેમના મતે તેને ઈસ્લામના સંપર્ક, પ્રભાવ કે આગમનનું પરિણામ ગણી શકાય નહિ. આ બંને મતની વચ્ચેના મધ્યમમાર્ગી ઈતિહાસકારો ભક્તિમાર્ગને હિંદુ ધર્મ અને ઈસ્લામના સમન્વયનું પ્રતીક માને છે.*

### 12.2.5 નાથ સંપ્રદાયની અસર

*નાથપંથી સંપ્રદાયના યોગીઓની અસર કબીર અને સંત જ્ઞાનેશ્વર જેવા એકેશ્વરવાદી સંતો પર થઈ હતી. આ સંપ્રદાયના યોગીઓ સામાન્ય રીતે જોગી તરીકે ઓળખાતા હતા. તેમનામાં પણ સિદ્ધ જોગી અવધૂત જેવા પેટા પંથો હતા. આ યોગીઓ ચમાર, કઠિયારા, મોચી, દરજી, ધોબી વગેરે નીચલા થરના લોકો હતા. આ યોગીઓ પણ હિન્દુ અને મુસ્લિમ ધર્મને લગતા ક્રિયાકાંડો, વ્હેમો, વિધિનિષેધો વગેરેનો વિરોધ કરતા હતા.*

*આ બધાં જ કારણો એ ભક્તિ આંદોલનના ઉદ્‌ભવ અને વિકાસમાં સહયોગ આપ્યો.*

## 12.3 ભક્તિ આંદોલનના મુખ્ય સિદ્ધાંતો

*ભક્તિ માર્ગના જુદા-જુદા નેતાઓના ઉપદેશ અને વિચારોમાં સંપૂર્ણ સમાનતા ન હતી. તેમ છતાં તેમના પ્રચારના મુખ્ય સિદ્ધાંતો ઘણા મળતા હતા. ભક્તિ આંદોલનના કેટલાક મુખ્ય સિદ્ધાંતો આ પ્રમાણે હતાં.*

- *એકેશ્વરવાદમાં શ્રદ્ધાએ ભક્તિમાર્ગનો મુખ્ય સિદ્ધાંત હતો. તેના સંતોએ ઉપદેશ આપ્યો કે હિન્દુઓના ભગવાન અને મુસલમાનોના અલ્લાહને અલગ-અલગ વિભાજિત કરી શકાય નહિ. તે એક જ છે.*
- *ભક્તિમાર્ગના સંતો સંસાર ચક્રમાંથી મુક્તિ માટે ભક્તિને જ સરળ સાધન માનતા હતા. તેઓ કહેતા કે મનુષ્યએ જો મોક્ષ પ્રાપ્ત કરવો હોય તો એકાગ્રતાથી અને શ્રદ્ધાથી ઈશ્વરની ભક્તિમાં પામી જવું જોઈએ.*
- *ભક્તિ આંદોલને આત્મસમર્પણના સિદ્ધાંતને સામે રાખ્યો હતો. તેના બધા સંતોએ વિચાર પ્રગટ કર્યો કે મનુષ્યએ ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જાતે ઈશ્વરના ચરણોમાં સમર્પિત થવું જોઈએ. આત્મસમર્પણની આ અવસ્થા ત્યારે*

*પ્રાપ્ત થઈ શકે છે, જ્યારે મનુષ્ય કામ, ક્રોધ, લોભ, અને મોહ ઉપર જીત મેળવીને ઈશ્વરની ભક્તિમાં રસ પેદા કરે.*

- *ગુરુભક્તિએ ભક્તિમાર્ગનો એક અગત્યનો સિદ્ધાંત છે. ભક્તિમાર્ગના સંતોના મતે ગુરુવગર ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. નાનક જણાવે છે કે "ગુરુ મુક્તિરૂપી નાવ છે. તે દિવ્યધામમાં પહોંચવાની સીડી છે. ગુરુ મનુષ્યના ઊંઘતા આત્માને જગાડે છે. અને તેને પ્રેમ, સેવા તથા ભક્તિના માર્ગ ઉપર ચાલતાં શીખવાડે છે.*
- *ભક્તિમાર્ગમાં સમાનતા અને માતૃભાવ (વિશ્વ બંધુત્વ) નો સિદ્ધાંત પણ સમાયેલો છે. તેના બધા જ સંતોએ બધા પ્રકારના ભેદભાવોને ભુલાવીને પ્રાણીમાંગની એકતા પર ભાર મૂક્યો, તેઓએ કહ્યું છે કે મનુષ્યની સમાનતાની ભાવનામાં જ માનવતા છુપાયેલી છે 'જાતિ પાંતિ પૂછે નહી કોઈ હરીકો ભજે સૌ હરી કા કોઈ' એ ભક્ત રામાનંદની વાણી ભક્તિ આંદોલનનું સૂત્ર બની ગયું હતું.*
- *ભક્તિમાર્ગના સંતોએ સારા કાર્ય અને મનની પવિત્રતાનો ઉપદેશ આપ્યો, તેઓએ હહ્યું છે કે ફક્ત પ્રાર્થનાઓ અને તીર્થયાત્રાઓથી મનુષ્ય મહાન બની શકતો નથી. ઈશ્વરને પ્રાપ્ત કરવા અને મનુષ્યને સફળ થવા માટે કર્મો, વચન અને મનની પવિત્રતા જરૂરી છે.*
- *ભક્તિ આંદોલનના કેટલાક સંતોએ સગુણ ઉપાસના પર ભાર મૂક્યો તો કેટલાકે નિગુર્ણ ઉપાસના પર ભાર મૂક્યો.*

- **'તમારી પ્રગતિ ચકાસો'-**

(1)*ભક્તિનો મુખ્ય આધાર ગ્રંથ શ્રીમદ ભાગવત છે. ચર્ચા કરો.*

____________________________________________________________________

(2)*ભારતમાં ભક્તિ આંદોલનના ઉદ્‌ભવ માટે ક્યાં કારણો જવાબદાર હતાં?*

____________________________________________________________________

(3)*ભક્તિ આંદોલનના સિદ્ધાંતોની ટૂંકમાં ચર્ચા કરો.*

**(4)સાચાં વિધાનો સામે (√) અને ખોટાં વિધાનો સામે (×) નિશાની કરો.**

(i) *ભક્તિ આંદોલનની શરૂઆત ઉત્તર ભારતમાંથી થઈ હતી.*

(ii) *શંકરાચાર્યએ વિશિષ્ટાદ્વૈતવાદની સ્થાપના કરી હતી.*

(iii) *એકેશ્વરવાદમાં શ્રદ્ધા એ ભક્તિમાર્ગનો મુખ્ય સિદ્ધાંત હતો.*

## 12.4 દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલન

*ઈ.સ. 7મી સદી દરમ્યાન ભક્તિ આંદોલનનો પ્રારંભ શૈવ નયનાર અને વૈષ્ણવ આલ્વારો નામના સંતોએ કર્યો હતો. આ સંતોમાંના કેટલાક સમાજના નીચલા વર્ગમાંથી આવતા હતા. તો કેટલીક સ્ત્રી સંતોનો પણ આ પરંપરામાં સમાવેશ થતો હતો. આ અલ્વારોની સંખ્યા બાર હતી. તેઓ તમામ જાતિઓનું પ્રતિનિધિત્વ કરતાં હતા. બ્રાહ્મણ ક્ષત્રીય, સ્ત્રીઓ, લૂંટારાઓ અને પનાર નામની દલિત જાતિનો તેમાં સમાવેશ થતો હતો. આ સંતોએ ભક્તિનું સ્વરૂપ સાદું, ધાર્મિક અને ભાવનાશીલ રાખ્યું હતું. તેમણે ઈશ્વરની સાદી ભક્તિ, પ્રાર્થના અને સગુણ ઉપાસના ઉપર ભાર મૂક્યો. આલ્યારો પહેલાં વૈષ્ણવ ભક્તિ ઉચ્ચવર્ણના અમુક ધાર્મિક વર્ગ પૂરતી મર્યાદિત હતી. તેમણે એ વર્ગના બંધનમાંથી ભક્તિને મુક્ત કરીને બધા વર્ગ અને બધી કોમોના લોકો માટે સુલભ અને સાધ્ય બનાવી દીધી. તેમણે જ્ઞાતિપ્રથા તેમ જ સામાજિક ઊંચનીચના ભેદભાવોની પરવા કર્યા વગર ભક્તિ અને પ્રેમનો સંદેશ દક્ષિણ ભારતના વિવિધ ભાગોમાં ફેલાવ્યો. આ માટે તેમણે સંસ્કૃતને બદલે લોકો સમજી શકે તેવી લોકભાષા તામિલમાં ગીતો રચ્યાં. આ ગીતો સરળ, મધુર, રસપૂર્ણ અને ભાવનાથી ભરપૂર હોવાને કારણે સામાન્ય પ્રજાએ તેમને લગભગ આત્મસાત કરી લીધાં. આલ્વરોના પ્રયત્નોથી દક્ષિણ ભારતમાં બધી જ કોમોના લોકોમાં વૈષ્ણવભક્તિનો વ્યાપક પ્રચાર થવા લાગ્યો. તેના પરિણામે સામાજિકઅને ધાર્મિક ક્ષેત્રે સુધારણા પણ થવા લાગી. આમ આલ્વરોએ જગાવેલું ભક્તિ આંદોલન દક્ષિણ ભારતમાં વ્યાપક ક્ષેત્રે લોક આંદોલન બન્યું. અલ્વાર ભક્તો નીચી ગણાતી કોમના હતા છતાં તેમના સદગુણો અને ભક્તિમાં તરબોળ જીવનને લઈને સમાજમાં ઉચ્ચસ્થાને તેમની પ્રતિષ્ઠા થઈ. એમાંના કેટલાક અલ્વારોની પ્રતિમાને વિષ્ણુની પ્રતિમા સાથે સ્થાપીને તેની પૂજા પણ થવા લાગી. 9મી સદીમાં થયેલા નાથમુનિએ આલ્વાર રચિત ભક્તિ ગીતોને 'પ્રબંધમ્' માં સંગ્રહિત કર્યા. આ 'તામિલ પ્રબંધમ્' ને ભક્તિ આંદોલનનો આદિગ્રંથ ગણી શકાય.*

આ આંદોલને દક્ષિણ ભારતના શુષ્ક ધાર્મિક જીવનને પુનઃધબકતું કર્યું. લોકો ધર્મને આધાર બનાવીને પુનઃ સંગઠિત થઈ શક્યા. તેઓ રૂઢિચુસ્ત બ્રાહ્મણોનો સામનો કરવા માટે શક્તિશાળી બન્યા.તેમના ધર્મનો ઠેકો ખૂટવા લાગ્યો. તેમ છતાં આ સંતો ઉગ્ર ન હોવાને કારણે તેમનો જાતિવાદ સામેનો વિરોધ ઘણો જ સૌમ્ય રહ્યો. તેમણે ભક્તિને ઉપાસનાના એક ઊંચા પ્રકાર તરીકે સ્વીકાર્યો. તેમ છતાં તેમણે બ્રાહ્મણોના કર્મકાંડ જેવા કે મૂર્તિપૂજા વૈદિક મંત્રો, તીર્થાટન વગેરેનો ત્યાગ કર્યો નહી. તેઓ ઉત્તરના સંતોની જેમ વધારે ફેરફાર કરી શક્યા નહિ કારણકે તેમનો મુખ્ય આશય તો બૌદ્ધ અને જૈન ધર્મનું ખંડન કરવાનો હતો. આમ છતાં આ સંતોને બ્રાહ્મણો પાસેથી નીચલી જાતિઓના પ્રાર્થના, ભક્તિ તેમ જ વેદોના અધ્યયનના અધિકારો સ્વીકારવામાં સફળતા મળી.

દક્ષિણ ભારતમાં ભક્તિમાર્ગના પ્રવર્તક સંતોમાં મહત્ત્વના સંતો નીચે પ્રમાણે હતા.

- **રામાનુજાચાર્ય**

ભક્તિ આંદોલનના સૌથી પ્રથમ પ્રવર્તક વૈષ્ણવ આચાર્ય રામાનુજાચાર્યનું સ્થાન મહત્ત્વનું છે. તેમનો જન્મ ઈ.સ.1017ની આસપાસમાં દક્ષિણ ભારતના ચેન્નાઈ નજીક આવેલા પેરામ્બદુરમાં થયો હતો. તેમના પિતાનું નામ અસૂરી કેશવ સોમયાજી અને માતાનું નામ ક્રાંતિમતી હતું. તેઓ બાળપણથી પ્રતિભાશાળી હતા. તેમને વિદ્યાપ્રાપ્તિની તીવ્ર ઈચ્છા હોવાથી તે કોઈ એક ઉત્તમ ધર્મગુરુની શોધમાં રહેતા હતા. તેમને અદ્વૈતવાદના મહાન વિદ્વાન ધર્માચાર્ય યાદવપ્રકાશ સાથે મેળાપ થયો. તેમની પાસે રહી વેદ-વેદાંતોનો અભ્યાસ કર્યો. તે સમયના પ્રસિદ્ધ વિદ્વાન યામુનાચાર્ય પાસે તેઓએ દીક્ષા લીધી અને પાછળથી તે શુંગેરીમઠમાં તેમની ગાદી ઉપર પ્રતિષ્ઠિત થયા. રામાનુજનું જીવન બહુમુખી હતું તેમ જ કાર્યક્ષેત્ર વ્યાપક હતું. તેઓ ભક્તિને દાર્શનિક આધાર પ્રદાન કરવાવાળા પ્રથમ આચાર્ય હતા. તેમણે સમાજ સુધારણાના ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન થાય તેવા પ્રયન્તો કર્યા, તેમના સુધારણા કાર્યક્રમમાં મંદિર સુધારણા, અંત્યજોને વેદ અભ્યાસનો અધિકાર આપવો, શુદ્રોમાં ભક્તિનો પ્રચાર કરવો અને વર્ષમાં એક દિવસ શુદ્રોને મંદિરમાં પ્રવેશવાનો અધિકાર આપવાનો સમાવેશ કર્યો હતો. તેમણે શૂદ્રોને ભાગવત દર્શન તેમ જ મોક્ષનો અધિકાર આપીને ઈસ્લામ ધર્મ અંગીકાર કરતાં રોક્યા હતા. તેમને શૈવધર્મી ચોલ નરેશ કલોતુંગ 1 લાએ ઘણા હેરાન કર્યા. આથી જીવના રક્ષણ માટે રામાનુજ ત્રીચનાપલ્લી છોડીને મૈસુરના હોયસલ નરેશ વિષ્ણુવર્ધનની રાજ્યસભામાં આશ્રય લીધો હતો. રાજાએ તેમનાથી પ્રભાવિત થઈ પોતાના નામ વિટીગને બદલે વિષ્ણુવર્ધન રાખીને વૈષ્ણવ સંપ્રદાય સ્વીકાર્યો હતો. તેમણે મૂળ ધાર્મિક ગ્રંથોના આધાર ઉપર વિશિષ્ટ દ્વૈતવાદની સ્થાપના કરી. આમ જનતા ઉપર તેમના ઉપદેશોનો ઘણો જ પ્રભાવ પડ્યો અને ધીમે-ધીમે તેમના અનુયાયીઓની સંખ્યા મોટા પ્રમાણમાં વધી હતી. તેમનો સંપ્રદાય 'શ્રી સંપ્રદાય' તરીકે તેમજ તેમના અનુયાયીઓ 'વૈષ્ણવ' તરીકે ઓળખાય છે.

રામાનુજાચાર્ય વેદાંતસાર, વેદાંતદીપ, વેદાંત સંગ્રહ જેવા ગ્રંથો રચેલા છે. અને બ્રહ્મસૂત્ર તેમ જ ભગવદગીતા ઉપર ભાષ્યો પણ લખેલાં છે.

- **નિમ્બાર્કાચાર્ય**

*રામાનુજાચાર્યના સમકાલીન નિમ્બાર્ક દક્ષિણના તેલુગુ બ્રાહ્મણ હતા. તેમનું જન્મ સ્થળ બેલ્લરી નજીક નિમ્લપુર હતું. પરંતુ તેમણે પોતાનું મોટાભાગનું જીવન ઉત્તરભારતના વૃંદાવનમાં વીતાવ્યું હતું. તેથી તેમના અનુયાયીઓ ઉત્તરભારતમાં મોટાં પ્રમાણમાં જોવા મળે છે. તેમણે સૌ પ્રથમ વૈષ્ણવ ભક્તિમાં કૃષ્ણ અને રાધાની ભક્તિને અગ્રસ્થાન આપ્યું. તેમણે 'દ્વૈતા દ્વૈતવાદ'નો સિદ્ધાંત આપ્યો હતો. તેમનો સંપ્રદાય 'સનક સંપ્રદાય'ના નામે ઓળખાય છે. રામાનુજાચાર્ય ભક્તિ ધ્યાનરૂપ અને નિમ્બાકાચાર્યની ભક્તિ રસરૂપ હતી.*

*નિમ્બાર્કે બ્રહ્મસૂત્ર ઉપર ભાસ્ય લખેલું છે. તેનું નામ 'વેદાંત પારિજાત સૌરભ' છે. તેમણે રચેલો બીજો ગ્રંથ 'સિદ્ધાંતરત્ન' છે. તેમણે 'દશ શ્લોકો'ની રચના કરી હતી. જે ત્રણ વાસ્તવિકતાઓ (ત્રિ-તત્ત્વ), બ્રહ્મ (કૃષ્ણા), આત્મા (ચિત્ત) અને પદાર્થ (અચિત) સાથે સંબંધ ધરાવે છે.*

- **મધ્વાચાર્ય**

*મધ્વાચાર્યનો જન્મ ઈ.સ.1238માં દક્ષિણ ભારતના ઉડિપી જિલ્લના પાજક નામના ગામમાં થયો હતો. તેમનું મૂળ નામ વાસુદેવ હતું. તેમણે પચ્ચીસ વર્ષની ઉંમરે સંન્યાસી બનીને મધ્વાચાર્ય નામ ધારણ કર્યું હતું. તેમને વાયુના ત્રીજા અવતાર તરીકે માનવામાં આવે છે. તેઓ 'દ્વૈતવાદ'ના સ્થાપક હતા. તેમનો સંપ્રદાય 'સત કે બ્રહ્મા' સંપ્રદાય તરીકે ઓળખાય છે. તેમણે મોક્ષપ્રાપ્તિ માટે જ્ઞાન, કર્મ અને ભક્તિને આવશ્યક ગણાવ્યાં હતાં. તેમણે ઉપદેશ આપ્યો હતો કે ઈશ્વરને વિષ્ણુરૂપે ભજવાથી મોક્ષ મળે છે.અને આ માટે બ્રાહ્ય ક્રિયાકાંડ ની કોઈ જરૂર નથી. તેમણે શૂદ્રોને પણ ભક્તિમાર્ગમાં સામેલ કર્યા. તેમણે દેશનો પ્રવાસ કરીને નિરક્ષરતા, ગૌરક્ષા, અને જાતિવાદ સામે ઝુંબેશ ચલાવી હતી. તેમણે યજ્ઞોમાં પશુબલી ચઢાવવાનો રિવાજ બંધ કરાવ્યો હતો. દક્ષિણ ભારતમાં ભાગવત ધર્મનાં મૂળ ઊંડા નાખવામાં એમના સંપ્રદાયનો ફાળો ઘણો મોટો છે. મધ્વાચાર્યએ પોતાનું પ્રસિદ્ધ ગીતા ભાષ્ય ઉડુપીની પવિત્ર ભૂમિ પરથી લખ્યું હતું.*

- **'તમારી પ્રગતિ ચકાસો' 2**

1) *દક્ષિણ ભારતમાં ભક્તિ આંદોલનના આલ્વારોના પ્રદાનનો ખ્યાલ આપો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

2) *નીચેના દરેક વિશે પાંચ-પાંચ વાક્યો લખો.*

(i) *રામાનુજાચાર્ય*

(ii) *નિમ્બાર્કાચાર્ય*

(iii) *મધ્વાચાર્ય*

અ. **વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે જોડો.**

(i)

| અ | | બ |
|---|---|---|
| આચાર્ય | | વિચારધારાવાદ |
| 1. રામાનુજાચાર્ય | - | A દ્વૈત |
| 2. નિમ્બાર્કચાર્ય | - | B વિશિષ્ટા દ્વૈત |
| 3. મધ્વાચાર્ય | - | C દ્વૈતા દ્વૈત |
| 4. શંકરાચાર્ય | - | D અદ્વૈતવાદ |

(ii)

| અ | | બ |
|---|---|---|
| સંપ્રદાય | | સંસ્થાપક |
| 1. સ્મૃતિ સંપ્રદાય | - | A નિમ્બાર્ક |
| 2. શ્રી સંપ્રદાય | - | B મદવાચાર્ય |
| 3. બ્રહ્મા સંપ્રદાય | - | C રામાનુજાચાર્ય |
| 4. સનક સંપ્રદાય | - | D શંકરાચાર્ય |

**બ. નીચેનામાંથી કયો સાચો કાલક્રમ છે.**

(A) શંકરાચાર્ય-રામાનુજ-ચૈતન્ય (B) રામાનુજ- શંકરાચાર્ય-ચૈતન્ય
(C) રામાનુજ- ચૈતન્ય- શંકરાચાર્ય (D) શંકરાચાર્ય-ચૈતન્ય-રામાનુજ

ક. દક્ષિણ ભારતના __________ સંતે પોતાનું મોટાભાગનું જીવન ઉત્તરભારતના વૃંદાવનમાં વીતાવ્યું હતું.

(A) રામાનુજાચાર્ય (B) નિમ્બાર્કચાર્ય (C) મધ્વાચાર્ય (D)વિષ્ણુસ્વામી

ડ. દક્ષિણ ભારતના વૈષ્ણવ સંતોને __________ કહે છે.

(A) ભગવત (B) નયનાર (C) અલવાર (D) વીરશૈવ

## 12.5 ઉત્તરભારતમાં ભક્તિ આંદોલનનો ઉદય

13મી થી 15મી સદી દરમ્યાન ઉત્તર ભારત, પૂર્વ ભારત અને મહારાષ્ટ્રમાં પણ સામાજિક ધાર્મિક આંદોલનો થયાં. આ આંદોલનના સંતોએ પણ ભક્તિ અને માનવ સમાનતા ઉપર ભાર મૂક્યો. આમ આ આંદોલન દક્ષિણ ભારતના આંદોલનના પૂરકરૂપ હતું. ઉત્તરભારતમાં રામાનંદ જેવા મહાન સંતે ભક્તિ આંદોલનના શ્રીગણેશ કર્યા. તેમણે જનભાષાના માધ્યમ દ્વારા દક્ષિણી વૈષ્ણવ ભક્તિનાં દ્વાર ઉત્તરમાં બધાને માટે ખોલી નાખ્યા. આલ્વાર ભક્તિનાં બધાં ઉમદા તત્ત્વોને અપનાવી લઈને તેમાં આવશ્યક તત્ત્વો ઉમેરીને રામાનંદે ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલન શરૂ કર્યું. મધ્વાચાર્યની કૃષ્ણભક્તિ

*બંગાળમાં ચૈતન્યે આગળ વધારી. એ જ રીતે બંગાળનો ભક્તિમાર્ગ નિમ્બાર્કની કૃષ્ણભક્તિની ફિલસૂફી પર આધારિત કહી શકાય. કબીર અને નાનકના એકેશ્વરવાદને બાદ કરતાં ઉત્તર ભારતની ભક્તિ પ્રણાલિકા દક્ષિણ ભારતની ભક્તિ પ્રણાલિકા સાથે મળતી આવે છે. બંનેએ નીચલી જાતિના લોકોને ભક્તિમાર્ગે વાળ્યા અને સામાજિક ભેદભાવોનો વિરોધ કર્યો. દક્ષિણની ભક્તિધારામાંથી ઉત્તરભારતમાં સગુણ અને નિર્ગુણ એમ બે ભક્તિધારાઓનું નિર્માણ થયું. દા.ત. કબીર, નાનક અને રૈદાસ ઈશ્વરના નિર્ગુણ સ્વરૂપમાં માનતા અને એકેશ્વરવાદી સંતો હતા. જ્યારે ચૈતન્ય, વલ્લભચાર્ય વગેરે ઈશ્વરના સગુણ સ્વરૂપમાં માનતા અને તેઓ મૂર્તિપૂજામાં શ્રદ્ધા ધરાવતા હતા. તે જ રીતે મહારાષ્ટ્ર અને ગુજરાતના સંતોનો ભક્તિ વિષેનો ખ્યાલ બંગાળના સંતોના ખ્યાલથી જુદો હતો.*

## 12.6 ઉત્તરભારત, બંગાળ તથા મહારાષ્ટ્રનાં આંદોલનો

*આ વિભાગમાં ઉત્તરભારત, બંગાળ તથા મહારાષ્ટ્રના મુખ્ય ભક્તિ આંદોલનની ચર્ચા કરવામાં આવી છે. જેમાં નિર્ગુણ તથા સગુણ સ્વરૂપનાં આંદોલનોનો સમાવેશ થાય છે.*

### 12.6.1 એકેશ્વરવાદી ભક્તિ આંદોલનો

- **કબીર (1440-1510)**

*એકેશ્વરવાદી પરંપરામાં કબીર સૌથી મહત્ત્વપૂર્ણ સંત હતા. કવિ કબીરનું જીવનવૃત્તાંત વિશેષ કરીને લોકકથાઓ ઉપર આધારિત છે કહેવાય છે. કે તેમને કોઈ એક વિધવા બ્રાહ્મણ સ્ત્રીએ ઈ.સ. 1440માં કાશી નજીક જન્મ આપ્યો હતો. તેઓ મા-બાપે ત્યજી દીધેલા અનાથ બાળક હતા. તેમનું પાલન પોષણ નીરૂ નામના જુલાહા (મુસ્લિમ વણકર) ને ત્યાં થયું હતું. તેમણે મોટાભાગનું જીવન બનારસમાં ગાળ્યું હતું. કબીર રામાનંદને પોતાના ગુરુ માનતા હતા. તેમણે ધર્મ અને સમાજમાં ઘર કરી ગયેલી રૂઢિઓ, ખોટી પરંપરાઓ અને અંધ-શ્રદ્ધાનો જોરદાર વિરોધ કર્યો. તેમણે સ્વાર્થ, જુઠ અને પાખંડથી દુર રહેવા અને સચ્ચાઈ, ઈમાનદારી અને દયા સાથે જીવન જીવવા કહ્યું હતું. ભક્તિમાર્ગના પ્રવર્તકોમાં કબીરે હિન્દુ-મુસ્લિમ એકતાનો સમન્વય સાધ્યો હતો. તેમનો પંથ 'કબીર પંથ' કહેવાતો. તેઓ નિરાકાર નિર્ગુણના પ્રથમ ઉપાસક હતા. તે કહેતા કે 'ઈશ્વર આગળ બધા માણસો સરખા છે, ઈશ્વર દરેકના હૃદયમાં વસે છે.' તેમના મતે 'રામ અને રહીમ' એક જ વ્યક્તિનાં જુદાં નામો છે. તેમ જ પ્રેમ અને ભક્તિ દ્વારા મોક્ષ મળી શકે છે.*

*બનારસના આ સંતની કવિતાઓ શીખોના પવિત્ર ગ્રંથ 'ગુરુ ગ્રંથસાહેબ'માં પણ જોવા મળે છે. 'બીજક' તેમનો કવિતા સંગ્રહ છે. તેમજ કબીર ગ્રંથાવલી અને અનુરાગસાગર તેમની કૃતિઓ છે.*

- **રૈદાસ**

*રામાનંદના શિષ્ય અને કબીરના ગુરુબંધુ રૈદાસ પણ પ્રસિદ્ધ સંત હતા. તેમનો જન્મ કાશીમાં થયો હતો. તેમના પિતાનું નામ રઘુ અને માતાનું નામ ધુરવિનિયા હતું. તેઓ પણ કબીરની જેમ ગૃહસ્થી અને નિર્ગુણના ઉપાસક હતા. તેઓ જ્ઞાતિએ મોચી હોવા છતાં પ્રભુકૃપાથી ઉચ્ચકોટીના સંત બન્યા હતા. તેઓ શરૂઆતથી જ પરોપકારી અને દયાળુ હતા. બીજાને સહાયતા કરવામાં તે માનતા હતા. સૌને પ્રત્યે તેઓ સમભાવ રાખતા. ભક્તિના નામ પર થતા વિવાદને તેઓ અર્થહીન માનતા હતા. તેઓ નાત-જાતના વિરોધી હતા. તેઓ તીર્થયાત્રા, વ્રત, ટીલાં તાણવાં વગેરે બાહ્ય આડંબરોને વ્યર્થ માનતા અને મન તથા હૃદયની શુદ્ધિ પર ભાર મૂકતા. તેમનું કથન હતું કે 'બધામાં હરી છે અને બધા હરીમાં છે.' તેઓ હિન્દુ-મુસ્લિમ વચ્ચે કોઈ ભેદભાવ રાખતા નહી. કબીરે રૈદાસને સંતોના સંત તરીકે ઓળખાવ્યા છે. રૈદાસજીના નામ પરથી 'રૈદાસી' કે 'રવિદાસી' પંથ થયો, ગુજરાતમાં આ રવિદાસી પંથના ઘણા અનુયાયીઓ જોવા મળે છે.*

- **ગુરુનાનક (ઈ.સ.1469-1539)**

*શીખ ધર્મના સ્થાપક ગુરુનાનક નિર્ગુણ શાખાના સંત હતા. તેઓ પંજાબમાં ભક્તિ આંદોલનના અગ્રદૂત હતા. તેમનો જન્મ ઈ.સ. 1469માં પંજાબના લાહોર નજીક તલવંડી ગામમાં એક ખત્રી કુટુંબમાં થયો હતો. આ સ્થળ અત્યારે નાનકડા તરીકે ઓળખાય છે. તે હાલમાં પાકિસ્તાનમાં આવેલું છે. તેમનો ધર્મ ઉપદેશ માનવબંધુત્વનો હતો. તેઓ મહાન માનવતાવાદી હતા અને સર્વધર્મની સમાનતામાં માનતા હતા. તેમણે સમગ્ર ભારતમાં પ્રવાસ કર્યો. ઉપરાંત શ્રીલંકા, અરબસ્તાન, ઈરાન વગેરે દેશોનો પ્રવાસ કરીને પોતાના વિચારોનો પ્રચાર કર્યો. તેઓ વિદેશ યાત્રા પછી પંજાબના કરતારપુર (દેશ નાનક બાબા) માં સ્થિર થયા હતા. તેમણે કબીરની જેમ હિંદુત્વ અને ઈસ્લામોનો સુંદર સમન્વય સાધ્યો. તેમણે ઉપદેશ આપ્યો હતો કે "કોઈ હિંદુ નથી, કોઈ મુસ્લિમ નથી. એક અકાળ સ્વરૂપ પ્રભુ અને બાકી બધા હંદ છે." તેમણે હિંદુધર્મના બાહ્ય આડંબરો, જાતિપ્રથા, મૂર્તિપૂજા, તેમજ હિંદુ-મુસ્લિમ ધાર્મિક કટ્ટર વિરોધ કર્યો. કબીરની માફક તે માનતા કે મોક્ષપ્રાપ્તિ માટે સાચા ગુરુના શરણે જવું જોઈએ. નાનકદેવને તેમની હયાતીમાં હિંદુઓ ગુરુ કહેતા હતા અને મુસલમાનો પીર કહેતા હતા. તેમના શિષ્યો પાછળથી શીખ નામે ઓળખાયા. પંજાબમાં નીચલા થરના લોકોનો ઉદ્ધાર તેમણે કર્યો હતો. તેમણે સત્ય, હલાલ (ઈમાનદારીથી કમાણી કરવી), ખૈર (લોકોની સલામતી માટે પ્રાર્થના કરવી) નિયત (નિષ્ઠા અને યોગ્ય ભાવના) તથા ઈશ્વરની સેવાનો ઉપદેશ આપ્યો. તેઓ જાતિવાદના વિરોધી હોવાથી તેમણે લંગર (સામુહિક ભોજન)ની સ્થાપના કરી. ગુરુ નાનકદેવની કૃતિઓ 'ગુરુ ગ્રંથસાહેબ' (આદિગ્રંથ)માં સંગ્રહિત થયેલી છે.*

*ગુરુ નાનકના અવસાન બાદ શીખધર્મમાં ગુરુ પરંપરાની શરૂઆત થઈ. આ પરંપરામાં મૂળ દશ ગુરુઓનો સમાવેશ થાય છે. છેલ્લા દસમા ગુરુગોવિંદસિંહ હતા.*

*તેમના અવસાન બાદ ગુરુ પરંપરાનો અંત આવ્યો અને ગુરુ 'ગ્રંથ સાહેબ' જ શીખધર્મના માર્ગદર્શક તરીકે સ્વીકૃત બન્યા.*

**અન્ય સંતો**

*અન્ય નિર્ગુણપંથી સંતોમાં ધન્ના, સેના અને પીપાજી મહત્ત્વનાં હતા. આ સંતોમાં ધન્ના ઝાર ખેડૂત હતા, સેના વાળંદ હતા અન પીપાજી ભગત નીચલા કુળના રાજપૂત હતા તો પણ તેમણે પોતાના ઉપદેશ, જીવન અને આચરણથી ઉચ્ચ વર્ણના હિંદુઓને પ્રભાવિત કર્યા હતા.*

## 12.6.2 ઉત્તર ભારતમાં વૈષ્ણવભક્તિ આંદોલન

12*મી અને* 13*મી સદીમાં ઉત્તર ભારતની ધાર્મિક અવસ્થાને સુધારવા માટે દક્ષિણ ભારતનું ભક્તિ આંદોલન સમર્થ હતું. પરંતુ સબળ અને યોગ્ય માધ્યમને અભાવે ઉત્તરમાં એનો વિશેષ પ્રભાવ પડી શક્યો ન હતો. છેક* 14*મી સદીના ઉતરાર્ધમાં રામાનંદ ઉત્તર ભારતમાં પ્રભાવ પાડવામાં સફળ થયા. સલ્તનકાળમાં રામાનંદ, વલ્લભચાર્ય વગેરેએ અલગ વૈષ્ણવમાર્ગ અપનાવ્યો.*

- **રામાનંદ**

*ભક્તિ આંદોલનને દક્ષિણભારતમાંથી ઉત્તરભારતમાં લાવીને પ્રચાર કરવાનું શ્રેય રામાનંદના ફાળે જાય છે. રામાનંદનો જન્મ ઈ.સ.*14*મી સદીના ઉતરાર્ધમાં પ્રયાગમાં એક કાન્યકુમ્બજ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેઓ ઉત્તર ભારતમાં વૈષ્ણવભક્તિના મુખ્ય પ્રવર્તક હતા. રામાનંદે મોક્ષપ્રાપ્તિ માટે ભક્તિને સર્વોચ્ચ સાધન માન્યું હતું. તેમણે જાતિ પ્રથાનો વિરોધ કર્યો અને બધા વર્ગો તથા જાતિના લોકોને પોતાના શિષ્ય બનાવ્યા. સમાનતા અને માનવતાના ઉપાસક આ સંતના પ્રથમ બાર શિષ્યોમાં રૈદાસ ચમાર, કબીર વણકર, ઘન્તાઝાટ (ખેડૂત), સેના વાળંદ અને પીપા વગેરે હતા. તેઓ બ્રાહ્મણ હોવા છતાં હલકા કુળના અનુયાયીઓ સાથે ભોજન લેતા. રામાનંદના સંપ્રદાયમાં સ્ત્રીઓનો પણ સમાવેશ થતો હતો. તેમના સર્વ શિષ્યો 'રામાનંદી' તરીકે ઓળખાતા હતા. તેઓ પહેલા સુધારક હતા જેમણે પોતાના ઉપદેશના પ્રચાર માટે સંસ્કૃતને બદલે હિન્દી ભાષાનો ઉપયોગ કર્યો હતો. તેમના શિષ્યોએ એ બાબતમાં તેમનું અનુકરણ કર્યું હતું. આ કારણથી માનવમાતની તેમની એકતાની વાતો સમાજની અભણ ગ્રામ્ય પ્રજા સુધી પણ પહોંચી હતી. તેમનો મૂળ મંત્ર હતો. "જાતિ પ્રાંતિ પૂછે નહિ કોઈ, હરિકો ભજે સૌ હરિકા કોઈ." રામાનંદના વિચારો માટે નાભાજીની 'ભક્તમાલા' પ્રખ્યાત બનેલી છે.*

- **વલ્લભાચાર્ય :**

*વલ્લભાચાર્ય ઉત્તરભારતના વૈષ્ણવભક્તિના મહાન સંત હતા. તેમનો જન્મ ઈ.સ.*1479*માં બિહારના ચંપારણમાં મહાનદીને કિનારે દક્ષિણના તૈલંગી બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમણે કાશીમાં રહી વેદ, ઉપનિષદ, દર્શનસૂત્રો, સ્મૃતિઓ, ઈતિહાસ, પુરાણો વગેરેનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમણે ઉત્તરભારતમાં વસવાટ કરીને*

કૃષ્ણભક્તિનો પ્રચાર કર્યો. તેમનું મોટાભાગનું જીવન વ્રજ પ્રદેશ (ઉત્તરપ્રદેશ) માં પસાર થયું. તેમણે વૈષ્ણવ ધર્મમાં પુષ્ટિમાર્ગની સ્થાપના કરી. તેમણે સમગ્ર ભારતનો પ્રવાસ કરીને પોતાના ધાર્મિક વિચારોનો પ્રચાર કર્યો. રામેશ્વરથી હરદ્વાર અને દ્વારકાથી જગન્નાથપુરી સુધીનાં તીર્થોમાં ત્રણ વાર પર્યટન કરીને એમણે પુષ્ટિમાર્ગનો પ્રચાર કર્યો. આજે એ સ્થળો 'બેઠકો' તરીકે ઓળખાય છે. તેમના મતે કૃષ્ણ એ જ પૂર્ણપુરુષોત્તમ પરબ્રહ્મ છે. જન્મ મરણના બંધનમાંથી છૂટવાનો અને પરમાત્માને મળવાનો ઉત્તમ માર્ગ ભક્તિ છે અને આ ભક્તિ કોઈ પણ નાતજાત કે વર્ણના ભેદભાવ વગર બધા મનુષ્યો કરી શકે છે. તેમણે 'શુદ્ધા દ્વૈત' સિંદ્ધાંત સ્થાપના કરી. તેમનો સંપ્રદાય રુદ્ર સંપ્રદાય' તરીકે ઓળખાય છે. સુરદાસ સહીત સાત શિષ્યોએ તેમની પરંપરાને આગળ વધારી હતી. પુષ્ટિમાર્ગ ગુજરાત અને રાજસ્થાનમાં વિશેષ પ્રચલિત થયો. તેમણે વિજયનગરના મહાન શાસક કૃષ્ણદેવરાયની સભામાં સૈવ આચાર્યો અને પંડિતોને શાસ્ત્રાર્થમાં પરાજિત કરીને વિજય પ્રાપ્ત કર્યો હતો. વલ્લભાચાર્યે બ્રહ્મસૂત્ર પર 'અણુભાષ્ય' રચ્યું છે. તેમણે ષોડશગ્રંથ, ગાયત્રીભાષ્ય, તત્વાર્થદીપ નિબંધ, સુબોધિની, પત્રાવલંબન જેવા અનેક ગ્રંથોની રચના કરી છે.પુષ્ટિમાર્ગના સ્થાપક તરીકે શ્રીમદ્ વલ્લભાચાર્યનું નામ વૈષ્ણવ ધર્મના ઈતિહાસમાં અગ્રીમ સ્થાન ધરાવે છે. આજે બધા જ વૈષ્ણવો તેમને મહાન આચાર્યગણી તેમનું પૂજન કરે છે.

ઉત્તરભારતમાં મોગલકાળ દરમ્યાન તુલસીદાસ અને સૂરદાસ જેવા સંતોએ ભક્તિ અંદોલનને લોકપ્રિય બનાવ્યું હતું. તુલસીદાસનો જન્મ વર્તમાન બાંદા જિલ્લાના રાજપુર ગામમાં એક બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમણે રામના વતન અયોધ્યામાં વસવાટ કરી વિખ્યાત ગ્રંથ 'રામચરિતમાનસ'ની અવધી ભાષામાં રચના કરી હતી. તેમણે રામભક્તિનો પ્રચાર કર્યો. તેમણે 'વિનયપત્રિકા' અને 'કવિતાવલી' જેવી કેટલીક કૃતિઓ પણ લખી હતી. જ્યારે સૂરદાસ ધર્મગુરુ વલ્લભાચાર્યના શિષ્ય હતા. વ્રજમાં રહીને તેમણે પોતાની કૃતિ 'સૂરસાગર' માં કૃષ્ણાની બાલ્યાવસ્થા અને યુવાવસ્થાની કીર્તિગાથાઓ ગાઈ હતી. તેમ જ 'સાહિત્ય રત્ન', 'સૂર સ્વરાવલી' અને 'સાહિત્ય લહરી' જેવી કૃતિઓની રચના કરી હતી.

### 12.6.3 બંગાળમાં ભક્તિ આંદોલન

બંગાળનું ભક્તિ આંદોલન ઉત્તરભારત અને દક્ષિણ ભારતનાં આંદોલન કરતાં અનેક રીતે જુદું પડતું હતું. બંગાળના ભક્તિ આંદોલનનું મૂળ ભાગવત પુરાણમાં રહેલું છે. બંગાળી ભક્તિ આંદોલન ઉપર નામપંથીઓની તથા મહાયાન બૌદ્ધોની વ્યાપક અસર જોવા મળે છે. આ આંદોલન શરૂ કરવાનો શ્રેય 12મી સદીમાં થઇ ગયેલા ગીતગોવિંદના રચિયતા જયદેવને આપી શકાય. જયદેવ પછી ચંડીદાસ(14મી સદી) અને પદાવલીના રચિયતા વિદ્યાપતિ (14-15મી સદી)એ બંગાળમાં વૈષ્ણવ ભક્તિ આંદોલનનો પ્રચાર કર્યો.

- **ચૈતન્ય**

*વૈષ્ણવધર્મની આચાર્ય પરંપરાના છેલ્લા એવા ચૈતન્ય મહાપ્રભુ વલ્લભાચાર્યના સમકાલીન હતા. બંગાળ અને ઓરિસ્સામાં વૈષ્ણવવાદને લોકપ્રિય બનાવવાનું શ્રેય તેમને મળે છે. તેમનો જન્મ નદિયા (નવદીપ)માં ઈ.સ. 1486માં એક વિદ્વાન બ્રહ્માણ કુટુંબમાં થયો હતો. તેમનું મૂળનામ વિશ્વંભર મિશ્રા હતું. તેઓ દેખાવે સુંદર હોવાથી "ગૌરાંગ પ્રભુ"ના નામથી પણ ઓળખાતા હતા. તેમની માતા તેમને નિમાઈના નામથી બોલાવતા હતાં. તેમની પ્રેમ સમાધિને લીધે તેઓ ખૂબ પ્રસિદ્ધ હતા. તેમણે કૃષ્ણભક્તિને પૂર્વભારતમાં પ્રચલિત કરી હતી. તે કૃષ્ણભક્તિની મસ્તીમાં 'હરે કૃષ્ણ હરે કૃષ્ણ' ની ધૂન લગાવતા. તેમણે જાતિવાદ અને ઊંચનીચના ભેદભાવોનો સખત વિરોધ કર્યો હતો. તેમના અનુયાયીઓ તમામ જાતિ અને ધર્મના લોકો હતા. તેમનો હરિદાસ નામનો માનીતો શિષ્ય મુસલમાન હતો. ઓરિસ્સાના શાસક પ્રતાપરુદ્ર પણ તેમના શિષ્ય હતા. તેમને વિશ્વાસ હતો કે પ્રેમ અને ભક્તિથી તથા નૃત્ય અને ગીતો (કીર્તન)થી ભગવાનને પોતાની પાસે લાવવાનો અનુભવ કરી શકાય છે. તેમણે બંગાળમાં કાલીપૂજા અને શાક્તોના બાહ્યાડંબરો સામે આંદોલન જગાવી લોકોને ભક્તિના સરળ માર્ગ તરફ દોર્યા. તેના પરિણામે કાળીપૂજામાં અપાતો પશુબલી બંધ થયો. આમ છતાં તેમણે હિન્દુધર્મની પ્રણાલિકાગત માન્યતાઓનો વિરોધ કર્યો નહી. તેઓ ગૌડીય સંપ્રદાય સાથે જોડાયેલા હતા. તેમના સંપ્રદાયનો મૂળ મંત્ર કૃષ્ણ પ્રેમ હતો. તેમણે ધર્મશાસ્ત્રની સભા 'અચિંત્યભેદ ભેદત્વ'ની સ્થાપના કરી હતી. તેમણે 'શિક્ષા અષ્ટક'ની રચના કરી હતી. જેને શાસ્ત્રોનો સાર પણ કહેવામાં આવે છે. તેમની જીવનકથા કવિરાજ કૃષ્ણદાસે લખી છે.*

### 12.6.4 મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલનઃ

*મહારાષ્ટ્રમાં અન્ય પ્રદેશોની જેમ ધર્મગુરુઓ અને સંતોની તેજસ્વી પરંપરા શરૂ થઈ હતી.*

*મહારાષ્ટ્રમાં ભાગવત અને સૈવ ધર્મ સાથે ભક્તિ આંદોલન જોડાયેલું છે. 11મી સદીમાં થયેલા ભક્ત પુંડરિકે વિઠ્ઠલનાથ (વિઠોબા)ની ભક્તિનો મહિમા સ્થાપ્યો. આ આંદોલનનું મુખ્ય કેન્દ્ર પંઢરપુર તેમજ ત્યાંનું પ્રસિદ્ધ વિઠ્ઠલ કે વિઠોબા મંદિર હતું. મહારાષ્ટ્રમાં બ્રાહ્મણવાદી પરંપરાને 13મી સદીમાં થયેલા મુકુંદરાય નામના વેદાંતી ગુરુએ ઘણો વેગ આપ્યો. જ્યારે તેમના સમકાલીન ચક્રધરે મહાનુભાવ સ્થાપના કરી. આ ઉપરાંત મહારાષ્ટ્રના ભક્તિ આંદોલન પર નામપંથી આંદોલનની પણ નોંધપાત્ર અસર થઈ હતી. કારણકે આ નામપંથીઓએ મરાઠીભાષામાં સ્રોતો રચીને લોકપ્રિયતા મેળવી હતી.*

- **જ્ઞાનેશ્વર (1275-1296)**

*મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલનનો સૌથી વધારે પ્રચાર સંત જ્ઞાનેશ્વરે કર્યો હતો. તેઓ નાથસંપ્રદાયની ગુરુ પરંપરામાં પ્રસિદ્ધ થયેલા સંત હતા. તેમના પિતા વિઠ્ઠલપંત રામાનંદના શિષ્ય હતા. તેઓ અત્યંત બુદ્ધિમાન અને આધ્યાત્મિક પ્રતિભાસંપન્ન વ્યક્તિ હતા. તેમણે 15 વર્ષની નાની વયે 'ભગવદ્‌ગીતા' પર જ્ઞાનેશ્વરી ગીતા નામની ટીકા રચી.*

તેમની અન્ય રચનાઓમાં 'અમૃતાનુભવ' અને સરળ અભંગો (દોહા) પણ પ્રસિદ્ધ છે. તેમણે સરળ ભાષામાં દ્રષ્ટાંતો વડે લોકોને પોતાનો ઉપદેશ સમજાવ્યો હતો. તેમણે ઈશ્વર પ્રાપ્તિના સાધન તરીકે ભક્તિમાર્ગ ને જ મહત્ત્વ આપ્યું. તે જ્ઞાતિ ભેદભાવોના સખત વિરોધી હતા.

- **નામદેવ** (1270-1350)

નામદેવ 13મી સદીમાં ઉત્તરાર્ધમાં થઈ ગયા. તેમનો જન્મ 'છીપા' (કપડાં રંગનારી દરજી) જ્ઞાતિમાં થયો હતો. યુવાનીમાં તેઓ ચોર અને ખૂની હતા પરંતુ તેમનો ભોગ બનેલી વ્યક્તિઓની પત્નીઓનું કલ્પાંત જોઈને તેઓ ધર્મના માર્ગે વળ્યા. તે લાંબો સમય પંજાબમાં રહ્યા હતા. તેમને ઈશ્વરની એકતામાં પૂર્ણશ્રદ્ધા હતી. તે મૂર્તિપૂજા અને કર્મકાંડના ખૂબ જ વિરોધી હતા. વારકરી સંપ્રદાયને મહારાષ્ટ્રમાં વ્યવસ્થિત સ્વરૂપ આપવાનું કામ નામદેવે કર્યું હતું. નામદેવ શરૂઆતમાં સગુણ ઈશ્વરના ઉપાસક હતા અને વિઠોબા ખેચરના શ્રેષ્ટ ભક્ત હતા, પરંતુ તેમની ઉત્તર ભારતની યાત્રા વખતે મુસ્લિમો દ્વારા તોડવામાં આવેલા મંદિરો જોઈને તેમની સગુણ ઉપાસનામાંથી શ્રદ્ધા ડગવા લાગી. તેમણે કહ્યું કે ''પથ્થરના દેવતાઓને મુસ્લિમોએ તોડી-ફોડી નાખ્યા અને પાણીમાં ડુબાડી દીધા. છતાં તેઓ ક્રોધ કરતા નથી કે વિલાપ કરતા નથી. હે ઈશ્વર? હું આવા દેવતાઓનાં દર્શન કરવા ઈચ્છતો નથી.'' તેમના કેટલાક અભંગો (દુહા) 'ગુરુ-ગ્રંથસાહેબ' માં સમાવેશ થયેલા છે.

- **એકનાથ**

એકનાથ મહારાષ્ટ્રના પ્રખ્યાત સંત ભાનુદાસના પૌત્ર હતા. તેમણે નાતજાતના ભેદભાવનો વિરોધ કર્યો અને નીચલી જાતિના લોકો તરફ ખૂબ સહાનુભૂતિ દાખવી. તેમણે ઘણા અભંગો (દુહા) રચ્યા. તેઓ તેમનાં ભજનો અને કીર્તનોને કારણે લોકપ્રિય બન્યા. તેમણે કહ્યું હતું કે જો સંસ્કૃત દેશભાષા છે. તો મારી માતૃભાષા (મરાઠી) દસ્યુ ભાષા છે. તેમણે ભગવદગીતાના શ્લોકો ઉપર એક દળદાર ટીકાગ્રંથ લખ્યો હતો.

- **તુકારામઃ**

ભક્ત તુકારામ મુગલ સમ્રાટ જહાંગીરના સમકાલીન હતા. તેમનો જન્મ ઈ.સ.1608માં પૂનાના દેહ ગામમાં એક સામાન્ય કુટુંબમાં થયો હતો. તેઓ પંઢરપુરના વિઠ્ઠલ ભગવાનના પરમભક્ત હતા. તુકારામે મહારાષ્ટ્રમાં મરાઠા રાષ્ટ્રવાદની પૃષ્ઠભૂમિ તૈયાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે બધા જ સામાજિક ભેદભાવોનો પણ વિરોધ કર્યો હતો.

- **રામદાસઃ**

રામદાસનો જન્મ ઈ.સ.1608માં થયો હતો. તેઓ વર્ષો સુધી સત્યની શોધમાં ભટક્યા પછી સતારા જીલ્લામાં ચફલ ગામે સ્થાયી થયા. તેમણે આધ્યાત્મિક અને સંસારિક

*જીવનને જોડવાનો પ્રયત્ન કર્યો. તેમણે સમગ્ર મહારાષ્ટ્રમાં આશ્રમો સ્થાપ્યા. શિવાજીને મુસ્લિમ સત્તા ફગાવી દઈ પોતાનું રાજ્ય સ્થાપવાની પ્રેરણા તેમની પાસેથી મળી હતી. તેમણે 'પરમાર્થ સંપ્રદાય' સ્થાપ્યો હતો. તેમના જીવનના બધા પાસાઓનું દર્શન કરવાનો તેમનો 'દાસબોધ' નામનો ગ્રંથ છે.*

### 12.6.5 અન્ય પ્રદેશોમાં ભક્તિ આંદોલન

*ઉપરોક્ત પ્રદેશો ઉપરાંત ગુજરાત, રાજસ્થાન, કર્ણાટક, આસામ, કાશ્મીર વગેરેમાં પણ ભક્તિ આંદોલનનો પ્રચાર થયો હતો.*

*ગુજરાતમાં પણ આ સમયે ભક્તિમાર્ગનો પ્રસાર થવા લાગ્યો હતો. મહાન સંત દાદુ દયાળ (ઈ.સ.1504-1603) અમદાવાદના વતની હતા. તેમની મુખ્ય ગાદી રાજસ્થાનમાં આવેલા નરૈના(જયપુર) માં હતી. દાદુપંથ એ 'પરમ બ્રહ્મ સંપ્રદાય' તરીકે પણ ઓળખાય છે. દાદુના* 52 *શિષ્યો બાવન સ્તંભ તરીકે ઓળખાય છે. તેમણે નાતજાત અને ધર્મના ભેદભાવનો વિરોધ કર્યો અને પોતાના શિષ્યોને હિન્દુ-મુસલમાન વચ્ચે ભેદ નહિ રાખવા ઉપદેશ આપ્યો. દાદુપંથની પાંચ શાખાઓ હતીઃ ખાલસા, વિરક્ત, ઉત્તરોદ, ખાકી અને નાગા. ગુજરાતને ભક્તિરસથી તરબોળ કરવામાં* 15*મી સદીમાં થઈ ગયેલા સંત નરસિંહ મહેતાનું પ્રદાન મહત્ત્વનું છે. ગુજરાતી ભાષાના આદિકવિ નરસિંહ મહેતાનો જન્મ નાગર કુટુંબમાં થયો હતો. બાળપણથી જ સાધુસંતોની સંગતમાં રહેતા, ધરસંસાર માંડ્યો હોવા છતાં સંસારનો રંગ લાગી શક્યો નહી. નાતજાતના વાડાઓ અને છૂતાછૂત થી પીડાતા સમાજને જોઈને દુઃખ થતું. તેમણે કહ્યું હતું કે "પક્ષાપક્ષી ત્યાં નહી પરમેશ્વર. સમદ્રષ્ટીને સર્વ સમાન." સવર્ણોનો સખત વિરોધ હોવા છતાં અસ્પૃશ્યોના ત્યાં ભજન કરવા જતા. તેમના જ્ઞાન અને ભક્તિ રસથી ભરેલાં પદો અને પ્રભાતિયાએ ગુજરાતના સામાન્ય સમાજ ઉપર ઊંડી અસર કરી છે.*

*રાજસ્થાનમાં ભક્તિ આંદોલનનો પ્રચાર મીરાંબાઈએ કર્યો હતો. મીરાંબાઈ રાજસ્થાનના મેડતાના ઠાકોરની પુત્રી અને ચિતોડના રાજપૂત શાસક રાણા સાંગાના પુત્રવધૂ હતાં. તેમના પતિનું નામ રાજકુમાર ભોજરાજ હતું. તેઓ બાળપણમાં જ વિધવા થયાં હતાં. ભગવાન બુદ્ધ અને મીરાંબાઈના જીવનદર્શનમાં સામ્ય એ જોવા મળતું હતું કે સંસાર દુઃખ પૂર્ણ છે. નાનપણથી જ તેમના ભક્તિના સંસ્કાર દ્રઢ થયા હતા. તેઓ મહાન સંત અને કવયિત્રી તરીકે ઉદય પામ્યાં. તેમનાં ગીતો આજે પણ રાજસ્થાનમાં ખૂબ જાણીતાં છે. તેમણે રાજસ્થાની, ગુજરાતી અને વ્રજભાષામાં પદો રચ્યાં છે. આ પદો નરસિંહ મહેતા, તુલસીદાસ તેમ જ સૂરદાસ જેટલાં જ સમગ્ર ઉત્તરભારતમાં લોકપ્રિય છે, તેઓ કૃષ્ણ ભગવાનના ભક્ત હતાં. તેમનું સમગ્ર જીવન કૃષ્ણમય થઈ ગયું હતું.*

*કર્ણાટકમાં એક ધાર્મિક આંદોલન કલચુરીના રાજા બિજ્જલના પ્રધાનમંત્રી બસવે શરૂ કર્યું હતું. તેમણે પોતાના સિદ્ધાંતો* 28 *શૈવ આગમોને આધારે સ્થાપ્યા હતા. તેમના અનુયાયીઓ વીરશૈવ કે લિંગાયત તરીકે ઓળખાતા હતા. તેઓ શિવને સર્વોચ્ચ દેવ માનતા હતા. તે જ રીતે કાશ્મીરમાં* 14*મી સદીમાં થઈ ગયેલ લાલદેહ નામની સ્ત્રી સંતે ભક્તિને લોકપ્રિય બનાવી.*

*અસમ અને મ્યાનમારમાં ભક્તિ આંદોલનનો પ્રચાર કરનાર મુખ્ય સંત શંકરદેવ* (1449-1568) *હતા. શંકરદેવનો જન્મ ચુસ્ત શાક્ત કુટુંબમાં થયો હતો. તેમણે યુવાનીમાં જ માતા-પિતા અને પત્નીને ગુમાવતાં સંસારનો ત્યાગ કર્યો હતો. તેમણે ઉત્તરભારતમાં તીર્થોની યાત્રા કરી જેનાથી તેમના ઉપર ભક્તિ આંદોલનની ઊંડી અસર પડી. તેમને અસમના ચૈતન્ય તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમણે જ્ઞાતિપ્રથા તથા બ્રાહ્મણોના જટિલ કર્મકાંડોનો વિરોધ કર્યો. તેથી તેમને ઘણું સહન કરવું પડ્યું. તેમણે ભક્તિમાં નૃત્ય અને સંગીતને મહત્ત્વ આપ્યું. તેમણે 'સત્ર' નામે સંસ્થા સ્થાપી. તેમાં તમામ વર્ગના લોકો અને જ્ઞાતિના લોકો એકઠા થઈને ઈશ્વરની સરળ પ્રાર્થના અને ભક્તિ કરતા. શંકરદેવે સ્થાપેલો સંપ્રદાય મહાધર્મ, મહાપુરુષધર્મ, કે મહાપુરુષિયા ધર્મ તરીકે પ્રસિદ્ધ છે. આ ધર્મના અનુયાયીઓ 'શરણીયા' તરીકે ઓળખાય છે, કારણ કે તેઓ 'શરણં મે જગન્નાથ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ'નો મંત્ર જાપ કરે છે. આમ આ સંપ્રદાયમાં અદ્વૈતની સાથે ભક્તિનો સમન્વય સધાયો છે.*

*આ ઉપરાંત બંગાળ અને ઓરિસ્સામાં આઉલ-બાઉલ, સાંઈ, સહજિયા, દરવેશ, કર્તાભિજ અને પંચશખા જેવા સંપ્રદાયો પણ પ્રચલિત હતા. જેમાં મુખ્યત્વે ભક્તિ પર ભાર મૂકવામાં આવતો હતો.*

- **'તમારી પ્રગતિ ચકાસો-3'**

(1) *ઉત્તરભારતના એકેશ્વરવાદી ભક્તિ આંદોલનના વિવિધ સંતોના ઉપદેશોની માહિતી આપો.*

(2) *ઉત્તરભારતના વૈષ્ણવભક્ત સંતોની ટૂંકમાં માહિતી આપો.*

(3) *ભક્તિ આંદોલને મહારાષ્ટ્રમાં કેવો વિકાસ સાધ્યો?*

**(4) નીચેના પ્રત્યેક વિશે ચાર-ચાર વાક્યો લખો.**

(i) *ચૈતન્ય મહાપ્રભુ*

(ii) *શંકર દેવ*

(iii) *મીરાંબાઈ*

(iv) *નરસિંહ મહેતા*

**(અ) વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે જોડો**

(i)

| અ | બ |
|---|---|
| રચના | રચનાકાર |
| પદાવલી | વિદ્યાપતિ |
| રામચરિતમાનસ | સૂરદાસ |
| સૂરસાગર | તુલસીદાસ |
| બીજક | કબીરદાસ |

(ii)

| અ | બ |
|---|---|
| સંત | વ્યવહાર |
| નામદેવ | નાઈ |
| કબીર | જુલાહા |
| રૈદાસ | દરજી |
| સેના | મોચી |

**(બ) ખાલી જગ્યા પૂરો.**

(i) *ભક્ત તુકારામ_________મુગલ સમ્રાટના સમકાલીન હતા. (અકબર/જહાંગીર)*

(ii) *દાસ બોધના રચયિતા __________છે. (એકનાથ/રામદાસ)*

(iii) *જાતિ પાંતિ પૂછે નહિ કોઈ, હરીને ભજે સૌ હરી કાં કોઈ આ પંક્તિ _________ની છે. (રામાનંદ/કબીર)*

(iv) *ચૈતન્ય મહાપ્રભુ__________સંપ્રદાય સાથે જોડાયેલા હતા. (વારાકર સંપ્રદાય/ગૌડીય સંપ્રદાય)*

(v) *ભક્તિ આંદોલનના__________સંત કૃષ્ણભગવાનના ભક્ત હતા. (કબીર/મીરાંબાઈ)*

## 12.7 ભક્તિ આંદોલનનો ભારતીય સમાજ પર પ્રભાવઃ (અસરો)

*ભક્તિ આંદોલન એક દેશવ્યાપી આંદોલન હતું. આ આંદોલને સામાન્ય માણસોને ખૂબ જ પ્રભાવિત કર્યા. તે લગભગ નવમી સદીથી સોળમી સદી સુધી પ્રચલિત રહ્યું હતું. તેમાં ઉપદેશકો અને સુધારકોએ ભારતમાં ચેતના અને પ્રગતિશીલ વિચારોનો ફેલાવો કર્યો. તે બાબતમાં પંડિત જવાહરલાલ નહેરુએ તેમના વિખ્યાત પુસ્તક 'હિન્દુસ્તાની કહાની'માં લખ્યું છે કે "સમગ્ર ભારતમાં એક નવું ખમીર કામ કરી રહ્યું હતું અને જનતાના માનસમાં નવા વિચારો પેદા થઈ રહ્યા હતા. પ્રાચીન સમયની જેમ ભારતમાં આ નવી પરિસ્થિતિ સામે એક નવી પ્રતિક્રિયા ચાલી રહી હતી અને વિદેશી તત્ત્વોને દૂર કરવા માટે તેઓ પોતાનામાં ફેરફાર કરી રહ્યા હતા. આ ખમીરમાંથી જ નવા સુધારક પેદા થયા. જેમણે સમન્વયની ભાવનાથી પ્રેરાઈને ઉપદેશ આપ્યા અને જાતિ વ્યવસ્થાની નિંદા કરી." આ આંદોલનને કારણે ભારતના ધાર્મિક સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય ક્ષેત્રો પર તેની ખૂબ જ અસર થઈ હતી.*

### 12.7.1 ધાર્મિક પ્રભાવ કે અસર

*ભક્તિ આંદોલનના પરિણામે સમગ્ર દેશમાં એક નવા જ પ્રકારનું વાતાવરણ પેદા થયું. ભારતીય પ્રજાએ પોતાના ધર્મમાં રહેલી ખામીઓને દૂર કરવા પ્રયત્નો કર્યા. આ આંદોલનના સંતોએ મૂર્તિપૂજા, અનેકેશ્વરવાદ, બાહ્ય ધાર્મિક આડંબર, કર્મકાંડ, છૂતાછૂત, વ્રત-ઉપવાસ જાતિપ્રજાનાં ઉચ્ચ-નીચનાં બંધનો, બ્રાહ્મણોનું ધર્મ અને સમાજ પર પ્રભુત્વ, ધર્માંધતા વગેરેના વિરોધ દ્વારા મનુષ્યને સુધારવાનો પ્રયત્ન કર્યો. જેના પરિણામે ભારતીય સમાજ અને ધર્મમાં એક પ્રકારની સુધારણાની હવા ફેલાઈ ગઈ. તેનાથી સામાજિક કુરિવાજોનો અંત આવ્યો અને હિન્દુઓના અનેક ધાર્મિક સંપ્રદાયો તેમ જ મુસલમાનો સાથેના તેમના મતભેદો ઓછા થવા લાગ્યા. જેના પરિણામે બધા જ ધર્મો અને જાતિઓમાં સહિષ્ણુતાનો ભાવ પેદા થયો.*

*આ આંદોલનના પ્રચારને લીધે સમાજ અને ધર્મમાંથી બ્રાહ્મણોનું વર્ચસ્વ ઘટી ગયું. તે સમયે બ્રાહ્મણોને જ ઉપદેશ આપવાનો અધિકાર હતો. પરંતુ આ આંદોલનના*

સંતોએ બ્રાહ્મણોના પાખંડોને ખુલ્લા પાડીને તેમના વર્ચસ્વને ઘટાડી દીધું. જેના કારણે સામાજિક સમાનતાના વિચારોનો ફેલાવો થયો.

આ આંદોલનથી ઈસ્લામની પ્રગતિમાં અવરોધ પેદા થયો. ભારતમાં મુસલમાનો હિન્દુ ધર્મનો અંત લાવીને ઈસ્લામ ધર્મનો પ્રચાર કરવા ઈચ્છતા હતા. ઈસ્લામ ધર્મના ભાતૃભાવ અને ઈશ્વરની એકતાના સિદ્ધાંતો સામાન્ય લોકોને ખૂબ ગમી ગયા હતા તેમ જ મુસ્લિમોના અન્યાયથી કંટાળીને નીચલી જાતિના લોકો અને પીડિતો હિન્દુ ધર્મ છોડીને ઈસ્લામ ધર્મ અપનાવી લેતા હતા પરંતુ ભક્તિ આંદોલનના બે સુધારકો કબીર અને નાનકે ઈસ્લામના આ બે સિદ્ધાંતોને પોતાની પરંપરામાં સમાવી લેતાં હવે લોકોને ઈસ્લામધર્મ અંગીકાર કરવાની કોઈ આવશ્યકતા દેખાઈ નહી. આમ ઈસ્લામધર્મના પ્રચારનું કાર્ય થંભી ગયું.

ભક્તિ આંદોલને બૌદ્ધ ધર્મના પતનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. પ્રાચીન સમયથી બૌદ્ધ ધર્મ અને હિંદુ ધર્મ એકબીજાના હરીફ હતા. જો કે મધ્યયુગના શરૂઆતમાં જ બૌદ્ધ ધર્મની પડતીની શરૂઆત થઈ ચૂકી હતી. બીજી બાજુ ભક્તિ આંદોલનના પ્રભાવ હેઠળ બૌદ્ધ ધર્મીઓએ પોતાનો ધર્મ છોડીને હિન્દુ ધર્મ અપનાવી લીધો.

ભારતમાં શીખધર્મનો ઉદ્ભવ એ પણ ભક્તિ આંદોલનનું એક મહત્ત્વનું પરિણામ હતું. પંજાબમાં ગુરુનાનક દેવ અને તેમના શિષ્યોએ ભક્તિ આંદોલનનો પ્રચાર કર્યો. ધીરે ધીરે સંજોગો અનુસાર તેમાં વિશેષ પરિવર્તન આવ્યું. તેનાથી ઈ.સ.1699માં એક અલગ ધર્મનું સ્વરૂપ ધારણ કર્યું, જેને 'શીખ ધર્મ' કહેવામાં આવે છે.

### 12.7.2 સામાજિક પ્રભાવ કે અસર

ભક્તિ આંદોલનના કારણે લોકોના દ્રષ્ટિકોણ પરિવર્તન આવ્યું. આ આંદોલન પહેલાં લોકોમાં વ્હેમો, અંધશ્રદ્ધા, અંધવિશ્વાસ, કુરુઢિઓ બાહ્ય આડંબરો વગેરે જોવા મળતાં હતા. પરંતુ ભક્તિ આંદોલનના સંતોએ તેના મૂળમાં ઘા કર્યો. તેનું પરિણામ એ આવ્યું કે લોકોને સાચી સ્થિતિનો ખ્યાલ આવ્યો.

ભક્તિ આંદોલને મહિલાઓના સન્માનને પુનઃસ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો અને કેટલાક સામે સવાલો ઉઠાવ્યા. ભક્તિ સંપ્રદાયો જેવા કે મહાનુભાવ, વરકરી અને બીજી કેટલીક હિન્દુ ધર્મની આંતરિક ચળવળોએ ખુલીને સામાજિક ન્યાય અને સ્ત્રી ન્યાય તેમજ સ્ત્રી-પુરુષ વચ્ચેની સમાનતાની હિમાયત કરી હતી.

હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે સમાજિક એકતા સ્થાપવામાં પણ ભક્તિઆંદોલને મહત્ત્વનો ભાગ ભજવ્યો. કબીર, નાનક જેવા સંતોએ હિન્દુઓ અને મુસ્લિમોના ધર્મોમાં રહેલા સમાન તત્ત્વો દર્શાવીને બંને ધર્મોના લોકોને નજીક લાવવામાં મહત્ત્વનું યોગદાન આપેલ છે. ધાર્મિક મતભેદો મિટાવીને તેમણે એકતાની ભાવના જાગૃત કરી. સંતોએ સ્થાપેલી ભૂમિકા પર હિંદુ-મુસ્લિમોએ એકબીજાને સમજવાનો પ્રયાસ કર્યો. તેથી પરસ્પર સહિષ્ણુતા કેળવવાની ભાવનાને પ્રોત્સાહન મળ્યું.

*ભક્તિ આંદોલનનું મહત્ત્વનું સામાજિક પરિણામ એ આવ્યું કે સમાજનો નીચલા સ્તરના લોકોનો ઉદ્ધાર થયો. આ આંદોલનના તમામ સંતો અને સુધારકોએ હિન્દુઓમાં જડની માફક જામી ગયેલા જ્ઞાતિપ્રથા અને ઊંચનીચના ભેદભાવનો સખત વિરોધ કર્યો. કબીર, નાનક, રામાનંદ, ચૈતન્ય નીચલા સ્તરના લોકોને પોતાના શિષ્યો બનાવતા. આ તમામ શિષ્યો ગુરુ સાથે બેસીને ભોજન લેતા હતા. તેના પરિણામે નીચલા વર્ગના લોકો સાથે સમાજમાં ખૂબ સારો વ્યવહાર થવા લાગ્યો. જો આ રીતે સમાજના નીચલા સ્તરના લોકોનો સ્વીકાર ન થયો હોત તો કદાચ તેઓ મુસલમાન થઈ ગયા હોત.*

## 12.7.3 સાંસ્કૃતિક પ્રભાવ કે અસર

*ભક્તિ આંદોલનના પરિણામે પ્રાદેશિક ભાષાઓ અને સાહિત્યના વિકાસને વેગ મળ્યો હતો. આ આંદોલનના સંતો અને ભક્તો કવિઓ હતા. તેમણે પોતાનો ઉપદેશ પોતાની માતૃભાષામાં આપ્યો. જેને કારણે સામાન્ય જનતા તેને સહેલાઈથી સમજી શકી હતી. આથી પ્રાંતીય ભાષાઓના વિકાસને વેગ મળ્યો. આ સંતો અને ભક્તોએ સંસ્કૃત, હિન્દી, મરાઠી, મૈથીલી, ગુજરાતી, બંગાળી અને પંજાબી ભાષાઓમાં પોતપોતાની કૃતિઓ રચી. જેના પરિણામે આ ભાષાઓના સાહિત્યમાં વધારો થયો. જેમકે વિદ્યાપતિએ મૈથીલીમાં, હિન્દીમાં સૂરદાસે 'સૂરસાગર' જયદેવનું ગીતગોવિંદ, તુલસીદાસનું 'રામચરિતમાનસ' કબીરના વિચારોને 'બીજક' નામના ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. મીરાબાઈની રચનાઓ ગુજરાતી અને રાજસ્થાનીમાં છે. બંગાળી ભાષાના વિકાસમાં ચંડીદાસની રચનાઓ અગત્યની છે. એકનાથની મરાઠી કૃતિઓ તેમજ વલ્લભાચાર્યની 'સુબોધીની' અને 'સિદ્ધાંતરહસ્ય' પણ એ યુગમાં વિશેષ પ્રચલિત થયાં. આમ ભક્તિ આંદોલનના સંત-સાહિત્યનું ભારતના સાંસ્કૃતિક ઈતિહાસમાં અમૂલ્ય પ્રદાન છે.*

*હિન્દુ-મુસ્લિમ કલાના સમન્વયનો પ્રયાસ ભક્તિ આંદોલનના સંતોની અસરને કારણે થયો પરંતુ તેનો સાચો વિકાસ મુગલકાળમાં થયો. આ આંદોલનથી હિંદુ-મુસ્લિમ કલાકારો એકબીજાની ખૂબ નજીક આવ્યા. તેમણે સ્થાપત્ય, ચિત્રકલા અને સંગીતનો વિકાસ કર્યો. મોગલયુગ દરમ્યાન થયેલ ભવ્ય બાંધકામમાં હિંદુ-મુસ્લિમ કલાનો સમન્વય નજરે પડે છે.*

## 12.7.4 રાજકીય પ્રભાવ કે અસર

*ભક્તિ આંદોલનનું સ્વરૂપ ધાર્મિક હતું. છતાં તેની રાજકીય ક્ષેત્ર ઉપર પણ અસર થઈ હતી. આ આંદોલનનો પ્રભાવ શેરશાહ અને અકબર જેવા મુઘલ સમ્રાટોની નીતિ પર પડતો હતો. ખાસ કરીને અકબરની નીતિ ઘડતરમાં તેનો ફાળો નોંધપાત્ર રહ્યો. તેણે હિંદુઓ પરથી જજિયાવેરો નાબૂદ કર્યો. રાજપૂતો સાથે લગ્ન સંબંધો બાંધ્યા. રાજ્યમાં મુસ્લિમોની સાથે સાથ હિન્દુઓને ઉચ્ચ હોદ્દા આપ્યા તેમજ 'દિને-ઈલાહી' જેવા ધર્મની સ્થાપના કરી. ડૉ.ઈશ્વરીપ્રસાદના શબ્દોમાં કહીએ તો અકબરની વાણી વાસ્તવમાં તો કબીર અને નાનકના હોકની જ વાણી છે. તે યથાર્થ છે.*

આ આંદોલનથી મરાઠાઓ અને શીખો જેવી લડાયક જાતિઓની સત્તાનો ઉદય થયો. તેમણે મોગલોનો સામનો કર્યો. તેમનો સહકાર લઈને વિજયનગર સામ્રાજ્ય જેવા મજબૂત હિન્દુ સામ્રાજ્યની સ્થાપના થઈ શકી.

- **'તમારી પ્રગતિ ચકાસો'4**

(1)ભારતીય સમાજ ઉપર ભક્તિ આંદોલનનો ધાર્મિક પ્રભાવ વર્ણવો.

(2) ભારતીય સમાજ ઉપર ભક્તિ આંદોલનનો સામાજિક પ્રભાવ વર્ણવો.

(3) ભક્તિ આંદોલનની રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રે થયેલી અસરો જણાવો.

## 12.8 સારાંશ

આમ ભક્તિ આંદોલન ભારતના સાંસ્કૃતિક ઈતિહાસમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. તેણે ભક્તિનાં નવાં દ્વાર ખોલી નાખ્યાં જેના પરિણામે હિન્દુ સમાજના લોકોમાં જે નિરાશા પેદા થઈ હતી તેના બદલે એક નવી આશાનો સંચાર થયો. તેને સામાજિક કુરિવાજોને નાબૂદ કરીને સમાજને સંગઠિત અને મજબૂત બનાવ્યો. સ્ત્રીઓને સામાજિક સન્માન પ્રાપ્ત થયું તેમ જ સહિષ્ણુતાની ભાવનાનો વિકાસ થયો.

## 12.9 ચાવીરૂપ શબ્દો

એકેશ્વરવાદી : એક ઈશ્વરમાં જ શ્રદ્ધા રાખનાર

જુલાહા : મુસ્લિમ વણકર

કીર્તન : શ્લોકોનું કરતાલ સાથે સામુહિક સંગીત

આદિગ્રંથ : ઈ.સ.1604માં પાંચમા શીખગુરુ અર્જુને નાનકદેવના ઉપદેશોના સંકલનને લગતો કરેલો ગ્રંથ જે પછીથી ગુરુ ગ્રંથસાહેબ કહેવાયો.

નિર્ગુણ : ઈશ્વરનું નિરાકાર સ્વરૂપ

સગુણ : ઈશ્વરનું સાકાર સ્વરૂપ

*પંથ : ધાર્મિક સંપ્રદાય ખાસ કરીને નિર્ગુણવાદી સંપ્રદાય*
*વારકરી : દખ્ખણની વિષ્ણુભક્તિની પરંપરા*
*હલાલ : ઈમાનદારીની કમાણી કરવી*
*ખૈર : લોકોની સલામતી માટે પ્રાર્થના કરવી*
*લંગર : સામુહિક ભોજન વ્યવસ્થા*

## 12.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

*'તમારી પ્રગતિ ચકાસો'*- 1

(અ) (i)× (ii)× (iii)√

- *'તમારી પ્રગતિ ચકાસો'*- 2

(બ) (A) (ક) (B) (ડ) (C)

- *'તમારી પ્રગતિ ચકાસો'*- 3

(બ) (i) *જહાંગીર* (ii) *રામદાસ* (iii) *રામાનંદ* (iv) *ગૌડીય સંપ્રદાય* (v) *મીરાબાઈ*

## 12.11 સંદર્ભ ગ્રંથો


1. *ડૉ. રામપ્રસાદ ત્રિપાઠી 'વિજયનગર સામ્રાજયનો ઈતિહાસ', સસ્તા સાહિત્ય મંડળ નવી દિલ્હી.*
2. *ડૉ.આશીવાર્દીલાલ શ્રીવાસ્તવ દિલ્હી સલ્તનત(ઈ.સ.* 711 *થી* 1526*) શિવલાલ અગ્રવાલ એન્ડ કંપની*
   *પ્રાઈવેટ લી. આગરા.*
3. *શૈલેન્દ્ર સંગર 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' એટલાંટીક બુક સ્ટોર, નવી દિલ્હી.*
4. *વી.ડી.મહાજન 'મધ્યકાલીન ભારત' એસ. ચંદ્ર એન્ડ કંપની લી. રામનગર નવી દિલ્હી.*
5. *સતિશચંદ્ર 'મધ્યકાલીન ભારત, રાજનિતી અને સંસ્કૃતિ' ઓરિએન્ટલ બ્લેક સ્વાન, નવી દિલ્હી.*
6. *રમેશચંદ્ર મજમુદાર, હેમચંદ્ર રાય ચૌધરી કાલિકિંકર : અનુવાદ : યોગેન્દ્ર મિશ્ર મેકમિલન ઈન્ડિયા લીમીટેડ.*
7. *ડૉ.ઈશ્વર ઓઝા 'સલ્તનકાલ' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.*
8. *નાયક છોટુભાઈ રણછોડજી 'મધ્યયુગીન ભારત ખંડ-2, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*
9. *વી.એસ.ભાર્ગવ 'મધ્યકાલીન ભારતીય ઈતિહાસ અને સંસ્થાઓ, કોલેજ બુક ડેપો, જયપુર.*

10. હરીશચંદ્ર વર્મા (સંપા) 'મધ્યકાલીન ભારત ભાગ-1 (ઈ.સ. 750 – 1540) દિલ્હી વિશ્વવિદ્યાલય
11. વિદ્યાલંકાર સત્યકેતુ 'ભારતીય સંસ્કૃતિ અને તેનો ઈતિહાસ' મસૂરી
12. પ્રવીણચંદ્ર પરીખ 'ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (ઈ.સ. 1000-1818) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
13. ડૉ. શાંતિલાલ શાહ અને પ્રા. જસુ. બી.પટેલ 'ભારતીય ઈતિહાસ' શાંતિનિકેતન પ્રકાશન, અમદાવાદ.
14. આર. કે. ધારૈયા 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' સી જમનાદાસની કંપની અમદાવાદ.

# એકમ -13 સૂફી આંદોલનના સંતો અને તેમનો પ્રભાવ

રૂપરેખા :


13.0 ઉદ્દેશો

13.1 પ્રસ્તાવના

13.2 સૂફીવાદનો અર્થ

13.3 સૂફીવાદના સિદ્ધાંતો

13.4 મુસ્લિમ દેશોમાં સૂફી આંદોલનનો ઉદ્દભવ અને વિકાસ

13.4.1 પ્રથમ તબક્કો (પ્રારંભથી 10મી સદી સુધી)

13.4.2 બીજો તબક્કો (10મીથી 12મી સદી સુધી)

13.4.3 ત્રીજો તબક્કો (12મીથી 13મી સદી સુધી)

13.5 ભારતમાં સૂફી આંદોલનનો વિકાસ

13.6 ભારતમાં સૂફી સિલસિલાહના પ્રકારો અને પ્રવર્તકો

13.6.1 ચિશ્તીસિલસિલાહ

13.6.2 સુહરાવર્દીસિલસિલાહ

13.6.3 કાદિરી સિલસિલાહ

13.6.4 નકશબંધી સિલસિલાહ

13.6.5 અન્ય સિલસિલાહ

13.7 ચિશ્તીસિલસિલાહનાં લોકપ્રિય થવાનાં કારણો

13.8 ચિશ્તી સિલસિલાહનો પ્રભાવ (અસરો)

13.8.1 હિન્દુ-મુસ્લિમ એકતાની સ્થાપના

13.8.2 રાજકીય અસરો

13.8.3 સાંસ્કૃતિક સમન્વય

13.8.4 ખાનકાહની પ્રવૃત્તિઓની અસર

13.8.5 ધર્માન્તરની પ્રવૃત્તિઓ

13.8.6 પ્રાદેશિક ભાષાઓને ઉત્તેજન

13.9 સારાંશ

13.10 ચાવીરૂપ શબ્દો

13.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

13.12 સંદર્ભ ગ્રંથો

## 13.0 ઉદ્દેશો

*આ એકમમાં મધ્યયુગના ભારતના સૂફી આંદોલનની ચર્ચા કરવામાં આવી છે. જેમાં સૂફીવાદનો અર્થ, તેના સિદ્ધાંતો, મુસ્લિમ દેશોમાં તેનો ઉદય અને વિકાસ. ભારતમાં દિલ્હી સલ્તનત દરમિયાન તેનો થયેલો વિકાસ અને આ સમય દરમિયાનના સૂફી સિલસિલાહોના પ્રકારો તથા તેના પ્રવર્તકો અને ભારતીય સમાજ ઉપર સૂફીવાદની અસરોનું વિવરણ કરવામાં આવ્યું છે.*

*આ એકમના અભ્યાસ બાદ તમે …*

- *સૂફી આંદોલનનો અર્થ, મુસ્લિમ દેશોમાં તેનો ઉદ્દભવ અને તેના સિદ્ધાંતો વિશે સમજી શકશો.*
- *ભારતમાં સૂફી કાર્યપ્રણાલી તથા તત્ત્વજ્ઞાન વિશે જાણી શકશો.*
- *ઉત્તર અને દક્ષિણ ભારતમાં સૂફી આંદોલનના પ્રચાર-પ્રસારને સમજી શકશો.*
- *સૂફી આંદોલનની હિન્દુ-મુસ્લિમ સમાજ પર થયેલી અસરો વિશે સમજી શકશો.*

## 13.1 પ્રસ્તાવના

*મધ્યકાલીન ભારતમાં ભક્તિ આંદોલનની સાથે સાથે સૂફી આંદોલન પણ ખૂબ લોકપ્રિય બન્યું હતું. સૂફીવાદ એ ઈસ્લામ ધર્મની એક શાખા છે. સલ્તનતકાળ દરમિયાન ભારતમાં ઈસ્લામના સુન્ની, શિયા અને સૂફી એ ત્રણેય પંથોનો વિકાસ થયો. સુન્ની અને શિયા પંથો મુખ્યત્વે પરંપરા મુજબ પળાતા હતા જ્યારે સૂફીઓ ઉદારતાપૂર્વક બીજી વિચારસરણીઓને અપનાવતા હોવાથી સૂફીપંથનો વિશેષ વિકાસ થયો. સૂફીપંથમાં ઉદારતા, સહિષ્ણુતા, માનવતાવાદ અને પ્રેમને વધારે મહત્ત્વ આપવામાં આવેલું છે. 'સૂફી' શબ્દ ઈસ્લામના ગૂઢ રહસ્યમય ધાર્મિક વિચારોને વ્યક્ત કરે છે. એટલે જ સૂફીપંથ કે સૂફીવાદને ઈસ્લામના રહસ્યવાદી આંદોલન તરીકે પણ ઓળખવામાં આવે છે. સૂફીવાદના સંતો માનતા કે મનુષ્ય માત્રની સેવા અને પ્રેમથી ઈશ્વરની પ્રાપ્તિ થાય છે.*

*પ્રો. નિકલ્સન તથા પ્રો. બ્રાઉન જેવા પાશ્ચાત્ય વિદ્વાનોનો મત છે કે સૂફીવાદનો મૂળ સ્ત્રોત કુરાન અને હદીસ છે. સૂફીવાદ એ શરિયત કે કુરાનના કાયદાઓમાં તથા પયંગબર સાહેબના ઉપદેશોમાં શ્રદ્ધા ધરાવે છે. પરંતુ તે ઈસ્લામની કેટલીક પ્રણાલિકાઓ અને વિધિઓમાં માનતો નથી. તે સાદી પ્રાર્થના દ્વારા ઈશ્વર સાથેના વ્યક્તિના સીધા સંપર્કમાં આસ્થા રાખે છે અને ઉલેમાઓનો વિરોધ કરે છે.*

## 13.2 સૂફીવાદનો અર્થ

*સૂફીવાદના પાયામાં ઈસ્લામનો માનવતાવાદી દષ્ટિકોણ જોવા મળે છે. સૂફીવાદ એટલે કે "એક આધ્યાત્મિક ઈસ્લામિક પંથ અને ઉપાસના પદ્ધતિ. જેમાં ખુદા અંગે પ્રત્યક્ષ વ્યક્તિગત અનુભવોના માધ્યમ દ્વારા અલૌકિક પ્રેમ અને જ્ઞાનનું સત્ય જાણવાનો પ્રયાસ થાય છે". ઈસ્લામના આ આધ્યાત્મિકવાદને અરબી ભાષામાં "તસવ્વુફ" અને ફારસીમાં "સૂફી" કહે છે. 'સૂફી' શબ્દની શરૂઆત બાબતે વિદ્વાનોમાં જુદા જુદા મત જોવા મળે છે.*

*એક સાર્વત્રિક મત એવો છે કે સૂફી શબ્દની ઉત્પત્તિ 'સૂફ' શબ્દથી થઈ જેનો અર્થ થાય છે 'ઊન'. અરબ દેશમાં હજરત મહમ્મદ તથા તેમના મૃત્યુ પછી અનેક સંત ઊનના ધાબળા કે કપડાંનો ઉપયોગ કરતા હતા. ઊનના વસ્ત્રોને સાદગી તથા સાત્વિકના પ્રતિક માનવામાં આવતા હતા. આવા સંતોને આદરપૂર્વક સૂફી કહેવામાં આવતા હતા. કેટલાક વિદ્વાનોના મત મુજબ સૂફી શબ્દની ઉત્પત્તિ 'સફા' શબ્દથી થઈ. 'સફા'નો અર્થ થાય છે 'પવિત્રતા'. મુસલમાનોમાં જે સંતનું હૃદય પવિત્ર હોય અને ઈશ્વરની પ્રાપ્તિ માટે ભક્તિમાં તલ્લીન રહેતા હતા તે સૂફી કહેવાતા હતા. કેટલાક વિદ્વાનોનો મત એવો પણ હતો કે મદીનામાં મહમ્મદ પયંગબર સાહેબ દ્વારા બનાવવામાં આવેલી મસ્જિદની બહાર 'સફા' નામની પહાડી પર જે વ્યક્તિઓએ આશરો લીધો અને ખુદાની આરાધના કરી તેઓ સૂફી કહેવાયા. ચોથો મત એ હતો કે સૂફી શબ્દની ઉત્પત્તિ ગ્રીક ભાષાના શબ્દ 'સોફિયા'માંથી થઈ. જેનો અર્થ જ્ઞાન થાય છે. આના આધારે કહી શકાય કે સૂફી ધાર્મિક સાધક હતા. તેઓ સતત પરમાત્માની ઉપાસનામાં તલ્લીન રહેતા હતા.*

*સૂફી મુસ્લિમ વિચારકો અને ચિંતકોનો એક એવો સંપ્રદાય હતો જે સાંસારિક ભોગવિલાસથી દૂર રહીને સાદું અને સંયમિત જીવન જીવતા હતા. આ મતના લોકોનો વિચાર અને પ્રથા હિંદુધર્મ, ઈસાઈધર્મ, બૌદ્ધધર્મ અને પારસીધર્મનું સંમિશ્રણ હતું. આ મતનો ઉદ્દેશ્ય આધ્યાત્મિક આત્મવિકાસના માધ્યમથી સેવા કરવાનો હતો. આ લોકો હિંદુ-મુસ્લિમ એકતા અને સાંસ્કૃતિક સમન્વય ઈચ્છતા હતા. તેમણે ઈશ્વર પ્રત્યે વિશ્વાસ અને સમર્પણ માટે કટ્ટરપંથીઓના પ્રચારનો વિરોધ કર્યો. આ લોકોએ ભૌતિકવાદી જીવનનો વિરોધ કર્યો પરંતુ સંપૂર્ણ ત્યાગ કરવામાં માનતા ન હતા. સૂફીવાદ અનેક સિલસિલાહોમાં વહેંચાયેલો હતો. સૂફીઓના સિલસિલાહ બે ભાગમાં વિભાજિત હતા. "બા-શરા" જે ઈસ્લામી સિદ્ધાંતોના સમર્થક હતા અને "બે-શરા" જે ઈસ્લામી સિદ્ધાંતોમાં માનતા ન હતા. આ સૂફી સંતો પોતાના નૈતિક જીવન અને ઉચ્ચ ચારિત્ર્યને કારણે ખૂબ લોકપ્રિય બન્યા હતા. હિન્દુ અને મુલસમાન બંને તેમનો આદર કરતા હતા અને દિલ્હીના સુલતાનો ઉપર તેમનો પ્રભાવ જોવા મળતો હતો.*

## 13.3 સૂફીવાદના સિદ્ધાંતો

*સૂફીવાદનું તત્ત્વજ્ઞાન તેના મૂળભૂત સિદ્ધાંતો પર નિર્ભર છે.*

- *સૂફી સંતોનું કહેવું હતું કે પરમાત્મા એક અને સર્વવ્યાપી છે. પરમાત્માનો વાસ મસ્જિદો તેમજ મંદિરોમાં નહીં પરંતુ મનુષ્યના હૃદયમાં છે અને આત્મા ઈશ્વરનું જ એક અંગ છે.*
- *તેઓ ધર્મપ્રધાન ક્રિયાકાંડોને મહત્વ આપતા નથી. અહંકારને નામશેષ કરી મુક્તિ પામવી. જ્યાં સુધી હુંપણાનો ત્યાગ ન થાય ત્યાં સુધી મુક્તિ શક્ય નથી. તેઓ નમાજ અદા કરવામાં પણ કટ્ટર નથી.*
- *ઈશ્વરના નામનું સ્મરણ કરવું અને ઈશ્વરની ભક્તિમાં પૂરી રીતે તલ્લીન થઈ જવું તે મનુષ્યના જીવનનો સાર છે.*

- *બધાં જ મનુષ્યો એક જ ઈશ્વરના સંતાન છે. એટલે માનવી-માનવીથી નફરત ના કરો. માનવી-માનવીથી ઘૃણા કરે ત્યારે ઈશ્વર નારાજ થાય છે. જે અન્યને પ્રેમ કરતો નથી તે ઈશ્વરને કઈ રીતે પ્રેમ કરી શકે. સંત નિઝામુદ્દીન ઓલિયાએ કહ્યું છે કે, " હે મુસલમાનો એ જ માનવીને ખુદા ચાહે છે જે માનવી ખુદાના બંદાને પ્રેમ કરે છે. તેની સેવાને મજહબ સમજે છે."*
- *સૂફી સંતો મુર્શીદ (ગુરુ)ને અનિવાર્ય ગણે છે. ગુરુ વિના જ્ઞાન અસંભવ છે. તેમ માને છે.*
- *સૂફીઓને સંગીત, ધૂન અને ગાયન ખૂબ પ્રિય છે. પ્રેમલક્ષણા ભક્તિની અવસ્થા સૂફીઓની પ્રિય છે. પવિત્ર સંગીત ખુદાના 'જિક્ર' માટે ઉત્તમ માધ્યમ છે. કદાચ આજ સંગીતથી શાયરી અને ગઝલમાં સૂફીવાદ પ્રવેશે છે.*

## 13.4 મુસ્લિમ દેશોમાં સૂફી આંદોલનનો ઉદ્દભવ અને વિકાસ

*ભારતમાં દિલ્હી સલ્તનતની સ્થાપના પછી સૂફી આંદોલનનો ઉદ્દભવ થયો હતો. તે પહેલાં મુસ્લિમ દેશોમાં તેનો વિકાસ થયો હતો. ઈસ્લામમાં સૂફીવાદના ઉદ્દભવની બાબતમાં વિદ્વાનોએ જુદા જુદા મત રજૂ કર્યા છે. 7મી સદીથી 13મી સદી સુધી મુસ્લિમ દેશોમાં સૂફીવાદ ત્રણ તબક્કામાં વિકાસ પામ્યો હતો.*

### 13.4.1 પ્રથમ તબક્કો (પ્રારંભથી 10મી સદી સુધી)

*આ આંદોલનનો ઉદ્દભવ 8મી સદીમાં મધ્ય એશિયામાં થયો હતો. પ્રારંભિક સૂફી સંતોમાં મુખ્યત્વે હસન બસરી, રબિયા-અલ-અદવઈ, શેખ જુનૈદ તેમજ અબુ યજીદ બિસ્તાનીનું નામ જોવા મળે છે. કુરાનમાં પ્રાયશ્ચિત (તોબા), ત્યાગ, સાદાઈ, ગરીબી, ઈશ્વરમાં શ્રદ્ધા જેવા સદ્‌ગુણોનો સૂફી સંતોએ પોતાના જીવનમાં અમલ કર્યો. શરૂઆતના તબક્કામાં સૂફીવાદમાં એક પ્રવૃત્તિ જ જોવા મળી તેમાં કોઈ પ્રણાલી વિકાસ પામી ન હતી. આ સમયમાં સૂફીસંતો એકાંતમાં રહેતા હતા તેમના શરૂઆતનાં કેન્દ્રો મક્કા, મદીના, કુફા અને બસરા જેવાં નગરો હતાં. બસરાની રબિયા વિશ્વની પ્રથમ સૂફી સ્ત્રી સંત માનવામાં આવે છે. રબિયાઈશ્વરને પોતાના પ્રિયતમ માની રડતી રડતી પ્રાર્થના કરતી. તે રીતે તે સતત ઈશ્વરના ધ્યાનમાં મગ્ન રહેતી. હવે તેના હૃદયમાં ભૌતિક વસ્તુઓ માટે કોઈ સ્થાન ન હતું. રબિયાના સમયમાં બસરામાં સૂફીવાદનો ખૂબ જ વિકાસ થયો હતો. આ સમયગાળા દરમિયાન ઈરાન, ખુરાસાન, ટ્રાન્સ ઓક્સિયાના, સિરિયા, ઈજિપ્ત, બગદાદ વગેરે દેશોમાંસૂફીવાદનો વિકાસ થયો. ખુરાસાનના અબુ યજીદ બ્રિસ્તાની ઈરાન વિસ્તારના સૌથી પ્રખ્યાત સૂફી સંત હતા. તે ઈશ્વર સાથેના એકાકારમાં રહસ્યવાદને નવું સ્વરૂપ આપનાર તેમજ વિશ્વવ્યાપી ઈશ્વરની ભાવના પ્રેરનાર પ્રથમ સૂફી સંત હતા. 'ફના' (સમર્પણ) શબ્દનો ઉપયોગ તેમણે સૌ પ્રથમ કર્યો હતો. 'ફના' એવો સિદ્ધાંત હતો કે જેને અનુસરવાથી બકા (છેલ્લી અવસ્થા) પ્રાપ્ત થાય છે.*

*બગદાદમાં શેખ અલ જુનૈદ નામના સૂફી સંત પણ આ સમયમાં થઈ ગયા. તેમણે ઈસ્લામના રૂઢિવાદ અને સૂફીવાદ વચ્ચે સમાધાન કરાવવાના પ્રયત્નો કર્યા હતા. આમ બ્રિસ્તાની અને જુનૈદના ઉપદેશો પરસ્પર વિરોધી હતા. જે પછીથી જીનીયાદી અને બ્રિસ્તાની સૂફી વિભાગોમાં પ્રચલિત થયા.*

*આ સમયમાં સૂફી સંતો ખનકાહ સાથે સંકળાયેલા હતા. હજુ તેમના સિલસિલાહ રચાયા ન હતા. તેઓ જુદા જુદા સ્થળોએ ફરીને પોતાના વિચારોનો પ્રચાર કરતા હતા.*

### 13.4.2 બીજો તબક્કો (10મી થી 12ી સદી સુધી) :

*બીજા તબક્કામાં સૂફી આંદોલન પર બૌદ્ધ ધર્મ અને ભારતીય વેદાન્તના સિદ્ધાંન્તોની અસર જોવા મળે છે. બગદાદમાં મનસૂર-અલ-હલ્લાજ નામના સૂફી સંત થઈ ગયા. તે બ્રિસ્તાનીના અનુયાયી હતા. તેમણે ભારતમાં રહીને વેદાંતનું અધ્યયન કર્યું હતું. તેમણે મહમ્મદ પયંગબર સાહેબના ઉપદેશોનો પણ વિરોધ કર્યો હતો. તેમણે 'હું જ ઈશ્વર છું' (અના-અલ-હક્ક) જેવો રહસ્યવાદી સિદ્ધાંત પ્રચલિત કર્યો. તેમના આ સિદ્ધાંતને કારણે ઈસ્લામના કટ્ટરપંથીઓએ તેમને નાસ્તિક ગણીને ઈ.સ.922માં મારી નાખ્યા હતા. આમ તે પ્રથમ શહીદ સૂફી સંત હતા. તેમના મૃત્યુ પછી તેમનો સૂફી સિદ્ધાંત ઈન્સાન-એ-કામીલ (સંપૂર્ણ માનવ) તરીકે વિકાસ પામ્યો. ત્યાર પછી ઈબ્ન અલ અરબીએ 'ઈન્સાન-એ-કામીલ'ની વિચારધારાને અપનાવી હતી. ઈબ્નઅલ અરબી પ્રથમ વ્યક્તિ હતા કે જેમણે સૂફીમતમાં મહત્વપૂર્ણ સિદ્ધાંત 'વહદત-ઉલ-વુઝુદ' આપ્યો. જે એકેશ્વરવાદ સાથે સંબંધ ધરાવે છે જેનો અર્થ એવો છે કે ઈશ્વર સર્વવ્યાપી છે. તે બધામાં જોવા મળે છે. તેનાથી કંઈ પણ અલગ નથી. બધા મનુષ્યો સમાન છે. તે જ રીતે કર્બીદારાનીએ પણ ઈશ્વરપ્રેમ, કર્મત્યાગ, સંસારત્યાગ અને આત્મ સમર્પણની ભાવનાનો પ્રચાર કર્યો. કર્બિદારાનીઅને જુનૈદ પણ પયંગબર સાહેબના ઉપદેશના વિરોધી હતા.*

*મધ્ય એશિયા તથા ઈરાનમાં 10મી સદી અને 11મી સદીમાં ગઝની તથા તુર્ક સુલતાનોની મદદથી સૂફી આંદોલને વ્યવસ્થિત સ્વરૂપ ધારણ કર્યું. તેમાં ખાનકાહો(સૂફી સંતોના કાયમી રહેઠાણો) અને મદ્રેસાઓ (ધાર્મિક શાળાઓ) જેવી સંસ્થાઓની સ્થાપના થઈ. ખાનકાહોએ સૂફી સંતોની અનેકવિધ પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર ગણાતું.જ્યાં સૂફી સંતો પોતાના શિષ્યોને સૂફીવાદનું શિક્ષણ આપતા. ઉલેમાઓ સૂફીઓની આવી પદ્ધતિઓના સખત વિરોધી હતા. તેથી અબુ-હમીદ-અલ-ગજબીએ સમાધાનના પ્રયત્નો કર્યા. અલગજબીએ સૂફીમતને મુસ્લિમ જગતમાં સન્માનીય સ્થાન અપાવ્યું. તેણે સંગીત (સમા) અને નૃત્ય (રકસ) ઉપર વિશેષ મહત્વ આપ્યું. તેમણે શિષ્યોના આધ્યાત્મિક ઉત્કર્ષ માટે ગુરૂ (પીર)ના માર્ગદર્શનને અનિવાર્ય ગણાવ્યું. સાથે સાથે પયંગબર સાહેબની સર્વોચ્ચ સત્તાનું મહત્વ અને તેના નીતિ નિયમોના પાલન પર ભાર મૂક્યો. આમ છતાં ગજનીએ ઈસ્લામની રૂઢિવાદી વિચાસરણીનો વિરોધ કર્યો. તેમણે લખેલાં પુસ્તકો વધારે પ્રચલિત થયાં હતાં. ત્યાર પછી સત્તાર,રૂમી અને હાફિજ જેવા કવિઓનો પણ સમાવેશ થાય છે. તે બધાએ શાયરીને તસવ્વુફનું માધ્યમ બનાવ્યું. આ ઉપરાંત અલ-હુજવીરીની રચના*

*'કસફુલ મહજુબ' પણ સૂફી આંદોલનને સમજાવતી નોંધપાત્ર કૃત્તિ છે. ફારસી ભાષામાં લખાયેલ સૂફી કાવ્યો (મસ્નવીસા)નો પણ સારો એવો પ્રચાર થયો. અરબી ભાષામાં પણ કેટલુંક સાહિત્ય રચાયું.*

**13.4.3 ત્રીજો તબક્કો (12મી થી 13મી સદી સુધી) :**

*સૂફી મતના વિકાસના ત્રીજા તબક્કામાં બે વિચારસરણીઓ ઉદ્દભવી. એક વિચારધારા એકેશ્વરવાદી હતી જ્યારે બીજી વિચારધારા સર્વાત્મવાદી હતી. ઈશ્વર એક, અવ્યક્ત, સર્વશક્તિમાન અને સર્વગોચર છે, એવું એકેશ્વરવાદીઓ માનતા હતા. આ વિચારસરણી કુરાન જેવી જ હતી. બીજી વિચારધારાના સૂફી સંતો ઈશ્વર અને આત્મા વચ્ચે કોઈ ભેદ નથી તેથી તેમના પ્રત્યે અનુરાગ ભાવ રાખવો જોઈએ એવું માનતા હતા. જલાલુદ્દીનરૂમી આ વિચારધારાના પ્રબળ સમર્થક હતા. સૂફી આંદોલન અને સંત સમુદાયમાં તેમનું વિશિષ્ટ સ્થાન છે. તેમણે પોતાના ગ્રંથ 'મનસબી'માં સૂફી સાધના સંબંધે અનેક બાબતો પર પ્રકાશ પાડ્યો છે. તેઓ માનતા કે ઈશ્વર પ્રેમ એ સુંદરતાનો સમુદ્ર છે. સૃષ્ટિના અણુએ અણુમાં તેનું સૌંદર્ય નીખરે છે.*

12*મી સદીમાં ભારતમાં સૂફીવાદનો પ્રવેશ થયો તેના પહેલાં તેનું સ્વરૂપ નક્કી થઈ ગયું હતું. મુસ્લિમ દેશોમાં સૂફી આંદોલને એક સંગઠિત સ્વરૂપ ધારણ કરી લીધું હતું. તેમજ સૂફી સિલસિલાહ (સૂફી ધર્મ સંઘ)ની શરૂઆત થઈ. તે પહેલાં સૂફી સંગઠનો 'તરીકા' તરીકે ઓળખાતાં હતાં. સૂફી સિલસિલાહના મૌલિક તથા નૈતિક સિદ્ધાંત, શિક્ષા, મંત્ર, પ્રાર્થના, ઉપવાસ, જિક્ર, શેખ કે પીર (મુર્શિદ) તથા શિષ્ય (મુરીદ)અને ખાનકાહોની દરરોજની પ્રવૃત્તિ નક્કી થઈ ગઈ હતી. ખાનકાહના આધ્યત્મવાદી ગુરુ (મુર્શિદ) ઈશ્વરના પ્રતિનિધિ ગણાતા. તેતેના શિષ્યોને સૂફીવાદના સિદ્ધાંતો અને નિયમો સમજાવતો. 'આઈને અકબરી'માં અબુલફઝલે* 14 *સૂફી સિલસિલાહોનું વર્ણન કરેલ છે, જેમાં* (1) *ચિશ્તી* (2) *સુહરાવર્દી* (3) *કાદિરી* (4) *સતારી* (5) *હબીબી* (6)*તફૂરી* (7)*જુનૈદી* (8) *કરબી* (9) *શકતી* (10) *ઈયાદી* (11) *તૂસી* (12) *હુબરી* (13) *અધમી* (14) *ફિરદોસી. આમાંના કેટલાક તો ભારતમાં પાછળથી સ્વતંત્ર રીતે વિકસ્યા.*

- **'તમારી પ્રગતિ ચકાસો' – 1**

1. *સૂફીવાદનો અર્થ ટૂંકમાં સમજાવો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. *સૂફીમતના મુખ્ય સિદ્ધાંતોની સંક્ષિપ્તમાં ચર્ચા કરો.*

______________________________________________

______________________________________________

______________________________________________

3. નીચેના પ્રત્યેક વિશે ત્રણ-ચાર વાક્યમાં લખો.

(i) રબિયા

(ii) મન્સુર અલ-હલ્લાજ

(iii) ઈબ્ન અલ અરબી

(iv) અબુ-હમીદ-અલ-ગજબી

**અ. જોડકાં જોડો :**

| | સૂચિ - I | સૂચિ - II |
|---|---|---|
| (A) | પીર / શેખ / મુર્શિદ | (1) શિષ્ય |
| (B) | મુરીદ | (2) ગુરુ કે માર્ગદર્શક |
| (C) | ખલીફા | (3) સૂફી સંતોનું રહેઠાણ |
| (D) | ખાનકાહ | (4) સૂફીમતને અનુસરનાર (અનુપાલક) |

## 13.5 ભારતમાં સૂફી આંદોલનનો વિકાસ

*સૂફીવાદનો ઉદ્દભવ મુસ્લિમ દેશોમાં થયો હતો. પરંતુ સૂફી સંતો ભારતમાં આવ્યા ત્યારે તેમના વિચાર ભારતીય ધર્મોના વિચારો સાથે એકરૂપ થઈ ગયા. ભારતમાં સૂફીવાદનું આગમન મુસ્લિમ આક્રમણો પહેલાં થયું હતું. આરબ યાત્રિકોની સાથે સૂફીસંતોએ પણ ભારતની યાત્રા કરી હતી. એવું કહેવામાં આવે છે કે પ્રથમ શ્રેષ્ઠ સૂફી વિદ્વાન અલ હજ્જામે યોગવિદ્યા શીખવા ભારતની યાત્રા કરી હતી. તેમના ઉપર ભારતીય રહસ્યવાદનો પ્રભાવ પડ્યો હતો. શરૂઆતમાં સૂફીસંતોએ સિંધ અને ખંભાતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. મુલતાન તેમનું સૌથી મહત્વનું કેન્દ્ર હતું. પરંતુ મહમ્મદ ગજનીના સમયમાં લાહોર સૂફી કેન્દ્રના રૂપમાં વિકાસ પામ્યું હતું. અહીં સૂફીવાદનો પ્રચાર સૂફી સંત અબુલ હસન હુજવેરીએ કર્યો હતો. તેઓ ભારતમાં વસવાટ કરનાર સૌથી પહેલા સૂફી સંત હતા. તેમણે પોતાના ગ્રંથ 'કશ્ફૂલ મહઝૂબ'માં તે સમયના સૂફી વિચારોનું વર્ણન કર્યું હતું. તેઓ ઉદાર વિચારોને કારણે લાહોરમાં ખૂબ લોકપ્રિય થયા હતા અને સામાન્ય લોકોમાં તેઓ 'દાતાગંજ બક્ષ' (અસિમિત ખજાનાને વહેંચનાર)ના નામથી ઓળખાતા હતા. તેમનો જન્મ ગઝનીમાં અને શિક્ષણ બગદાદમાં લીધું હતું. તેમને એક કેદી તરીકે લાહોરમાં લાવવામાં આવ્યા હતા. તેમનું મૃત્યુ ઈ.સ. 1072માં લાહોરમાં થયું હતું. ત્યાર પછી ભારતમાં સૂફીવાદનો પ્રચાર કરવા આવનારાઓમાં બાબા ફખરુદીન મહત્વના છે. 14મી સદીના મધ્યભાગ સુધીમાં સમગ્ર ભારતમાં સૂફીવાદનો પ્રચાર થયો.*

## 13.6 ભારતમાં સૂફી સિલસિલાહના પ્રકારો અને પ્રવર્તકો

*દિલ્હી સલ્તનતના શાસન દરમિયાન સૂફીપંથ અનેક સિલસિલાહોમાં વહેંચાઈ ગયો હતો, પરંતુ તેમાં મુખ્યત્વે ચાર સિલસિલાહોનો પ્રભાવ જોવા મળતો હતો. (1) ચિશ્તી સિલસિલાહ (2) સુહરાવર્દી સિલસિલાહ (3) કાદિરી સિલસિલાહ (4) નક્સબંધી સિલસિલાહ. ભારતનો સૌથી પ્રાચીન સૂફી સિલસિલાહ ચિશ્તી સિલસિલાહ છે. આ સિલસિલાહ ભારતમાં ખૂબ લોકપ્રિય થયો અને ઉત્તર ભારતના મોટાભાગના પ્રદેશોમાં તેનો પ્રસાર થયો. ચિશ્તી સિલસિલાહનો ફેલાવો અજમેર, પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર અને ઓરિસ્સા તથા દક્ષિણના કેટલાક ભાગોમાં થયો હતો. સુહરાવર્દી સિલસિલાહનો ફેલાવો સિંધ, મુલતાન, પંજાબ સુધી જ થયો હતો. આ સંતોએ ઈસ્લામ ધર્મના સિદ્ધાંત વહાદુત-ઉલ-વજૂદ (જીવનની એકતા)નો પ્રચાર કર્યો. તેમણે ઝિયારત (દરગાહ ઉપર નિયમિત દર્શને જવાની ક્રિયા) જેવી આદતો-ટેવો વિકસાવી.*

### 13.6.1 ચિશ્તી સિલસિલાહ

- **શેખ મુઈનુદીન ચિશ્તી**

*ચિશ્તીસિલસિલાહની સ્થાપના હેરાત નજીક ખ્વાજા ચિશ્તી નામના ગામમાં થઈ હતી. તેની સ્થાપના કરવાનો શ્રેય ખ્વાજા ઈસહાક સામી ચિશ્તીને જાય છે. પરંતુ અબુલ*

*ફજલના કહેવા મુજબ તેની સ્થાપના ખુરાસાનના રહેવાસી અબુ અબ્દુલ ચિશ્તીએ કરી હતી. ભારતમાં આ સિલસિલાહની સ્થાપનાનો શ્રેય મુઈનુદીન ચિશ્તીને જાય છે. સૂફી મહાત્માઓમાં તેનું નામ ખૂબ જ પ્રસિદ્ધ થયેલું છે. તેમણે ભારતમાં સૌથી વધારે ચિશ્તીસિલસિલાહની સ્થાપના કરી હતી. તેમનો જન્મ ઈરાનના સિસ્તાન નામના શહેરમાં ઈ.સ.1141માં થયો હતો. નાનપણથી જ તેમનું ધ્યાન ઈશ્વરની ભક્તિ તરફ ખેંચાયું હતું. તેમણે સૂફીમતનાં મહત્વનાં કેન્દ્રો એવાં સમરકંદ, બગદાદ અને મક્કાની મુલાકાત લઈને સૂફીમતનો ઊંડો અભ્યાસ કર્યો. તેઓ ખ્વાજા ઉસ્તાન હારુનીના શિષ્ય હતા. તેમની પાસેથી દીક્ષા ગ્રહણ કરી હતી. તેઓ ઈ.સ. 1192માં મુહમ્મદ ઘોરી સાથે ભારત આવ્યા હતા. ત્યાર પછી તેમણે લાહોર અને દિલ્હીમાં આ સિલસિલાહનો પ્રચાર કર્યો. તેમણે 'કાસફૂલ મજહબ' નામના ગ્રંથની રચના કરી હતી. ઈ.સ.1206માં અજમેરને કાયમી નિવાસસ્થાન બનાવી તેમણે ત્યાં ચાલીસ વર્ષ સુધી ધર્મપ્રચાર કર્યો અને 'ખાનકાહ'ની સ્થાપના કરી. તે સમયે પૃથ્વીરાજ ચૌહાણનું શાસન ચાલતું હતું. એવું કહેવામાં આવે છે કે હિન્દુઓએ તેમને કાઢી મૂકવાની માંગ કરી હતી. આ કામ માટે પૃથ્વીરાજ ચૌહાણે રામદેવ નામના પૂજારીને મોકલ્યા પરંતુ રામદેવ તેમનાથી એટલા પ્રભાવિત થયા કે તેમના શિષ્ય બની ગયા. તેમની વિદ્વતા, યોગ્યતા અને સાદાઈને કારણે તેમને ઘણું સન્માન મળેલું. પરિણામે 'સુલતાન-ઉલ-હિન્દ' (ભારતના આધ્યાત્મિક સમ્રાટ) તરીકે ઓળખવામાં આવતા. તેમનો મુખ્ય સિદ્ધાંત અને ઉપદેશ એ હતો કે 'સંસારના સમગ્ર ધર્મોનો મૂળ સ્રોત એક છે અને વિવિધ ધર્મો અને સંપ્રદાયો તો ઈશ્વરને પ્રાપ્ત કરવા માટેનું એક માત્ર સાધન છે. તેઓ એવું માનતા હતા કે ભક્તિ અને સંગીત ઈશ્વરની નજીક પહોંચવાનો માર્ગ છે'. તેમના ઉપદેશોનો હિન્દુ અને મુસ્લિમ બંને પર પ્રભાવ પડ્યો. તેમણે ગરીબોની ખૂબ જ સેવા કરી એટલે લોકો તેમને 'ગરીબ નવાઝ' તરીકે ઓળખતા હતા. તેમના શિષ્ય બનેલા બ્રાહ્મણો 'હુસેની બ્રાહ્મણ' તરીકે ઓળખાતા હતા. ઈ.સ. 1236માં તેમનું અવસાન થયું. તેમના નામ પર અજમેરમાં એક દરગાહ છે. તેમની દરગાહ પર અસંખ્ય હિન્દુઓ અને મુસ્લિમો જાય છે. તેમણે તેમના ઉપદેશો દ્વારા હિન્દુ અને મુસલમાનોમાં એકતા સ્થાપવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા. તેના લીધે જ દર વર્ષે અજમેરમાં તેમના ઉર્સમાં (મેળામાં) લાખો હિન્દુ અને મુસલમાનો આવે છે.*

- **શેખ હમીદઉદીન નાગોરી**

*શેખ મુઈનુદીન ચિશ્તીના બે શિષ્યો અત્યંત લોકપ્રિય થયા. જેમણે તેમના ઉપદેશોનો પ્રચાર કર્યો. તેમાંથી એક શેખ હમીદઉદીન નાગોરી અને બીજા નેતા શેખ કુતુબુદીન બખ્તિયાર હતા. શેખ હમીદઉદીનનો જન્મ દિલ્હીમાં મુસ્લિમ સત્તાની સ્થાપના પછી થયો હતો. તેઓ યુવાનીમાં જ શેખ મુઈનુદીન ચિશ્તીના શિષ્ય બની ગયા હતા. તેમના આધ્યાત્મિક ગુણોથી પ્રભાવિત થઈને શેખ મુઈનુદીને તેમને 'સુલતાન તારીક્તિ (સુલતાનોને ત્યાગનાર)ની ઉપાધિ આપી હતી. તેઓ તેમની પત્ની સાથે નાગૌરના સુવલ ગામમાં ખેડૂતનું સાદું જીવન જીવતા હતા અને ફક્ત એક વીઘાના ખેતરમાં ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવતા. તેઓ શાકાહારી હતા. તેમણે ફારસી સૂફી કાવ્યોનું સ્થાનિક*

*ભાષામાં ભાષાંતર કર્યું હતું. તેઓ ઉદાર વિચારસરણી ધરાવતા હોવાથી હિંદુને 'કાફિર' કહેવાથી દૂર રહેતા.*

- **ખ્વાજા કુત્બુદીન બખ્તિયાર કાકી**

*તેઓ શેખ મુઈનુદીનના મહાન શિષ્ય હતા. તેમનો જન્મ ફરગાનાના ગૌસ નામના ગામમાં થયો હતો. શેખ મુઈનુદીને તેમને બખ્તિયાર અથવા 'ભાગ્ય બંધુ'નું નામ આપ્યું હતું. એક પરંપરા મુજબ તેમને 'કાકી' કે 'ભાગ્યવાન રોટિયોવાળા' તરીકે ઓળખવામાં આવતા હતા. ઈલ્તુત્મિશના આગ્રહથી ખ્વાજા કુત્બુદીન દિલ્હીમાં રહેતા હતા. ઈલ્તુત્મિશ તેમનો ખૂબ જ આદર કરતો અને તેમની દૈવી શક્તિમાં વિશ્વાસ ધરાવતો હતો. ઈલ્તુત્મિશ તેમને શેખ-ઉલ-ઈસ્લામ તરીકે નિયુક્ત કરવા ઈચ્છતો હતો પરંતુ તેમણે એ પદ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો. તેમનું અવસાન ઈ.સ.1236{ાં થયું હતું.*

- **બાબા ફરીદ**

*તેમનો જન્મ ઈ.સ.1175માં મુલતાન નજીક થયો હતો. તેઓ શેખ બખ્તિયાર કાકીના મુખ્ય શિષ્ય હતા. એક ચમત્કારના કારણે તેમને 'ગંજ-એ-શંકર'ની ઉપાધિ પ્રાપ્ત થઈ હતી. તે સતલજ નદીના કિનારે 'ફરીદ કુટીર' બનાવીને એકલા રહેતા હતા. સૂફીમતના ઈતિહાસમાં શેખ ફરીદનું મહત્વનું સ્થાન રહેલું છે. તેમણે હાંસી અને અજોધાનમાં સૂફીમતનો પ્રચાર કર્યો હતો. તેમના પ્રયત્નોના ફળસ્વરૂપે ચિશ્તી સિલસિલાહ અખિલ ભારતીય સંપ્રદાય બન્યો હતો. તેમણે માનવ સેવા માટે ઉપદેશ આપ્યો હતો. તેમના ઉપદેશથી હિન્દુ અને મુસલમાન બંને પ્રભાવિત થયા હતા. તેમણે હિન્દુ-મુસ્લિમ એકતામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. બાબા ફરીદના વિચારોને શીખોના ધર્મગ્રંથ આદિગ્રંથ સાહેબમાં પણ સમાવેશ કરેલ છે. ઈ.સ.1265માં તેમનું અવસાન થયું. તેમની દરગાહ અજોધાન(પાકપટ્ટણ)માં આવેલી છે.*

- **શેખ નિઝામુદીન ઓલિયા**

*બાબા ફરીદના બે મુખ્ય શિષ્યો હતા. શેખ નિઝામુદીન ઓલિયા અને શેખ અલાઉદીન શાબીર. શેખ નિઝામુદીનનો જન્મ ઈ.સ.1236માં ઉત્તરપ્રદેશના બદાયુમાં થયો હતો. નાનપણમાં જ પિતાનું મૃત્યુ થતાં તેમનું પાલન-પોષણ તેમની માતાએ કર્યું હતું. તે અત્યંત ધાર્મિક મહિલા હતાં. તેઓ વીસ વર્ષની ઉંમરે અજોધાન જઈને શેખ ફરીદના શિષ્ય બની ગયા હતા. ઈ.સ.1258માં તેમણે દિલ્હીને સૂફીમતનું પ્રચારનું કેન્દ્ર બનાવ્યું હતું. તે ગ્યાસુદીન અને તેના પુત્ર મુહમ્મદ તુઘલકના સમકાલીન હતા. તેમણે સાત સુલતાનોનું શાસન જોયું હતું પરંતુ એમાંના એક પણ સુલતાનને મળ્યા ન હતા. તેમણે ગ્યાસુદીન તુઘલકને કહ્યું હતું કે 'હનુંજ દિલ્હી દૂર અસ્ત' (હજી દિલ્હી દૂર છે). તેમની ઉદાર પ્રવૃત્તિઓ અને સંગીત પ્રેમને લઈને કેટલાક લોકો તેમનો વિરોધ કરતા હતા. તેમના પર સૌથી વધારે ગુસ્સે ગ્યાસુદીન તુઘલક થયો હતો કારણ કે શાહજાદો ઉલુગખાં તેમનો શિષ્ય બન્યો હતો. તેઓ ગરીબ અને દુઃખી લોકોની સેવા કરતા અને હિન્દુ-મુસલમાન વચ્ચે કોઈ ભેદભાવ રાખતા નહીં. તેમની એટલી બધી લોકપ્રિયતા હતી કે*

*તેમને 'મહબૂબ-એ-ઈલાહી' (અલ્લાહના પ્રિય) તરીકે ઓળખવામાં આવતા હતા. ઈતિહાસકાર બરની અને અમીર ખુશરો પણ તેમના શિષ્યો હતા. તેમણે સ્થાપેલો પંથ નિઝામિયા પંથ તરીકે પ્રખ્યાત છે. આ પંથ સમગ્ર ભારતમાં ફેલાયો હતો. આ પંથના ખાનકાહો (મઠો) જમાતખાનાઓ (સભાખંડો), ઝાવિયારો (સાધુ-સંગઠનો) અને તકિઆહો (સાધુ કુટીરો) દેશમાં દિલ્હીથી દેવગિરિ અને મુલતાનથી લખનૌ સુધી જોવા મળતાં હતાં.*

*નિઝામુદીન ઓલિયાના અનેક શિષ્યો હતા. જેમાં શેખ સિરાજુદીન ઉસ્માનીએ બંગાળમાં, શેખ બુરહાનુદીન ઘારીબે દોલતાબાદ ક્ષેત્રમાં તેમજ શેખ હિસામુદીન, સૈયદ હસૈન અને શાહ બરકતઉલ્લાએ ગુજરાતમાં સૂફીમતનો પ્રચાર કર્યો. જેમાં સિરાજુદીન ઉસ્માની 'અલી સિરાજ' અને 'આઈના-એ-હિન્દ'ના નામે પ્રખ્યાત થયા હતા. તેમના એક શિષ્ય બુરહાનુદીન ઘારીબને સુલતાન મુહમ્મદ તુઘલકે દક્ષિણ ભારતમાં વસવાટ કરવાની ફરજ પાડી હતી. તેથી તેમણે દોલતાબાદને પોતાનું મુખ્ય કેન્દ્ર બનાવીને દક્ષિણ ભારતમાં ચિશ્તી સંપ્રદાયનો પ્રચાર કર્યો. જ્યારે બીજા શિષ્ય શેખ નાસિરુદીન દિલ્હીમાં 'ચિરાગ-એ-દિલ્હી' તરીકે જાણીતા થયા હતા. તેમણે પોતાના ગુરુની પરંપરાઓનું પાલન કરીને શાસક વર્ગથી દૂર રહ્યા હતા. મુબારકશાહ ખિલજી અને મુહમ્મદ તુઘલકે તેમનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેમણે તેની અવગણના કરી હતી. તેમણે દિલ્હી અને તેની આસપાસના પ્રદેશોમાં સૂફીવાદનો પ્રચાર કર્યો હતો. ઈ.સ.1336માં તેમનું મૃત્યુ થયું.*

- **અમીર ખુશરો**

*સૂફીમતના ઈતિહાસમાં અમીર ખુશરોનું સ્થાન ખૂબ મહત્વનું છે. તેમનો જન્મ ઈ.સ.1253માં ઉત્તરપ્રદેશના પટિયાલી ગામમાં થયો હતો. અમીર ખુશરો જન્મથી જ પ્રતિભાશાળી હતો અને સલ્તનતકાળમાં તેને હિન્દુ-મુસ્લિમનો શ્રેષ્ઠ પ્રતિનિધિ માનવામાં આવે છે. તે સૂફી હોવાની સાથે તેનામાં દેશ-પ્રેમની ભાવના જોવા મળતી હતી. બલ્બનના સમયમાં સાહિત્યક્ષેત્રે તેને ઊંચું સ્થાન પ્રાપ્ત થયું હતું. તેણે ઘણા સુલતાનોના સમયગાળામાં ઉચ્ચ પદ પ્રાપ્ત કર્યું હતું. તે એક સૂફી તરીકે શેખ નિજામુદીન ઓલીયાનો શિષ્ય હતો. શેખ નિજામુદીન પણ ખુશરોને ખૂબ પ્રેમ કરતા હતા અને તેમણે ખુશરોને 'તુકીલ્લા'ની ઉપાધિ આપી હતી. ખુશરો પોતાના ગુરુના મૃત્યુને સહન નહી કરી શકતાં. થોડા સમય પછી ઈ.સ.1325માં તેનું મૃત્યુ થયું. તેનામાં હિન્દુઓ પ્રત્યે પ્રેમ અને સહિષ્ણુતાની ભાવના જોવા મળતી હતી. તેણે ખડીબોલીમાં સૌથી પ્રથમ કાવ્યની રચના કરી હતી. કાવ્યભક્તિના રૂપમાં ઉર્દૂનો ઉપયોગ કરવાવાળો પહેલો લેખક હતો. તે હિન્દુઓની ભક્તિ અને ત્યાગની ભાવનાથી ખૂબ પ્રભાવિત થયો હતો અને તેણે મુસલમાનોને આગ્રહ કર્યો હતો કે તેઓ પણ આ પ્રકારની ભક્તિ અને ત્યાગનો સ્વીકાર કરે. યુસુફ હુસેન લખે છે કે "ખુશરો પોતાના સમયની હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિનો મહાન પ્રતિનિધિ હતો. મધ્યકાલીન ઈતિહાસમાં તેનું ચતુર્મુખી વ્યક્તિત્વ તેના કોઈપણ સમકાલીન કરતાં શ્રેષ્ઠ અને અદ્વિતિય હતું". તે આ સમયના સાહિત્ય, કલા, સંસ્કૃતિ અને ધર્મનો પ્રતિનિધિ હતો.*

- **શેખ મુઈઉદ્દીન**

*શેખ મુઈઉદ્દીનનો જન્મ ઈ.સ. 1375માં કાશ્મીરમાં થયો હતો. આ સૂફી સંતને નાનપણથી સાંસારિક બંધનોમાં કોઈ રસ ન હતો. તે યુવાવસ્થામાં જ ઘર છોડીને ઈશ્વરની શોધમાં નીકળી ગયા હતા. તે પોતાના સરળ સ્વભાવ, ઉચ્ચ અને પવિત્ર જીવન તથા આચરણને કારણે જનતામાં ખૂબ લોકપ્રિય બન્યા હતા. તેમણે ઉપદેશ આપ્યો હતો કે ઈશ્વર પ્રાપ્ત કરવા માટે માણસે અહંકારનો ત્યાગ કરવો જોઈએ. તેમની સમાધિ કાશ્મીરમાં આજે પણ તેમના ભક્તો માટે તીર્થસમાન છે.*

- **મુહમ્મદ બંદા નવાજ ગેસુદરાજ**

*શેખબદ્રુદીન ઘારીબે ચિસ્તી સંપ્રદાયના પ્રચારની શરૂઆત દક્ષિણ ભારતથી કરી ત્યારથી દક્ષિણ ભારત સૂફીપંથનું કેન્દ્ર બન્યું હતું. ઉત્તર અને દક્ષિણના સૂફી સંતોમાં ફરક એ હતો કે ઉત્તરના સૂફી સંતોએ રાજ્યાશ્રય સ્વીકાર્યો ન હતો જ્યારે દક્ષિણ ભારતના સૂફી સંતોએ રાજ્યાશ્રયનો સ્વીકાર કર્યો. શેખ નાસીરુદીન ચિરાગનાશિષ્ય ખ્વાજા સૈયદ મુહમ્મદ બંદાનવાજ ગૈસુદરાજને બ્રહમને સુલતાન ફિરોજશાહે આશ્રય આપ્યો. તેમનો જન્મ ઈ.સ.1321માં થયો હતો. તેમનું મૂળ નામ ખ્વાજા બંદેનવાજ હતું. જ્યારે તેમનું ધ્યાન ઈશ્વર પ્રેમ તરફ આકર્ષાયું ત્યારે તેમણે દક્ષિણ ભારતના ગુલબર્ગમાં વસવાટ કર્યો. તેમણે ઈસ્લામની બાહ્ય વિધિઓનો વિરોધ કર્યો. ગુલબર્ગમાં આવેલી તેમની દરગાહમાં દર વર્ષે ગેસુબાબાનો (ઉર્સ) મેળો ભરાય છે. જેમાં હજારોની સંખ્યામાં હિન્દુ-મુસલમાન ભાગ લે છે. તેમણે 105 જેટલાં પુસ્તકો લખ્યાં હતાં. જેમાં "ખૈરાત-ઉલ-કુદરા" અને 'અસમા-ઉલ-સરારાર' પ્રખ્યાત છે. તેમણે 'મીરાજ-ઉલ-આશિકીની' નામનું ઉર્દૂ શાયરીને લગતું પહેલું પુસ્તક લખ્યું હતું. પરંતુ ગૈસુદરાજ પછીના સંતો પ્રભાવશાળી ન હોવાને કારણે દક્ષિણમાં ચિશ્તી સિલસિલાહના પ્રચારનો વેગ ધીમો પડી ગયો.*

- **અન્ય સૂફી સંતો**

*ચિસ્તી સિલસિલાહના સૂફીમતનો પ્રચાર ગુજરાતમાં પણ થયો હતો. જેમાં મુખ્ય સંતો કુત્બે આલમ (વટવા ખાતે), શેખ અહમદખટ્ટુ ગંજબખ્સ (સરખેજ ખાતે) અને શાહે આલમ (અમદાવાદમાં રસુલાબાદ મુકામે) આ સમયમાં થઈ ગયા. 16મી સદીમાં ચિસ્તી સિલસિલાહના મહત્વના સંત શેખ સલીમ ચિશ્તી અકબરના સમકાલીન હતા એવું કહેવામાં આવે છે કે તેમના આશીર્વાદથી અકબરના પુત્ર સલીમનો જન્મ થયો હતો. તેમની કબર ફતેપુર સીક્રીની જામા મસ્જિદની નજીક છે.*

### 13.6.2 સુહરાવર્દી સિલસિલાહ

- **શેખ બહાઉદીન ઝકરિયા**

*ભારતમાં ચિશ્તી સિલસિલાહ પછી લોકપ્રિયતા પ્રાપ્ત કરવામાં સુહરાવર્દી સિલસિલાહનું મહત્વનું સ્થાન છે. આ સિલસિલાહનું ઉદ્દભવસ્થાન ઈરાનમાં હતું. ઈરાનમાં હમદાન અને ઝંઝાન વચ્ચે આવેલું સ્થળ તે સુહરાવર્દ. આ સિલસિલાહના*

*સ્થાપક શિહાબુદીન સુહરાવર્દી હતા. તેમણે પોતાના શિષ્યોને ભારત જઈને તેમના ઉપદેશોનો પ્રચાર કરવા આદેશ કર્યો હતો. ભારતમાં આ સિલસિલાહની સ્થાપના કરવાનું શ્રેય બહાઉદ્દીન ઝકરિયાના ફાળે જાય છે. તેમનો જન્મ ઈ.સ.1182માં મુલતાન નજીક થયો હતો. જ્યારે તેઓ શિક્ષા પ્રાપ્ત કરવા માટે બગદાદ ગયા ત્યારે તેમનો પરિચય શિહાબુદીન સાથે થયો. તેઓ શિહાબુદીનના શિષ્ય બન્યા. તેમણે ભારત પાછા આવીને મુલતાનમાં એક ભવ્ય 'ખાનકાહ'ની સ્થાપના કરી. સિંધ અને તેની આજુબાજુના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો તેમના શિષ્યો બન્યા. આ સમયે મુલતાનમાં કુબેચાનું શાસન હતું. આ સૂફીસંતેકુબેચાના અત્યાચારોની નિર્ભયતાથી આલોચના કરી હતી.*

*બહાઉદ્દીન ઝકરિયા પ્રભાવશાળી સંત હતા. તેઓ મધ્યકાલીન સૂફીઓમાં સૌથી વધુ ધનવાન સૂફી હતા. તે સુખ-સુવિધાવાળું જીવન જીવવામાં માનતા હતા. તે ઈસ્લામના નિયમોનું કડક રીતે પાલન કરવામાં માનતા હતા. તેમણે હિન્દુઓના રિવાજોનો વિરોધ કરીને ઈસ્લામના રિવાજોને યોગ્ય ગણાવ્યા હતા. સુલતાન ઈલ્તુત્મિશે તેમને 'શેખ-ઉલ-ઈસ્લામ'ની ઉપાધિ આપી હતી. અનેક ધનવાન મુસલમાન તથા અમીરો તેમના શિષ્ય હતા. તેમનું મૃત્યુ ઈ.સ.1262માં થયું. તેમણે પોતાની બધી જ સંપત્તિ પોતાના સાત પુત્રોને વહેંચી દીધી હતી.*

- **શેખ સદ્રઉદીન આરિફ**

*બહાઉદ્દીન ઝકરિયાના મૃત્યુ પછી સુહરાવર્દી સિલસિલાહમાં વંશપરંપરાગતની પ્રથા શરૂ થઈ. તેમના મૃત્યુ પછી તેમનો સૌથી મોટો પુત્ર સદ્રઉદીન આરિફ ઉત્તરાધિકારી બન્યો. તેણે મુલતાનને પોતાનું કેન્દ્ર બનાવ્યું. આ સમયે સુહરાવર્દી સિલસિલાહ બે ભાગોમાં વહેંચાઈ ગયો. મુલતાન શાખામાં મુખ્ય સદ્રઉદીન હતા અને બીજી શાખા ઉચ્છમાં બહાઉદીનના શિષ્ય સૈયદ જલાલુદીન સુર્ખ બુખારી હતા. શેખ સદ્રઉદીનનું જીવન પોતાના પિતાથી અલગ હતું. તેમણે પોતાના પિતા પાસેથી પ્રાપ્ત થયેલી સંપત્તિમાંથી સાત લાખ ટંકા ગરીબોમાં વહેંચી દીધા તેમજ સાદું જીવન જીવવાનું પસંદ કર્યું.*

- **શેખરુકનુદીન અબુલફતહ**

*શેખસદ્રઉદીન આરીફના મૃત્યુ પછી તેનો પુત્ર રુકનુદીન અબુલફતહ મુલતાન શાખાનો મુખ્ય સૂફીસંત બન્યો. તેણે સુહરાવર્દી સિલસિલાહનો ખૂબ જ પ્રચાર કર્યો. આ સિલસિલાહમાં તેમણે એ સ્થાન પ્રાપ્ત કર્યું. જે ચિશ્તી સિલસિલાહમાં નિઝામઉદીન ઓલિયાને પ્રાપ્ત થયું હતું. બરનીએ તેની પ્રશંસા કરતાં લખ્યું છે કે સિંધમાં તેમના વિચારોનો એટલો ફેલાવો થયો જેના પરિણામે અનેક ઉલેમાઓ તેના શિષ્ય બની ગયા.*

- **શેખ જલાલુદીન સુર્ખ**

*તેઓ ઉચ્છ શાખાના મુખ્ય સૂફીસંત હતા. તેમણે બિહારમાં સૂફીમતનો પ્રચાર કર્યો. બિહારમાં આ શાખા સુહરાવર્દી સિલસિલાહની હતી અને તેને ફિરદોસિયા સિલસિલાહ તરીકે ઓળખવામાં આવતી હતી.*

સુહરાવર્દી સિલસિલાહમાં મુરીદ (શિષ્ય) બનનારને સૌથી પહેલા પ્રાયશ્ચિત કરવું પડતું હતું. તેના પછી નિયમિત તથા ચુસ્તપણે નમાજ, રોજા વગેરે ઈસ્લામના નિયમોનું પાલન કરવું પડતું હતું. ઉચ્છ અને મુલતાન આ સિલસિલાહનાં મુખ્ય કેન્દ્રો હતાં. ધર્મ અને રાજનીતિને લગતી બાબતોમાં આ સિલસિલાહના  સંતોનું વલણ ચિશ્તી સંતો કરતાં જુદું હતું. તેઓ પાસે મોટી જાગીરો હતી. ચિશ્તી પરંપરાથી વિરુદ્ધ આ પરંપરા રાજ્ય સાથે સંબંધ ધરાવતી રાજ્યાશ્રિત હતી. તેઓ જ્ઞાનપ્રાપ્તિ માટે અને ગરીબોની સેવા માટે રાજ્ય પાસેથી ભેટ લેવી જોઈએ તેમ માનતા. તેમણે ધાર્મિક અને સામાજિક મહત્વની ઘણી બાબતોમાં અક્કડ અને બિનસમાધાનકારી વલણ અપનાવ્યું હતું. દા.ત. ઝિયાઉદ્દીન બરનીએ નોંધ્યું છે તેમસૈયદ નુરુદીન મુબારક ગઝનવીએ ઈલ્તુત્મિશને હિંદુઓ વિરુદ્ધ ભેદભાવભરી અને હેરાન કરવાની નીતિ અપનાવવાની સલાહ આપી હતી. તેમ છતાં ઘણા સહરાવર્દી સંતો સહિષ્ણુ અને ઉદાર હતા અને તેમની તરફ હિંદુઓ પણ આદર ધરાવતા હતા.

સલ્તનયુગમાં પંજાબ, સિંધ, ગુજરાત અને બંગાળમા સુહરાવર્દી પંથનો પ્રચાર ખૂબ થયો હતો. બંગાળના હિંદુઓની શેખ જલાલુદીન તબ્રીઝી પ્રત્યેની ભક્તિનો ખ્યાલ 'શેખ શુભોદય' નામના સંસ્કૃત પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે. સુહરાવર્દી સિલસિલાહના સંતોને રાજગુરુ કક્ષાનું માન મળતું હતું. સુલતાન મુહમ્મદ તુઘલકે સૈયદ જલાલઉદીન બુખારીને 'શેખ-અલ-ઈસ્લામ'નું પદ આપેલું પરંતુ તેમણે તેનો અસ્વીકાર કર્યો હતો.

### 13.6.3 કાદિરી સિલસિલાહ

ભારતમાં સૂફી સિલસિલાહોના વિકાસમાં બે પ્રકારની વિચારસરણી જોવા મળતી હતી. શરૂઆતનાસિલસિલાહો ઉદાર વિચારસરણી ધરાવતા હતા. ચિશ્તી સિલસિલાહ ઉદાર વિચારસરણી ધરાવતો હતો જ્યારે સુહરાવર્દી સિલસિલાહ એટલો ઉદાર ન હતો છતાં પણ તેણે સમન્વયની ભાવના અપનાવી હતી. ત્યાર પછી કાદિરી અને નકશબંધી સિલસિલાહોનો વિકાસ થયો. તેમનો ઉદ્દેશ્ય ઈસ્લામની પ્રતિષ્ઠાને મજબૂત કરવાનો હતો.

12મી સદીમાં આ સિલસિલાહની સ્થાપના બગદાદના શેખ અબ્દુલ કાદિર જિલાનીએ કરી હતી. ભારતમાં તેની સ્થાપના મુહમ્મદ ગૌસે કરી હતી. તે અબ્દુલ કાદિરનો વંશજ હતો અને ઉચ્છ પ્રદેશમાં વસવાટ કરતો હતો. ઈ.સ.1517માં તેનું મૃત્યુ થયું. તેનો પુત્ર અબ્દુલ કાદિર બીજો તેનો ઉત્તરાધિકારી હતો. તે સૂફી સંત થયા પછી સાદું જીવન જીવવા લાગ્યા. તેઓ ફતેહપુર સિક્રીના દીવાને આમમાં બંદગી કરતા હતા. તેમને અકબરે મોટી જાગીર આપી હતી. શાહજહાંનો પુત્ર દારા શિકોહ કાદિરી સૂફી સિલસિલાહનો અનુયાયી હતો. તે પહેલાં મીયાં મીર અને ત્યાર પછી મુલ્લાશાહ બદક્ષીનો શિષ્ય બન્યો હતો. દારાએ કાદિરી સિલસિલાહના પ્રભાવમાં આવીને 'સફિન તુલ ઓલિયા' અને 'સકિન તુલ ઓલિયા' નામના બે ગ્રંથો લખ્યા હતા. તે સિવાય દારાશિકોહે ફરસીમાં "મજમા-ઉલ-બહૈરન" (બે સમુદ્રોનું સંગમ) નામનો ગ્રંથ લખ્યો હતો. તેમાં તેણે સૂફીમત તેમજ હિન્દુમતનું તુલનાત્મક વર્ણન કરેલ છે. તેણે સંસ્કૃત પંડિતોની મદદથી 'ભગવદ્ગીતા' અને 'યોગ વશિષ્ઠ'નો ફારસી ભાષામાં અનુવાદ કર્યો હતો. આ

સિલસિલાહ કટ્ટરવાદી વિચારસરણી ધરાવતો હોવા છતાં દારાશિકોહ ઉદાર વિચારસરણી ધરાવતો હતો અને હિન્દુ તેમજ મુસ્લિમ ધર્મ વચ્ચે એકતા સ્થાપવા ઈચ્છતો હતો.

કાદિરી સિલસિલાહના સંતો રૂઢિવાદી ઈસ્લામનો પ્રચાર કરવા ઈચ્છતા હતા. તે લોકો હિન્દુઓનું ધર્મ પરિવર્તન કરીને તેમને મુસલમાન બનાવવા ઈચ્છતા હતા. આ સિલસિલાહમાં સંગીતનું પણ મહત્વ ન હતું.

### 13.6.4 નકશબંધી સિલસિલાહ

14મી સદીમાં આ સિલસિલાહની સ્થાપના તુર્કસ્તાનના ખ્વાજા બહાઉદ્દીન નકશબંદે કરી હતી. તેમનો વ્યવસાય નકશબંદ એટલે કે કિનખાબ બનાવવાનો હતો. તેથી તેમનો પંથ 'નકશબંદ' તરીકે ઓળખાયો. અકબરના શાસન દરમિયાન કાબૂલથી દિલ્હી આવી સ્થાયી થયેલા ખ્વાજા મોહમ્મદ બકી બિલ્લાહે ભારતમાં તેની સ્થાપના કરી. પરંતુ સમગ્ર ભારતમાં તેનો પ્રચાર કરવાનો શ્રેય તેમના શિષ્ય અહમદ ફારુકીને જાય છે. તેમને શેખ અહમદ સરહિંદી તરીકે પણ ઓળખવામાં આવે છે. તે અકબર અને જહાંગીરના સમકાલીન હતા અને મુજદીદના નામથી પ્રખ્યાત હતા. તેમને જહાંગીરે કેદ કર્યા હતા. તેમણે સર્વેશ્વરવાદી ફિલસૂફી (વહ્દત-ઉલ-વુઝૂદ)નો વિરોધ કર્યો અને પોતાના વહદ-તુશ-શુહદ (દ્રશ્ય જગતની એકતા)નો પ્રચાર કર્યો. તેમનું કહેવું હતું કે અલ્લાહ અને મનુષ્ય વચ્ચેનો સંબંધ પ્રેમી અને પ્રેમિકા જેવો નથી પરંતુ સ્વામી અને સેવકનો છે. આ રીતે તેમણે સૂફીમતને રૂઢિવાદી ઈસ્લામ સાથે જોડવાનો પ્રયત્ન કર્યો. તેમણે અકબરની ઉદારનીતિનો પણ વિરોધ કર્યો. મુગલ બાદશાહ ઔરંગઝેબને પણ આ સિલસિલાહમાં રસ હતો અને તેને અપનાવ્યો હતો. આ સિલસિલાહના અનુયાયીઓ આધ્યાત્મિક તત્વો કે સંબંધમાં જુદા જુદા નકશા બનાવતા અને તેમાં રંગો પૂરતા હતા, પરંતુ તેઓ સંગીતના વિરોધી હતા.

### 13.6.5 અન્ય સિલસિલાહ

15મી અને 16મી સદી દરમિયાન ભારતમાં ત્રણ મહત્વના સિલસિલાહ ઉદ્દભવ્યા. (1) સતારી સિલસિલાહ (2) મહ્દવી સિલસિલાહ (3) રૌશનિયા સિલસિલાહ. આ ત્રણેય સિલસિલાહ ઉપર ભક્તિ આંદોલનની અસર જોવા મળતી હતી. 15મી સદીમાં ભારતમાં સતારી સિલસિલાહની સ્થાપના શાહ અબ્દુલા સતારીએ કરી હતી. આ કટ્ટરપંથી સિલસિલાહ હતો. સતારી સિલસિલાહના મુખ્ય કેન્દ્રો બંગાળ, જોનપુર અને માળવા હતાં.સતારી સૂફીસંતોના સંબંધો પણ શાસક વર્ગ સાથે હતા અને રાજ્યના સંરક્ષણનો સ્વીકાર કર્યો હતો.આ સિલસિલાહમાં શેખ મુહમ્મદ આવા કાઝીન, શેખ હાફિઝ, શેખ મુહમ્મદ ઘૌસ વગેરે સંતો થઈ ગયા. ગ્વાલિયરના શેખ મુહમ્મદ ઘૌસના શિષ્યોમાં પ્રસિદ્ધ સંગીતકાર તાનસેન અને અમદાવાદના સૈયદ વાજિહુદીન અલવી ખૂબ પ્રખ્યાત હતા. તેમાં સૈયદ અલવીની મદ્રેસાની ગણના ભારતમાં વિખ્યાત શિક્ષણ કેન્દ્રોમાં થતી હતી.

મહ્દવી સિલસિલાહની શરૂઆત જૌનપુરના મુહમ્મદ મહેંદીએ કરી હતી. આ સિલસિલાહની સ્થાપના જુદા જુદા સિલસિલાહો વચ્ચે જોવા મળતા મતભેદોને દૂર કરવા

*માટે થઈ હતી. પરંતુ આ સિલસિલાહના સંતોને 'ઉલેમાઓ' અને સુલતાનોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો.*

*રોંશનિયા સિલસિલાહની સ્થાપના જલંધરના વતની બાયઝીદ અન્સારીએ કરી હતી. તેમણે ધાર્મિક ક્રિયાકાંડોનો વિરોધ કર્યો હતો. ફરદૌસી સિલસિલાહ સુહરાવર્દીની એક શાખા હતી. તેની સ્થાપના 14મી સદીમાં બિહારના રાજગીરમાં થઈ હતી. આ ઉપરાંત કાશ્મીરમાં 15મી સદીની શરૂઆતમાં નુરુહદીનવાલી નામના સૂફી સંતે ઋષિ સિલસિલાહની સ્થાપના કરી હતી. કાશ્મીરમાં સાદાઈના પ્રતિક તરીકે આ સિલસિલાહ ખૂબ લોકપ્રિય થયો. કાશ્મીરના પ્રચલિત શૈવમતની આ સિલસિલાહ ઉપર વિશેષ અસર થઈ હતી તેથી હિન્દુઓ પણ તેમાં મોટી સંખ્યામાં જોડાયા.*

- **'તમારી પ્રગતિ ચકાસો' - 2**

(1) *મધ્યકાલીન ભારતમાં સૂફી મતના વિકાસ પર ચર્ચા કરો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

(2) *ચિશ્તી સિલસિલાહ વિશે ટૂંકમાં લખો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

(3) *સુહરાવર્દી સિલસિલાહ વિશે ટૂંકમાં લખો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

(4) *કાદિરી, નકશબંધી અને સતારી સિલસિલાહ વિશે ત્રણ-ત્રણ વાક્યો લખો.*

(5) *નીચેના પ્રત્યેક વિશે ચાર-ચાર વાક્ય લખો.*

**(1) મુઈનુદીન ચિશ્તી**

**(2) બાબા ફરીદ**

**(3) નિઝામુદીન ઓલિયા**

**(4) મહ્દવી સિલસિલાહ**

## 13.7 ચિશ્તી સિલસિલાહનાં લોકપ્રિય થવાનાં કારણો

*સલ્તનતકાળ દરમિયાન બધા જ સૂફી સિલસિલાહોનો ઉદ્દેશ્ય એકસરખો હતો. આધ્યાત્મિક ગુરુના માર્ગદર્શન હેઠળ સૂફી માર્ગ અપનાવીને ઈશ્વર સાથે સીધો સંવાદ કરવો. દરેક સૂફી સિલસિલાહે અલગ-અલગ રીતરિવાજ અપનાવ્યા અને રાજ્ય તેમજ*

*સમાજ પ્રત્યે પણ તેમનો દૃષ્ટિકોણ અલગ હતો. આ સમયગાળા દરમિયાન બધા જ સિલસિલાહોમાં ચિશ્તી સિલસિલાહ સૌથી વધારે લોકપ્રિય થયો. તેનો પ્રચાર-પ્રસાર પણ ખૂબ થયો. જેનાં કારણો નીચે મુજબ હતાં.*

- *ચિશ્તી સિલસિલાહના સંતો ગૃહસ્થી જીવન સાથે ઈશ્વર પ્રાપ્તિની સાધના કરતા હતા. આમાંથી પ્રેરણા લઈને અન્ય ગૃહસ્થીઓ પણ જોડાઈ ગયા.*
- *ચિશ્તી સિલસિલાહની ઘણી બધી પ્રથાઓ ભારતમાં લોકપ્રિય થયેલ નામપંથી માર્ગનાઘણાખરા સિદ્ધાંતો જેવી જ હતી. આમ ચિશ્તી સિલસિલાહનું મૂળ ભારતીય પ્રણાલિકાનું હતું.*
- *ચિશ્તી સિલસિલાહના મોટાભાગના સંતો ઉદાર વિચારસરણી ધરાવતા હતા. તેમનામાં સહેજ પણ આડંબર ન હતો. તેમનાં નિવાસસ્થાનો ઘાસ અને માટીની ઝૂંપડીઓથી બનેલા હતા. તેમણે રાજ્યાશ્રય સ્વીકાર્યો નહી. તેમની પાસેથી દાન પણ લીધા નહી. તેમની આ પ્રકારની સાદાઈ જનતાને ગમી ગઈ.*
- *મોટાભાગના ચિશ્તી સંતોએ પોતાના મતનો પ્રચાર કરવા માટે હિંદી ભાષાનો ઉપયોગ કર્યો.*
- *ચિશ્તી સિલસિલાહના સંતો અદ્વૈતવાદ અને પ્રાણીમાત્રની એકતામાં માનતા હતા. આ વિચારો હિંદુઓનાં ઉપનિષદોમાં ઘણા વહેલા પ્રગટ થયા હતા. તેને અપનાવીને તેઓએ હિંદુ ધાર્મિક વિચારધારાના મૂળ સ્ત્રોત સાથે વૈચારિક અનુબંધ કેળવ્યો. તેનો ઉપયોગ તેમણે મનુષ્યોની સમાનતા, બધા જ ધર્મોમાં એકતા અને ધાર્મિક પૂર્વગ્રહોમાંથી મુક્તિ માટે કર્યો.*
- *સૂફી સંતોએ હિંદુઓની કેટલીક ધાર્મિક ક્રિયાવિધિઓ જેમ કે, બ્રહ્મચારી અને સંન્યાસીનું જીવન જીવવું, ગુરુ સામે દંડવત પ્રણામ કરવું, સિલસિલાહમાં નવા દાખલ થનાર શિષ્યોએશિરમુંડન કરાવવું. ઝતબીન (ભિક્ષાપાત્ર) રાખવું તેમજ પ્રાણાયમ (હબ્સ-ઈ-દમ) જેવી પદ્ધતિઓ અપનાવી. આ દૃષ્ટિથી ચિશ્તીઓને ભારતીય પરંપરાના એક ભાગરૂપે જોવામાં આવતા હતા.*
- *ચિશ્તી ખાનકાહ સાદાઈના પ્રતીક હતા. તેમાં ગરીબો અને નીચલા વર્ગના લોકોને ખાસ સ્થાન અપાતું. તેમાં કોઈપણ ભેદભાવ વગર સેવા કરવામાં આવતી. આથી મધ્યમવર્ગની સાથે કારીગરો, ખેડૂતો, શિલ્પી અને સફાઈ કામદારો પણ તેમના અનુયાયીઓ બન્યા. જેથી ચિશ્તી સિલસિલાહ લોકપ્રિય બન્યો.*
- *ચિશ્તી સૂફીસંતો હિન્દુઓનું ધર્માન્તર કરાવતા ન હતા. તેઓ ધાર્મિક સહિષ્ણુતા દાખવતા. આથી હિંદુઓ સહિત બિન-મુસ્લિમો પણ તેમના અનુયાયીઓ બન્યા.*
- *ઈસ્લામ ધર્મીઓ સંગીતનો વિરોધ કરતા હતા જ્યારે ચિશ્તી સૂફીઓ 'સમા' (સંગીત સભા) અને રક્સ (નૃત્ય)માં વિશ્વાસ કરતા હતા. તેઓ સંગીતના મુશાયરા પણ યોજતા. સામાન્ય જનતાને તેમનું લોકપ્રિય સંગીત ખૂબ ગમ્યું હતું. કેટલાક સંતોને સંગીતના કારણે મુસલમાનોનો વિરોધ સહન કરવો પડ્યો હતો.*

- *ચિશ્તી સંતોએ ઉચ્ચ ભાવનાથી પ્રેરણાદાયક નેતૃત્વ પૂરું પાડ્યું હતું. તેઓ રાજકીય સંરક્ષણ અને ધન પ્રાપ્ત કરવામાં વિશ્વાસ કરતા ન હતા તેમજ રાજકીય બાબતોથી દૂર રહેતા હતા. તેથી પણ તેમની લોકપ્રિયતામાં વધારો થયો.*

## 13.8 સૂફી સિલસિલાહોનો પ્રભાવ (અસરો)

*ભારતીય સમાજ પર સૂફી સંતોનો કેવો પ્રભાવ પડ્યો હતો તે બાબતમાં વિદ્વાનોમાં જુદા જુદા મત જોવા મળે છે. ડૉ. એ. એલ. શ્રીવાસ્તવના મત મુજબ શરૂઆતમાં હિન્દુ સમાજ સૂફીઓના સંપર્કથી દૂર રહ્યો હતો. નીચલા વર્ગના થોડા લોકો સૂફીઓના સંપર્કમાં આવ્યા હતા. તેમનું કહેવું છે કે અકબરના સમયમાં ઉચ્ચ વર્ગના હિન્દુઓ સૂફીઓના સંપર્કમાં આવ્યા હતા. 17મી અને 18મી સદીમાં શિક્ષિત હિન્દુ લોકો સૂફીઓની સાથે જોડાઈ ગયા હતા. હિન્દુઓએ પણ સૂફી સાહિત્યનું સર્જન કર્યું અને ચિશ્તી સિલસિલાહની લોકપ્રિયતા બની રહી. આ સમયગાળામાં સૂફી મત હિન્દુ-મુસ્લિમ સામાન્ય લોકોમાં લોકપ્રિય હતો. તેનું કારણ એ હતું કે મોગલ સામ્રાજ્યના પતન પછી બંને ધર્મના લોકો એકબીજાની નજીક આવી રહ્યા હતા.*

### 13.8.1 હિન્દુ-મુસ્લિમ એકતાની સ્થાપના

*ભારતમાં ભક્તિ આંદોલનની સાથે સાથે સૂફી આંદોલનનો પ્રચાર થઈ રહ્યો હતો. ભક્તિ આંદોલનના સંતો જેવા જ ઉપદેશો સૂફી સંતો પણ આપતા હતા.હિન્દુ-મુસલમાનો વચ્ચેનો સંઘર્ષ દૂર કરવાનું કામ હિન્દુ અને મુસ્લિમ સંતોએ કર્યું હતું. મુસ્લિમ સૂફી સંતોએ ઈસ્લામનો શાંતિ અને પ્રેમનો સંદેશ હિન્દુઓની સામે રજૂ કર્યો. તેમણે માનવતાવાદી દૃષ્ટિકોણ અપનાવ્યો અને બધા જ મનુષ્યો માટે સમાનતા તથા એકતાનો સિદ્ધાંત આપ્યો. તેમણે ઉલેમાઓની કટ્ટર અને રૂઢિવાદી નીતિનો વિરોધ કર્યો તેમજ ઈસ્લામના બાહ્ય આડંબરોનો વિરોધ કરીને પ્રેમને માનવીય સંબંધોનો આધાર બનાવ્યો. આ રીતે સૂફી સંતો હિન્દુઓની નજીક આવ્યા. સૂફીઓનો એકેશ્વરવાદ હિન્દુઓના એકેશ્વરવાદ જેવો જ હતો. સૂફી સંતોના ઉપદેશની અસરથી હિન્દુ-મુસલમાન વચ્ચે વેરવૃત્તિ ઓછી થતાં એકબીજા પ્રત્યે એકતાની ભાવના જન્મી. સૂફી સંતોની પ્રેમભરી વાણી, સરળ ઉપદેશ અને શુદ્ધ પવિત્ર વિચારધારાને લીધે હિન્દુ-મુસલમાનો તેમના તરફ આકર્ષાયા અને તેના પરિણામે હિન્દુ-મુસ્લિમ એકતા સ્થપાઈ.*

### 13.8.2 રાજકીય અસરો

*ચિશ્તી સિલસિલાહ સિવાયના લગભગ તમામ સૂફી સંતોનો રાજ્યકર્તાઓ, વહીવટકર્તાઓ અને ધનવાનો પર ખૂબ પ્રભાવ જોવા મળતો હતો. તેઓ સુલતાનો તરફથી દાન, જાગીર અને અન્ય મદદનો સ્વીકાર કરતા હતા. સૂફીઓએ તે સમયના રાજકારણમાં રસ લીધો હતો અને રાજ્યની ઉથલપાથલોમાં પણ મહત્વનો ભાગ ભજવ્યો હતો. સૂફી સંતો સુલતાનોના દુષ્કૃત્યો તરફ ધ્યાન દોરતાં પણ અચકાતા ન હતા. તેઓ રાજ્ય અને ઉચ્ચ અધિકારીઓને નીચલા વગના લોકો તથા ખેડૂતો તેમજ જરૂરિયાતવાળા લોકોને મદદ કરવાનું કહેતા. તેઓ પ્રજા અને રાજ્યકર્તાઓ વચ્ચે મધ્યસ્થીનું કામ કરતા.*

### 13.8.3 સાંસ્કૃતિક સમન્વય

*સૂફીમતનું મુખ્ય કાર્ય હિન્દુ અને મુસલમાનોના વિચારોમાં સમન્વય સાધવાનો હતો. પ્રો. રીઝવીના મત મુજબ સૂફીઓએ સ્પષ્ટ કરી દીધું હતું કે ભારત જેવા દેશમાં ત્યાં હિન્દુઓની વસ્તી સૌથી વધારે છે ત્યાં રૂઢિચુસ્ત ઈસ્લામ દ્વારા કટ્ટરતાની નીતિ લાગુ કરી શકાય નહી તેમજ ઉદારતાની નીતિ જ અપનાવી જોઈએ. પ્રો. જાદુનાથ સરકારનું કહેવું છે કે ભક્તિ અને સૂફી આંદોલને શાસકો અને શાસિતોને નજીક લાવી દીધા. તેનાથી બંને ધર્મના લોકોનું અંતર ઘટી ગયું. વાસ્તવમાં ઉલેમા વર્ગ મુલસમાનોને હિન્દુઓથી અલગ રાખવા માંગતો હતો. સૂફી સંતોએ તેનો વિરોધ કર્યો અને એક એવા સમાજની સ્થાપના કરવા માટે કામ કર્યુ જેમાં દરેકને સમાનતા પ્રાપ્ત થાય.*

### 13.8.4 ખાનકાહની પ્રવૃત્તિઓની અસર

*ચિશ્તી સિલસિલાહની ખાનકાહો હિન્દુઓ સહિત તમામ જાતિ અને ધર્મના લોકો માટે ખુલ્લી હતી. જેમાં હિન્દુ સંન્યાસીઓથી લઈને ખેડૂતો અને મજૂરોનો પણ સમાવેશ થતો હતો. તેઓને લંગર (મફત ભોજનાલય)માં નિઃશુલ્ક ભોજન મળતું. કેટલીક ખાનકાહો દ્વારા પડતર જમીનમાં ખેતી કરવામાં આવતી. તેઓ બગીચાઓ, જાહેર મકાનો, ધાર્મિક સ્થાનો વગેરે પણ બંધાવતા. તેના પરિણામે આ ખાનકાહો શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં વધારે જોવા મળતી હતી. આ ખાનકાહોમાં પોતાના ધાર્મિક ગુરુ (પીર)ની મરણતિથિએ મોટા મેળા (ઉર્સ) ભરાતા. જેમાં લગભગ ભારતના તમામ ધર્મ અને સમાજના લોકો ભાગ લેતા. જેના પરિણામે વિવિધ પ્રદેશો વચ્ચે સાંસ્કૃતિક સંપર્ક વધ્યો અને વેપાર વાણિજ્ય અને પ્રવાસને ઉત્તેજન મળ્યું.*

*સુહરાવર્દી અને અન્ય સિલસિલાહોની ખાનકાહોમાં અમીર, ઉમરાવો કે ઉપલા વર્ગના શ્રીમંત લોકોને જ સ્થાન મળતું હતું. તેમાં ગરીબોને સ્થાન મળતું ન હતું. જો કે આવી ખાનકાહોમાં વેપારીઓ અને મુસાફરોને આશ્રય મળતો જેના પરિણામે તેમના મારફત પણ વેપાર-વાણિજ્યને ઉત્તેજન મળતું હતું. આ ખાનકાહોએ સામાન્ય લોકોના જીવનને નીતિમય, સરળ અને પ્રામાણિક બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો.*

### 13.8.5 ધર્માન્તરની પ્રવૃત્તિઓ

*સૂફી સંતોએ મુસ્લિમ ધર્મનો ફેલાવો કરવામાં પણ મહત્વનો ભાગ ભજવ્યો હતો. ચિશ્તી સૂફી સિલસિલાહ સિવાયના અન્ય સૂફી સિલસિલાહોએ ધર્માન્તરને પરોક્ષ રીતે ઉત્તેજન આપ્યું હતું. કાશ્મીરમાં મીર સૈયદ અલી હમદાનીએ ખુલ્લી રીતે ધર્માન્તરની પ્રવૃત્તિઓ કરી હતી, પરંતુ તેમાં તેમને જોઈએ તેટલી સફળતા પ્રાપ્ત થઈ ન હતી. સૂફી સંતોએ તેમના ઉપદેશથી નીચલા વર્ગના લોકોને પોતાના તરફ આકર્ષ્યા હતા. જે લોકોને હિંદુ ધર્મ મંદિરોમાં પ્રવેશ મળતો ન હતો તેવા નીચલા વર્ગના હિંદુઓ તેમનો ધર્મ સ્વીકારવા લાગ્યા. જે લોકો મુસલમાન બનતા તેમની સાથે સૂફી સંતો જમતા અને કામ કરતા તેમજ ઊંચ-નીચના ભેદભાવને પણ તિરસ્કારતા હતા. સૂફી સંતોએ હિંદુઓનું ધર્માન્તર તલવારની શક્તિકરતાં વધુ સારી રીતે કર્યું હતું. કેટલાક સાધુ અને સંતોએ પણ*

*મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો.* The Sufis Islamized the Hindus more easily than the sword of the Conquerors.

### 13.8.6 પ્રાદેશિક ભાષાઓને ઉત્તેજન

*સૂફી સંતોએ પોતાના સાહિત્યમાં મનુષ્યની એકતા ઉપર ભાર મૂક્યો હતો. આ સમયનું સૂફી સાહિત્ય માનવતાવાદી ભાવનાઓથી ઓતપ્રોત હતું. સૂફી સંતોએ પોતાનો ઉપદેશ પ્રાદેશિક ભાષામાં આપ્યો હતો. તેઓ ખડીબોલી અથવા ભારતની ભાષા અને ઉર્દૂને મહત્વ આપતા હતા. ઘણાખરા ચિશ્તી સંતોએ હિંદી ભાષામાં ઉપદેશ આપ્યો. સૂફી સંતો હિંદી દોહાઓમાં હિંદુ દેવ-દેવતાઓનો પણ ઉલ્લેખ કરતા. કેટલાક સૂફી સંતોએ હિંદીમાં લખાણો લખ્યાં હતાં. જાયસીએ પદ્માવત લખ્યું હતું. ચિશ્તી સૂફીઓ નાથપંથી યોગીઓથી વધારે પ્રભાવિત થયા હતા. યોગપંથનું પ્રખ્યાત સંસ્કૃતપુસ્તક 'અમૃતકુંડ'નું ફારસી ભાષામાં ભાષાંતર થયું હતું. જે યોગપંથની સૂફીવાદ પર થયેલ અસર તરીકે ગણાવી શકાય.*

- **'તમારી પ્રગતિ ચકાસો' 3**

(1) *ભારતમાં ચિશ્તી સિલસિલાહની લોકપ્રિયતાનાં કારણો કયાં કયાં હતા?*

(2) *હિન્દુ-મુસ્લિમ એકતાની સ્થાપના કરવામાં સૂફી સંતોનું યોગદાન જણાવો.*

(3) *ખાનકાહ એટલે શું ?તેની પ્રવૃત્તિઓની ચર્ચા કરો.*

**(અ) સાચાં વિધાનો સામે (√) અને ખોટાં વિધાનો સામે (X) ની નિશાની કરો.**

1. *ચિશ્તી 'સમા' (સંગીત સભા) અને 'રકસ' (નૃત્ય)માં વિશ્વાસ કરતા હતા જ્યારે સુહરાવર્દી નહીં.*
2. *ચિશ્તી રાજકીય સરંક્ષણ તેમજ ધન પ્રાપ્ત કરવામાં વિશ્વાસ કરતા ન હતા જ્યારે સુહરાવર્દી કરતા હતા.*
3. *ચિશ્તી રાજકીય બાબતોથી દૂર રહેતા હતા જ્યારે સુહરાવર્દી રાજકીય બાબતોમાં રસ દાખવતા હતા.*
4. *ચિશ્તી હિન્દુ તેમજ મુસ્લિમ બંને સમાજમાં લોકપ્રિય બન્યો જ્યારે સુહરાવર્દી ફક્ત મુસ્લિમ સમાજમાં જ લોકપ્રિય બન્યો.*
5. *સુહરાવર્દી અને અન્ય સિલસિલાહોની ખાનકાહોમાં ફક્ત ગરીબોને જ સ્થાન મળતું હતું.*

## 13.9 સારાંશ

*સૂફીવાદની શરૂઆત મુસ્લિમ દેશોમાં થઈ અને ભારતમાં સૂફી સંતોનું આગમન દિલ્હી સલ્તનતના શાસન દરમિયાન થયું. ભારતમાં ઈસ્લામના આગમન બાદ દેશની જનતા તથા શાસકો માટે અનિવાર્ય હતું કે પરસ્પર સહયોગ તથા સમન્વયની ભાવનાને મહત્વ આપવામાં આવે. આ વિચારધારાના પરિણામ સ્વરૂપે સૂફી તથા ભક્તિ આંદોલનનો ઉદય થયો. જેમણે કુપ્રથાઓ, આડંબરો તથા કટ્ટરતાવાદી તત્વોનો વિરોધ કરીને પરસ્પર સહયોગનો ઉપદેશ આપ્યો. ભારતમાં 12મી-13મી સદી દરમિયાન કેટલાક સૂફી સિલસિલાહ અસ્તિત્વમાં આવ્યા. જેમાં ચિશ્તી અને સુહરાવર્દી સિલસિલાહ ખૂબ લોકપ્રિય થયા.*

*ચિશ્તી સૂફીઓએ સામાન્ય અને નીચલા વર્ગના લોકો પર સારો એવો પ્રભાવ પાડ્યો, જ્યારે સુહરાવર્દી સંતોએ ઉપલા અને અમીર વર્ગને પ્રભાવિત કર્યા. સુહરાવર્દી સૂફીઓ સિવાય અન્ય સૂફીઓએ રાજ્યાશ્રય સ્વીકારેલ નહીં. ખાનકાહો સૂફીઓનાં રહેઠાણ તેમજ ઉપદેશનાં મુખ્ય કેન્દ્રો હતાં. આમ સૂફી આંદોલને સલ્તનત સમયના સામાજિક તેમજ સાંસ્કૃતિક જીવન ઉપર નોંધપાત્ર અસર કરી તેમાંથી ભાતીગળ સાહિત્ય, કલા અને સંગીતનો વિકાસ થયો.*

## 13.10 ચાવીરૂપ શબ્દો

**ખનકાહ :** *સૂફી સંતોના રહેઠાણ અને ઉપદેશનું સ્થળ,* **સમા :** *સૂફીઓનું સંગીત,* **રકસ :** *નૃત્ય,* **પીર :** *સૂફીઓના ગુરુ,***સિલસિલાહ :** *સૂફીઓના પંથ કે સંપ્રદાય,* **દરગાહ :** *સૂફી સંતોની કબર,* **લંગર :** *મફત ભોજનાલય,* **અમૃતકુંડ :** *યોગપંથનું પુસ્તક*

## 13.11 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - 1**

A-4, B-1, C-2, D-3

**'તમારી પ્રગતિ ચકાસો' - 3**

4. (i) √ (ii) √(iii) √(iv) √(v) ×

## 13.12 સંદર્ભ ગ્રંથો


1. *ડૉ. રામપ્રસાદ ત્રિપાઠી 'વિજયનગર સામ્રાજયનો ઈતિહાસ', સસ્તા સાહિત્ય મંડળ નવી દિલ્હી.*
2. *ડૉ.આશીવાર્દીલાલ શ્રીવાસ્તવ દિલ્હી સલ્તનત(ઈ.સ.* 711 *થી* 1526*) શિવલાલ અગ્રવાલ એન્ડ કંપની પ્રાઈવેટ લી. આગરા.*
3. *શૈલેન્દ્ર સંગર 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' એટલાંટીક બુક સ્ટોર, નવી દિલ્હી.*
4. *વી.ડી.મહાજન 'મધ્યકાલીન ભારત' એસ. ચંદ્ર એન્ડ કંપની લી. રામનગર નવી દિલ્હી.*
5. *સતિશચંદ્ર 'મધ્યકાલીન ભારત, રાજનિતી અને સંસ્કૃતિ' ઓરિએન્ટલ બ્લેક સ્વાન, નવી દિલ્હી.*
6. *રમેશચંદ્ર મજમુદાર, હેમચંદ્ર રાય ચૌધરી કાલિકિંકર : અનુવાદ : યોગેન્દ્ર મિશ્ર મેકમિલન ઈન્ડિયા લીમીટેડ.*
7. *ડૉ.ઈશ્વર ઓઝા 'સલ્તનકાલ' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.*
8. *નાયક છોટુભાઈ રણછોડજી 'મધ્યયુગીન ભારત ખંડ-2, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*
9. *વી.એસ.ભાર્ગવ 'મધ્યકાલીન ભારતીય ઈતિહાસ અને સંસ્થાઓ, કોલેજ બુક ડેપો, જયપુર.*
10. *હરીશચંદ્ર વર્મા (સંપા) 'મધ્યકાલીન ભારત ભાગ-*1 (*ઈ.સ.* 750 – 1540) *દિલ્હી વિશ્વવિદ્યાલય*
11. *વિદ્યાલંકાર સત્યકેતુ 'ભારતીય સંસ્કૃતિ અને તેનો ઈતિહાસ' મસૂરી*
12. *પ્રવીણચંદ્ર પરીખ 'ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (ઈ.સ.*1000-1818) *યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.*
13. *ડૉ. શાંતિલાલ શાહ અને પ્રા. જસુ. બી.પટેલ 'ભારતીય ઈતિહાસ' શાંતિનિકેતન પ્રકાશન, અમદાવાદ.*
14. *આર. કે. ધારૈયા 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' સી જમનાદાસની કંપની અમદાવાદ.*

# એકમ-14 વિજયનગર સામ્રાજય : કૃષ્ણદેવરાયની સિદ્ધિઓ

**રૂપરેખા :**

**14.0** ઉદ્દેશો
**14.1** પ્રસ્તાવના
**14.2** સ્થાપના અને વિકાસ
**14.3** રાજવંશો અને શાસકો
**14.3.1** સંગમવંશ
**14.3.2** સાલુવ વંશ
**14.3.3** તુલુવા વંશ
**14.1** અરવિંદ વંશ
**14.4** કૃષ્ણદેવરાવની સિદ્ધિઓ :
**14.4.1** કૃષ્ણદેવરાયની પ્રારંભિક મુશ્કેલીઓ
**14.4.2** કૃષ્ણદેવરાયના વિજયો
**14.4.3** પોર્ટુગીઝો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો
**14.4.4** લશ્કરી અને વહીવટી વ્યવસ્થા
**14.4.5** સાહિત્ય અને કલાને પ્રોત્સાહન
**14.5** વિજયનગર સામ્રાજયની શાસનવ્યવસ્થા
**14.6** વિજયનગરની સામાજિક વ્યવસ્થા
**14.7** વિજયનગર સામ્રાજયની અર્થવ્યવસ્થા
**14.8** સારાંશ
**14.9** તમારી પ્રગતિ ચકાસોના જવાબો
**14.10** સંદર્ભ ગ્રંથો

## 14.0 ઉદ્દેશો

*આ અભ્યાસના એકમ બાદ તમે ....*

- *વિજયનગર સામ્રાજ્યની સ્થાપના વિશે જાણી શકશો.*
- *વિજયનગર સામ્રાજ્યના વિવિધ વંશો વિશે સમજી શકશો.*
- *કૃષ્ણદેવરાયની સિદ્ધિઓ વિશે માહિતી મેળવી શકશો.*
- *વિજયનગર સામ્રાજ્યની શાસનવ્યવસ્થા, સામાજિકવ્યવસ્થા અને અર્થવ્યવસ્થા વિશે જાણકારી મેળવી શકશો.*
- 

## 14.1 પ્રસ્તાવના

*આ એકમમાં આપણે દક્ષિણ ભારતના વિશાળ વિસ્તારમાં સ્થપાયેલા વિજયનગર સામ્રાજયનો ઉદય, વિકાસ અને કૃષ્ણદેવરાયની સિદ્ધિઓ તેમ જ વિજયનગર સામ્રાજયની શાસનવ્યવસ્થા, સામાજિક અને આર્થિક સ્થિતિનો અભ્યાસ કરીશું.*

*તુગલક વંશના નિર્બળ સુલતાનોના શાસન દરમ્યાન દિલ્હી સલ્તનતના વિઘટનનો પ્રારંભ થયો. સૈયદ અને લોદીવંશના સુલતાનોના શાસન દરમિયાન વિઘટનની પ્રક્રિયામાં વેગ આવ્યો. તેના પ્રાંતીય સૂબાઓ અને સરદારોએ બળવાઓ કરીને પોત પોતાંના સ્વતંત્ર રાજ્યોની સ્થાપના કરી. દક્ષિણ ભારતમાં પાંડ્ય, હોયસળ, કાકતીય અને યાદવ જેવા રાજ્યોનો ઉદય થયો. પરંતુ દિલ્હીના સુલતાનોના સતત આક્રમણોના કારણે આ રાજ્યોની સત્તા લાંબા સમય સુધી ટકી શકી નહીં.ત્યાર પછી 14મી સદીની શરૂઆતમાં દક્ષિણ ભારતમાં બ્રહમની અને વિજયનગર સામ્રાજયનો ઉદય અને વિકાસ થયો.*

*આ એકમના અભ્યાસ પછી તમે વિજયનગર સામ્રાજયનો ઉદય, તેની સત્તાનો વિકાસ, તેના રાજવંશો અને શાસકો બ્રહમની શાસકો તથા દક્ષિણના રાજ્યો સાથે વિજયનગરના સંબંધો, કૃષ્ણદેવરાયની સિદ્ધિઓ તેમ જ વહીવટી સામાજિક અને આર્થિક વ્યવસ્થા વગેરે અંગે વિસ્તૃત જાણકારી મેળવી શકશો.*

## 14.2 સ્થાપના અને વિકાસ

*વિજયનગર સામ્રાજય કૃષ્ણા અને કાવેરી નદી વચ્ચે આવેલું હતું. જ્યારે સુલતાન મુહમ્મદ તુગલકના શાસનના અંતિમ વર્ષોમાં સંપૂર્ણ સામ્રાજ્યમાં અવ્યવસ્થા ફેલાઈ ગઈ હતી, ત્યારે દક્ષિણ ભારતમાં હિન્દુઓ પોતાની ગુમાવી દીધેલી સ્વતંત્રતાને પુનઃપ્રાપ્ત કરવા માટે પ્રયત્નો કરવા લાગ્યા. છેવટે ઈ.સ. ૧૩૩૬માં સંગમવંશના હરિહર અને બુક્કારાય નામના બે ભાઈઓએ તુંગભુદ્રા નદીના કિનારે શૃંગેરી મઠના સ્વામી વિદ્યારણ્યના આશીર્વાદથી વિજયનગર નામના નગરની સ્થાપના કરી હતી. તેની રાજધાની હમ્પી બનાવવામાં આવી. ત્યાર પછી તે વિશાળ સામ્રાજય બની ગયું.*

*ડૉ.પી.શરણ લખે છે કે "આ રાજ્યની સ્થાપના એક પ્રકારે તે પ્રાચીન હિન્દુ સત્તાની પુનઃસ્થાપના જ હતી. જેને મુસ્લિમ વિજેતાઓએ નાશ કરીને દિલ્હી સામ્રાજયનો વિસ્તાર દક્ષિણ ભારત સુધી કર્યો હતો. પરંતુ તે કાયમ માટે ટકી શક્યું નહીં. આ બંને ભાઈઓએ હિન્દુ સત્તાને જીવંત કરીને તે સ્વતંત્રતાના આંદોલનને પૂરું કર્યું. ઈ.સ. 1327માં મુહમ્મદ તુગલક જ્યારે દેવગીરીથી પાછો ફર્યો ત્યારે જ તેની શરૂઆત થઇ ગઈ હતી. "*

*વિજયનગર સામ્રાજયમાં કુલ ચાર રાજવંશોએ શાસન કર્યું હતું.*

1. *સંગમ વંશ (ઈ.સ.1336 થી ઈ.સ. 1485)*
2. *સાલુવ વંશ (ઈ.સ. 1485 થી ઈ.સ. 1505)*
3. *તુલુવ વંશ(ઈ.સ. 1505 થી ઈ.સ. 1510)*

4. *અરબિંદુ વંશ(ઈ.સ.* 1570 *થી* 1649)
*આ ચાર રાજવંશોમાં અનેક યોગ્ય અને પ્રતિભાશાળી રાજાઓ થઈ ગયા.*

## 14.3 રાજવંશો અને મહત્ત્વના શાસકો

**14.3.1** *સંગમવંશ : (ઈ.સ.* 1336 *થી* 1485*)*

*હરિહર પ્રથમ અને બુક્કારાય પ્રથમે વિજયનગરમાં જે રાજવંશની સ્થાપના કરી તે તેના પિતા સંગમના નામ ઉપરથી 'સંગમ વંશ' તરીકે ઓળખાય છે. રાજ્યની સ્થાપના કરવામાં તેમના બીજા ત્રણ ભાઈઓએ પણ મદદ કરી હતી. આ રીતે પાંચ સંગમ પુત્રો વિજયનગર સામ્રાજ્યના સાચા સ્થાપક હતા. આ રાજવંશે લગભગ* 150 *વર્ષ સુધી શાસન કર્યું. સંગમવંશના પ્રથમ શાસક હરિહરે* 18, *એપ્રિલ ઈ.સ.* 1336*માં ગાદી પ્રાપ્ત કરી.તેણે પોતાની તાકાત મજબૂત કરવા વિજયનગરમાં એક કર્ણ કિલ્લો બંધાવ્યો હતો. તેણે દરેક જગ્યાએ કિલ્લેબંધી કરાવી હતી. હરિહરે યુદ્ધોમાં વિજય મેળવીને પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. ઈ.સ.* 1346*માં તેણે હોયસળ રાજ્યના મોટાભાગના પ્રદેશો ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું હતું. તેના મૃત્યુ (ઈ.સ.*1357*) સુધીમાં વિજયનગર સામ્રાજ્ય ઉત્તરમાં કૃષ્ણા નદીથી દક્ષિણમાં કાવેરી નદી સુધી અને પૂર્વ તથા પશ્ચિમ સમુદ્રના મધ્યભાગ સુધી ફેલાયેલું હતું. તેનો શાસનકાળ અતૂટ શાંતિનો સમયગાળો હતો.*

*હરિહર નિઃસંતાન મૃત્યુ પામતા તેનો ભાઈ બુક્કારાય પ્રથમ (ઈ.સ.* 1357 *થી* 1377*) ગાદી ઉપર આવ્યો.તેનો મોટાભાગનો સમય પોતાના સમકાલીન બ્રહમની સુલતાનોની સાથે યુદ્ધો કરવામાં ગયો. આ યુદ્ધો થવાનું મુખ્ય કારણ એ હતું કે બંને રાજ્યોના શાસકો રાયસર-દોઆબના ઉપજા પ્રદેશ પર પોતાનું વર્ચસ્વ સ્થાપવા માંગતા હતા. તેના પુત્ર કુમાર કંપને દક્ષિણ ભારતમાં મદુરાના મુસ્લિમ સુલતાનને હરાવીને તેનું સામ્રાજ્ય વિજયનગર સામ્રાજ્યમાં ભેળવી દીધું. બુક્કારાય પ્રથમ એક મહાન યોદ્ધા, કુશળ રાનીતિજ્ઞ, ઉદાર શાસક અને સાહિત્યનો પોષક હતો. તેણે 'વેદમાર્ગ પ્રતિષ્ઠા' ની ઉપાધિ ધારણ કરી હતી. ઈ.સ.* 1374*માં તેણે ચીનમાં એક દૂત મોકલ્યો હતો. આ ઉપરાંત વૈદિક ધર્મને પ્રોત્સાહન પૂરું પાડવા માટે આચાર્ય માધવ વિદ્યારણ્ય તથા તેમના ભાઈ સાપણાચાર્યને વેદો ઉપર ટીકા ગ્રંથ લખવા મદદ કરી હતી. તેના સંરતકામાં તેલુગુભાષાના પ્રખ્યાત કવિ નયન સામે તેલુગુ ભાષાને ખૂબ ઉત્તેજન આપ્યું. નીલકંઠ શાસ્ત્રીના મતે "બુક્કારાય પ્રથમ પોતાના સમયનો એક મહાન શાસક હતો. તેને વિજયનગરનો સાચો સ્થાપક હોવાનો શ્રેય મળે છે. તે એક કુશળ યોદ્ધા હતો. જેણે મુસલમાનો વિરુદ્ધ મહાન સૈનિક સફળતાઓ પ્રાપ્ત કરી."*

*ફેબ્રુઆરી ઈ.સ.* 1377*માં બુક્કારાય પ્રથમ મૃત્યુ પામતાં તેનો પુત્ર હરિહર બીજો (ઈ.સ.* 1377-1404*) ગાદી ઉપર બેઠો.હરિહરે પોતાના ભાઈઓની જગ્યાએ પોતાના પુત્રોને પ્રાંતોના ગવર્નર બનાવ્યા.હરિહર પ્રથમ અને બુક્કારાય પ્રથમે રાજા કે મહારાજાની ઉપાધિ ધારણ કરી ન હતી. પરંતુ હરિહર બીજાએ 'મહારાજા ધિરાજ' અને 'રાજરાજેશ્વર' જેવા બિરુદો ધારણ કર્યા હતા. તેણે પોતાના શાસનકાળ દરમ્યાન મૈસૂર, ચિગલીપુર,*

કજાડ, કાંચી,ગોવા, સપ્ત કોંકણ વગેરે પ્રદેશો ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો. તેના પુત્ર વિરૂપક્ષે શ્રીલંકા ઉપર આક્રમણ કરીને તેને સામંત રાજ્ય બનાવ્યું હતું. ઈ.સ. 1398-99માં વિજયનગર અને બ્રહમની સુલતાન ફિરોજશાહ વચ્ચે થયેલા ભયંકર યુદ્ધમાં તેનો પરાજય થયો હતો. જેના પરિણામે બંને વચ્ચે સંધિ થઈ જેમાં વિજયનગરે નુકસાની બદલ મોટી રકમનો દંડ આપવો પડયો હતો. પરંતુ બે વર્ષ પછી જયારે માળવા અને ગુજરાતના રાજાઓ સાથે તેની મિત્રતા થઈ ત્યારે કર આપવાનું બંધ કરી દીધું. તેણે 27 વર્ષના લાંબા શાસનકાળ દરમ્યાન વિજયનગર સામ્રાજયનો ખૂબ વિસ્તાર કર્યો. પ્રખ્યાત આચાર્ય સાયણ તેના મુખ્ય મંત્રી હતા. ઈ.સ. 1404માં તેનું અવસાન થતાં ઉત્તરાધિકારીની બાબતમાં તેમના પુત્રો વચ્ચે સંઘર્ષ થયો હતો. સૌ પ્રથમ વિરુપાતગાદી ઉપર બેઠો પરંતુ બુક્કારાય બીજાએ તેને હરાવીને ૨ વર્ષ સુધી શાસન કર્યુ. છેવટે દેવરાય પ્રથમ ગાદી ઉપર બેઠો.

5 નવે 1406માં હરિહર બીજાનો પુત્ર દેવરાય પ્રથમ ગાદીએ બેસે તેણે પણ બહ્મની રાજ્ય સાથે સતત સંઘર્ષ કરવો પડ્યો. બહ્મની સુલતાન ફિરોજ સામે તેનો પરાજય થયો હતો અને પોતાની પુત્રીના સુલતાન સાથે લગ્ન કરવા પડયા. તેમ જ લંકાપુરનો મહત્ત્વનો કિલ્લો આપવો પડ્યો હતો. ત્યાર પછી ઈ.સ. 1420માં ફિરોઝને હરાવીને પોતાની હારનો બદલો લીધો હતો. તેણે અરબ અને ઈરાનથી ઘોડા ખરીદી લાવીને પોતાની સૈન્ય શક્તિને મજબૂત કહેવા મુજબ "તેના શાસનકાળમાં વિજયનગર ખરેખર 'વિદ્યાનગર' બની ગયું જયાં મોટા મોટા વિદ્વાનો શિક્ષણ લેવાનું અને આપવાનું કામ કરતા હતા. સેવેલના કહેવા મુજબ તેણે તુંગભદ્રા નદી ઉપર બંધ બંધાયો હતો. તેના સમયમાં ઈટાલિયન યાત્રી નિકોલી કોન્ટીએ (ઈ.સ. 1420-21) વિજયનગરની મુલાકાત લીધી હતી.

દેવરાય પ્રથમ પછી તેના પુત્ર રામચંદ્રે થોડા સમય શાસન કર્યું. પરંતુ ત્યારબાદ તેનો ભાઈ વિજયરાય પ્રથમ ગાદીએ આવ્યો. તે એક નિર્બળ શાસક હતો. તેના પછી દેવરાય બીજો (ઈ.સ. 1420 થી 1446) ગાદીએ આવ્યો. તે સંગમવંશનો એક મહાન શાસક હતો. તેણે બહ્મનીરાજ્યની સાથે અનેક યુદ્ધો કર્યા અને વિજયનગર સામ્રાજયને મુસ્લિમ આક્રમણોથી બચાવ્યું. તેણે પોતાની સૈન્ય શક્તિને મજબૂત કરવા માટે શક્તિશાળી મુસ્લિમ ઘોડે સવારો અને તિરંદાજોને પોતાના લશ્કરમાં ભરતી કરીને લશ્કરનું પુનઃસંગઠન કર્યું. નનિનના કહેવા મુજબ "દેવરાય શ્રીલંકા", પુલીકટ, પેગુ, તેનાસરીજા તેમ જ અન્ય શાસકો પાસેથી કર લેતો હતો. તેણે સ્થાનિક સાહિત્ય અને કલાને પણ ઉત્તેજન આપ્યું હતું. તેના શાસનકાળ દરમ્યાન ઈ.સ. 1443માં ઈરાની રાજદૂત અબ્દુલ રઝાક (અબ્દુલર્રજાકે) વિજયનગર સામ્રાજયની મુલાકાત લીધી હતી. નિકોલો કોન્ટીના જણાવ્યા મુજબ તે સમયે વિજયનગરનું રાજ્ય ભારતમાં સૌથી શક્તિશાળી રાજ્ય હતું. તેના મહેલમાં ૧૨ હજાર સ્ત્રીઓ હતી. જેમાંથી ૪ હજાર તેની સાથે દરેક જગ્યાએ જતી હતી. બે હજાર કે ત્રણ હજાર સ્ત્રીઓને એ શરત સાથે રાખવામાં આવતી કે રાજાનું મૃત્યુ થાય તો તેણે સતી થવાનું હતું."

દેવરાય બીજાના મૃત્યુ પછી વિજયરાય બીજો (પ્રતાપદેવરાય) થોડા સમય સુધી (ઈ.સ. 1446-1447) ગાદીએ આવ્યો.ત્યાર પછી ગાદીએ આવેલ રાજા મલ્લિકા પછી ગાદીએ આવેલ રાજા મલ્લિકાર્જુન નાની ઉંમરનો હોવાથી -----લાભ લઈ બહ્મની સુલતાન અલાઉદીન બીજાએ અને ઓરિસ્સાના કપિલેશ્વર ગજપતિએ વિજયનગર પર સંયુક્ત આક્રમણ કર્યું. આ સમયે સાલુવ નેતા નરસિંહની મદદથી આક્રમણને અસફળ બનાવ્યું હતું. પરંતુ તેનો વારસો નિર્બળ નીકળ્યો.તેના મૃત્યુ (ઈ.સ.1465) પછી વીરુપક્ષ ગાદીએ આવ્યો. આ નિર્બળ રાજાના શાસનમાં ચારે બાજુ અશાંતિ અને અવ્યવસ્થા ફેલાઈ ગઈ તેમ જ પ્રાંતીય સૂબાઓ સ્વતંત્ર થઈ ગયા. અને લાભ લઈને બહ્મની સુલતાને રાયચૂર અને દોઆબના પ્રદેશ પર પોતાની સત્તા સ્થાપી દીધી. બીજી બાજુ ઓરિસ્સામાં રાજાએ ત્રિરુવનામલઈ સુધી આક્રમણો કર્યાં .આવા કપરા સમયમાં સામ્રાજયમાં રક્ષણ માટે ચંદ્રગિરિનાં હિન્દુ સરદાર નરસિંહ સુલવે ઈ.સ. 1485માં વીરુપાણને ગાદીથી હટાવીને શાસનની ધૂરા પોતાના હાથમાં લઈ લીધી. આ રીતે વિજયનગરમાં સંગમવંશની જગ્યાએ સાલુવવંશના શાસનની સ્થાપના થઈ.

### 14.3.2 સાલુવ વંશ (ઈ.સ. 1485 થી 1505)

નરસિંહ સાલુવંશનો હોવાથી તેનો વંશ "સાલુવ વંશ"તરીકે ઓળખાય છે.તેણે પોતાના છ વર્ષના શાસનકાળ દરમ્યાન પ્રાંતોના અનેક વિદ્રોહને કચડી નાંખ્યા. તેની સત્તા સ્વીકારવા તૈયાર ન હતા તેવા શાસકો ઉપર અંકુશ મેળવી લીધો. તેણે બહ્મની સુલતાન અને ઓરિસ્સાના રાજાઓ વિરુદ્ધ યુદ્ધ કરીને ગુમાવેલા પ્રદેશો પાછા મેળવ્યા હતા. તેણે સૈન્ય શક્તિને મજબૂત કરવા અરબી ઘોડાઓનો વ્યાપાર ફરીથી શરૂ કર્યો. ઈ.સ. 1490માં તેનું મૃત્યુ થયું. આ વંશના શાસકોમાં નરસિંહ સાલુવને બાદ કરતા કોઈ નોંધપાત્ર શાસક થયો નહીં. તેના ઉતરાધિકારી ખૂબ અયોગ્ય અને નિર્બળ સાબિત થયા. આ સ્થિતિનો લાભ ઉઠાવીને સેનાપતિ વીર નરસિંહ તલુવાએ સમ્રાટ ઈમાદી નરસિંહની હત્યા કરીને ઈ.સ. 1505માં રાજ્યની સત્તા પોતાના હસ્તક લઈ લીધી.

### 14.3.3 તુલુવ વંશ (ઈ.સ. 1505 થી 1507)

નરસ નાયકનો તુલુવ પ્રદેશના શાસક વંશમાં જન્મ થયો હતો. તેથી તેના પુત્ર વીર નરસિંહે સત્તાની સ્થાપના કરતાં તેને "તુલુવ વંશ" ના નામે ઓળખવામાં આવે છે. તેના શાસનકાળ દરમ્યાન સતત વિદ્રોહ થયા હતા. જેના પરિણામે એ શાસનવ્યવસ્થા તરફ પૂરતું ધ્યાન આપી શક્યો ન હતો. તેમ છતાં તેણે રાજ્યના સૈન્ય સંગઠનમાં અનેક સુધારા કર્યા અને પોર્ટુગીઝને સાથે મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત કર્યા. તેણે પોતાના રાજ્યની પ્રજામાં સાહસ અને શૂરવીરતા લાવવા માટે ખૂબ પ્રયત્નો કર્યા. તેણે કેટલાક કર દૂર કરીને પ્રજાને રાહત આપવાનો પ્રયત્ન કર્યો હતો. વીરનરસિંહના મૃત્યુ પછી વિજયનગરનો સર્વશ્રેષ્ઠ શાસક કૃષ્ણદેવરાય ગાદી ઉપર આવ્યો. (તેની વિગતવાર ચર્ચા પાછળથી કરીશું) કૃષ્ણદેવરાયના અવસાન પછી તેનો ભાઈ અચ્યુતરાય (ઈ.સ.1529-1540) ગાદીએ આવ્યો. તેના પછી વેંકટ પ્રથમ અને તિરુઝાલ પ્રથમે શાસન કર્યું. ત્યાર પછી

અચ્યુતરાયનો ભત્રીજો સદાશિવ રાય ઈ.સ.1542માં ગાદી ઉપર આવ્યો. જો કે સાચી સત્તા તો કૃષ્ણદેવરાયના જમાઈ અને મંત્રી રામરાયના હાથમાં જ હતી. રાજારાયે પોતાની અવિવેકપૂર્ણ નીતિથી વિજયનગર સામ્રાજ્યને પતનના માર્ગે ધકેલી દીધું. તેણે ઉત્તર-દક્ષિણ મુસ્લિમ રાજ્યોમાં હસ્તક્ષેપ શરૂ કર્યો. જેનાથી બધા જ મુસ્લિમ શાસકો વિજયનગર સામ્રાજ્યના વિરોધી બની ગયા. છેવટે બીજાપુર અહમદનગર ગોંલકોડા અને બીદરના શાસકોએ વિજયનગરને કચડી નાખવા એક મુસ્લિમ સંઘની સ્થાપના કરી. 23 જાન્યુઆરી 1565ના રોજ આ મુસ્લિમ સંઘે ભેગા થઈને વિજયનગર પર આક્રમણ કર્યું. કૃષ્ણ નદીના કિનારે તાલીકોટ પાસે ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધમાં રાજારાયે વીરતાપૂર્વક સામેનો કર્યો પરંતુ તેને પકડી લેવામાં આવ્યો અને અહમદનગરના નિઝામશાહે તેને જાનથી મારી નાંખ્યો. આ યુદ્ધમાં વિજયનગરનો પરાજય થયો. મુસ્લિમ સેનાઓએ ચારેબાજુ ભયાનક લૂંટ ચલાવી. તાલીકોટાનું યુદ્ધ વિજયનગરના પતનના સંદર્ભમાં ખૂબ જ નિર્ણાયક સાબિત થયું હતું. મુસ્લિમ સુલતાનોએ રાજ્યના કેટલાક ભાગ ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું તેમ જ રાજ્યની સૈન્ય શક્તિને ખૂબ ગંભીર નુકસાન પહોંચ્યું હતું. તેના પછી વિજયનગર સામ્રાજ્ય ફરીથી મજબૂત થઈ શક્યું નહી.

### 1.4.4 અરબિંદુ વંશ (ઈ.સ. 1570 થી 1641)

તાલીકોટના યુદ્ધ પછી વિજયનગર સામ્રાજ્યના મોટાભાગ ઉપર મુસ્લિમ સુલતાનોએ પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું હતું. પરંતુ રામરાયના ભાઈ તિરુમલે ઈ.સ. 1570માં પેનુંકોંડા ઉપર કબજો જમાવીને અરબિંદુ વંશની સ્થાપના કરી. આ વંશના બધા જ શાસક અયોગ્ય અને નિર્બળ હતા. જે વિજયનગર સામ્રાજ્યને નાશ થતાં બચાવી શક્યા નહીં. પ્રાંતોના સૂબાઓ સ્વતંત્ર બની ગયા. અરબિંદુ વંશનો છેલ્લો શાસક વેંકટ ત્રીજો ખૂબ જ અયોગ્ય સાબિત પુરવાર થયો. વિજયનગર સામ્રાજ્યના ઉમટના ભાગો ઉપર મુસ્લિમોએ સત્તાની સ્થાપના કરી અને દક્ષિણના ભાગો ઉપર આવેલા ઓરિંગપટનમ, બદનુર, મદુર અને તાંજોર વગેરેના સામંતો સ્વતંત્ર થઈ ગયા. જેના પરિણામે ઈ.સ. 1641ની આસપાસ વિજયનગર સામ્રાજ્યનો અંત આવ્યો.

- **તમારી પ્રગતિ ચકાસો. 1**

1. વિજયનગર સામ્રાજ્યની સ્થાપના વિશે ટૂંકમાં ચર્ચા કરો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. દેવરાય પ્રથમ વિશે ચર્ચા કરો.

_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
____________________________________________________________

3. તાલીકોટાનું યુદ્ધ

_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
____________________________________________________________

**અ. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

1. *વિજયનગર સામ્રાજ્યની સ્થાપના કયારે થઈ?*
   *અ) ઈ.સ.* 1336 *(બ) ઇ.સ.* 1347 *(ક) ઈ.સ.*1206
   *(ડ) ઈ.સ.*1526
2. *વિજયનગર અને બ્રહમનીસુલતાનો વચ્ચે સંઘર્ષની શરૂઆત કોના શાસનકાળમાં થઈ હતી?*
   *(અ) દેવરાય પ્રથમ (બ) હરિહર અને બુક્કા (ક) દેવરાય બીજો*
   *(ડ) વીર નરસિંહ*
3. *મુસ્લિમોને સેનામાં નિયુક્ત કરવાવાળો વિજયનગરનો પ્રથમ શાસક કોણ હતો?*
   *(અ) દેવરાય પ્રથમ (બ) દેવરાય બીજો (ક) કૃષ્ણદેવરાય*
   *(ડ) સાલુવ નરસિંહ*
4. *નીચેનામાંથી વિજયનગર સામ્રાજ્યનો પ્રથમ રાજવંશ કોણ હતો?*
   *(અ) હોયસલ (બ) સાલુવ (ક) સંગમ (ડ) તુલુવ*
5. *વિજયનગરના વિરુદ્ધમાં દક્ષિણના સુલતાનોએ બનાવેલા મહાસંઘમાં કોણ સામેલ ન હતું.*
   *(અ) બીજાપુર (બ) અહમદનગર (ક) ગોલકુંડા (ડ) બરાર*

## 14.4 કૃષ્ણદેવરાયની સિદ્ધિઓ

*સમ્રાટ વીર નરસિંહના મૃત્યુ પછી તેનો ઓરમાન ભાઈ કૃષ્ણદેવરાય 8 ઓક્ટોબર ઈ.સ. 1509માં ગાદીએ આવ્યો. તે તેના વિજયો, કુશળ વહીવટ તથા કલા સાહિત્ય માટે પ્રખ્યાત છે. તે ફક્ત તુલુવવંશનો જ નહીં પરંતુ વિજયનગરના સમ્રાટોમાં સર્વશ્રેષ્ઠ શાસક સાબિત થયો. બાબરે તેની આત્મકથા 'તુજકે-એ-બાબરીમાં' કૃષ્ણદેવરાયને ભારતનો સૌથી શક્તિશાળી રાજા ગણાવ્યો હતો. ઈ.સ. 1509 થી 1529 સુધીના 20 વર્ષના શાસનકાળ દરમ્યાન તેણે વિજયનગરને એક વિશાળ તેમ જ ગૌરવશાળી સામ્રાજ્ય બનાવી દીધું. (કૃષ્ણદેવરાયનો જન્મ 16 ફેબ્રુઆરી ઈ.સ. 1471માં કર્ણાટકના હમ્પીમાં થયો હતો. તેના પિતાનું નામ નાયક અને માતાનું નામ નગલા દેવી હતું.)*

### 14.4.1 કૃષ્ણદેવરાયની પ્રારંભિક મુશ્કેલીઓ

*કૃષ્ણદેવરાય ખૂબ જ શૂરવીર અને કુશળ સેનાપતિ હતો. પરંતુ તેના શાસનની શરૂઆત શાંતિપૂર્ણ રીતે થઈ ન હતી.શરૂઆતમાં પ્રાંતોના બળવા અને બહ્ય આક્રમણો જેવી ઘણી મુશ્કેલીઓનો તેને સામનો કરવો પડયો. ઉમ્મતુરનો સામંત શાસક એક સ્વતંત્ર શાસકની જેમ વ્યવહાર કરતો હતો. ઓરિસ્સાના ગજપતિ રાજાઓએ પૂર્વ અને ઉદયગીરીના દરિયાકિનારાના પ્રદેશો સુધી પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કર્યો હતો તેમ જ પ્રતાપરુદ્ર ગજપતિની સામ્રાજ્યવાદી લાલસા હજુ પણ શાંત થઈ ન હતી. ઉત્તર બહ્મની સામ્રાજ્ય નષ્ટ થઈ ગયું હતું પરંતુ બીજાપુરનો સુલતાન વિજયનગર સામ્રાજ્ય હમ્પી તરફ વધવા ઈચ્છતો હતો. પશ્ચિમી સમુદ્રના કિનારા તરફ પોર્ટુગીઝો પોતાની સત્તાનો વિસ્તાર કરવા પ્રયત્ન કરતા હતા તેમ જ પોતાની સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષાઓને સંતોષવા માટે વિજયનગરની મદદ મેળવવા માંગતા હતા. ઈ.સ.1510માં આલ્બુકર્કે ફાધર લૂઈને કાલીકટના રાજા ઝામોરીનની વિરુદ્ધમાં યુદ્ધ સંબંધી સમજૂતી કરવા અને મત્કલ તેમ જ મેંગ્લોરની મધ્યમાં એક કારખાનાની સ્થાપના કરવા વિજયનગર મોકલ્યો હતો. પરંતુ કૃષ્ણદેવરાય શરૂઆતમાં  આ પ્રકારની સમજૂતીથી દૂર રહેવા ઈચ્છતા હતા. તેથી તેમણે પોર્ટુગીઝ દૂતને સ્પષ્ટ જવાબ આપીને પાછો મોકલી દીધો. કૃષ્ણદેવરાયની રાજકીય અને લશ્કરી સફળતાઓને ક્રમ સ્પષ્ટ જોવા મળતો નથી. પરંતુ અભિલેખો અને પોર્ટુગીઝ યાત્રીઓના વિવરણ પરથી આપણે તેમના વિજયોને ક્રમબદ્ધ રીતે રજૂ શકીએ છીએ.*

### 14.4.2 કૃષ્ણદેવરાયના વિજયો

*ઈ.સ. 1509-10માં કૃષ્ણદેવરાયની  મૂશ્કેલીઓનો લાભ લઈને સુલતાન મહમૂદશાહે પોતાના અમીરો અને સમર્થકો સાથે વિજયનગર પર આક્રમણ કર્યુ. પરંતુ આગળ વિજયનગરની સેનાએ તેને સખત પરાજય આપ્યો.આ યુદ્ધમાં બીજાપુરનો સુલતાન યુસુફ આદિલ મૃત્યુ પામ્યો. યુસુફ આદિલના મૃત્યુ પછી બીજાપુરની અર્થવ્યવસ્થા પડી ભાંગી. કારણ કે યુસુફનો ઉત્તરાધિકારી ઈસાઈલની ઉંમરમાં નાનો હતો. કૃષ્ણદેવરાયે*

તેનો લાભ લઈને ઈ.સ. 1512માં રાયસૂર પર અધિકાર મેળવી લીધો. આ ઉપરાંત તેણે બીદર પર આક્રમણ કરીને બહ્મની સુલતાન મહમૂદશાહને બરીદના હાથોમાંથી મુક્ત કરીને ફરીથી ગાદી પર બેસાડયો અને તેણે 'યુવરાજ સ્થાપનાચાર્ય' નું બિરુદ પ્રાપ્ત કર્યું.

કૃષ્ણદેવરાયે થોડા સમય પછી દક્ષિણ મૈસૂરના ઉમ્મતૂરના બળવાખોર સામંત ગંગારામને હરાવીને શ્રીરંગમ અને શિવસમુદ્રના વ્યૂહાત્મક કિલ્લાઓ કબજે કર્યા. ત્યાર પછી પોતાની આંતરિક સ્થિતિ મજબૂત થતાં ઓરિસ્સાના ગજપતિઓ સામે યુદ્ધ કરવાની યોજના બનાવી. ઈ.સ.1513-18ની વચ્ચે કૃષ્ણદેવરાયે ઓરિસ્સાના " ગજપતિ રાજા પ્રતાપચંદ્ર સાથે ચાર યુદ્ધો કર્યા. આ તમામ યુદ્ધોમા ગજપતિ સેનાઓની હાર થઈ. સંપૂર્ણ રીતે પરાજય થતાં ગજપતિ નરેશે સંધિ માટે વિનંતી કરી અને પોતાની પુત્રીના લગ્ન કૃષ્ણદેવરાય સાથે કર્યા. તેના બદલામાં કૃષ્ણદેવરાયે કૃષ્ણા નદીના ઉત્તરમાં જીતેલા પ્રદેશો ગજપતિ નરેશને પાછા સોંપી દીધા."

કૃષ્ણદેવરાય જયારે ઓરિસ્સા સામે યુદ્ધમાં રોકાયેલા હતા ત્યારે તેનો ફાયદો ઉઠાવીને ગોલકુંડાના સુલતાન કુલીન કુતીલશાહે વિજયનગરની સીમા પર આવેલ પાંગલ અને ગુંટુરના કિલ્લાઓ પર અધિકાર મેળવી લીધો. ત્યાર પછી ગોલકુંડાના સુલતાને ગજપતિ નરેશને કૃષ્ણ અને ગોદાવરી નદી વચ્ચે આવેલા પ્રદેશ આપવા મજબૂર કર્યો. આ સફળતાઓથી ગોલકુંડાના સુલતાનનું એટલું બધું સાહસ વધી ગયું કે કુતુલશાહી સેનાઓએ વિજયનગરના કોડવિંદુ કિલ્લા ઉપર આક્રમણ કરીને કબ્જો મેળવ્યો. કૃષ્ણદેવરાયે ગોલકુંડા પર આક્રમણકરવાબાહોશ પ્રધાન અને સેનાપતિ સાલુવ તિમ્મને મોકલ્યો. તેણે કુતુલશાહી સેનાઓને ભયંકર રીતે પરાજિત કરી ઘણા બધા પ્રદેશો પાછા મેળવી લીધા. એ જ સમયે બીજાપુરના સુલતાન ઈસ્માઈલ આદિલે રાયસૂરનો કિલ્લો કબ્જે કર્યો.

કૃષ્ણદેવરાયે બીજાપુર ઉપર આક્રમણ કરીને આદિલની શાહી સેનાઓને પરાજિત કરી બીજાપુરથી પાછા ફરતી વખતે વિજયનગરની સેનાઓએ ગુલબર્ગ પર ફરીથી આક્રમણ કર્યું. અને ગુલબર્ગના કિલ્લામાં કેદ કરવામાં આવેલ ત્રણ બહ્મની શાહજાદાઓને મુક્ત કર્યા. આ રીતે ઈ.સ. 1520 સુધીમાં કૃષ્ણદેવરાયે વિજયનગરના બધા જ દુશ્મનોને પરાજિત કર્યા. કૃષ્ણદેવરાયના વિજયોના પરિણામે વિજયનગરનું સામ્રાજય અરબસાગરથી લઈને બંગાળની ખાડી સુધી ભારતના મોટાભાગના પ્રદેશમાં ફેલાયું હતું. જેમાં આજના કર્ણાટક, તમિલનાડુ, આધ્રપ્રદેશ, કેરલ, ગોવા અને ઓરિસ્સાના પ્રદેશનો સમાવેશ થાય છે.વિજયનગર સામ્રાજયની સીમાઓ પૂર્વમાં વિશાખાપટ્ટનમ, પશ્ચિમમાં કોકણ અને દક્ષિણમાં છેક નીચે સુધી વિસ્તાર પામી હતી.

### 14.4.3 પોર્ટુગીઝો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો

કૃષ્ણદેવરાયે શરૂઆતમાં પોર્ટુગીઝો સાથે તટસ્થ દષ્ટિકોણ અપનાવ્યો હતો. પરંતુ પાછળથી પોર્ટુગીઝો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો રાખ્યા હતા. પોર્ટુગીઝોને સામ્રાજયમાં વેપારની સગવડો પૂરી પાડી અને પોતાના લશ્કર માટે તેમની પાસેથી ઘોડાઓ ખરીદ્યા.આ સમય દરમિયાન અનેક પોર્ટુગીઝ વેપારીઓ અને મુસાફરોએ વિજયનગરની મુલાકાત લીધી.

*કૃષ્ણદેવરાયે પોર્ટુગીઝોને પોતાના મિત્ર બનાવ્યા પરંતુ વિજયનગરની રાજકીય બાબતોમાં હસ્તક્ષેપ કરવાની સહેજપણ પરવાનગી આપી ન હતી. ઈ.સ. 1523માં પોર્ટુગીઝોએ ગોવા મેળવવાનો પ્રયત્ન કર્યો ત્યારે કૃષ્ણદેવરાયે તેમની વિરુદ્ધ શક્તિશાળી લશ્કર મોકલીને તેમના પ્રયત્નો નિષ્ફળ બનાવ્યા.*

**14.4.4 લશ્કરી અને વહીવટી વ્યવસ્થા**

*કૃષ્ણદેવરાય ફક્ત એકમહાન યોદ્ધા જ નહીં પરંતુ વિજયનગરના ઈતિહાસમાં એક મહત્ત્વનો લશ્કરી સેનાપતિ હતો. સમગ્ર ભારતના ઈતિહાસમાં આવા સફળ સેનાપતિઓનાં ઉદાહરણો ખૂબ ઓછા છે. તેણે વિજયનગરના લશ્કરને ખૂબ જ શક્તિશાળી બનાવ્યું અને સામ્રાજ્યની તમામ રાજકીય અને સૈનિક સમસ્યાઓનું સફળ નિદાન કર્યું. તે પોતાના સૈનિકોને વ્યક્તિગત રીતે પ્રેમ અને રક્ષણ આપતો હતો. તે યુદ્ધમાં ઘાયલ થયેલા સૈનિકોના ઈલાજની દેખભાળ અને જરૂરી સગવડ પૂરી પાડવા પોતે વ્યક્તિગત રીતે ધ્યાન આપતો તેમ જ યુદ્ધમાં શૌર્ય બતાવનાર સૈનિકોનું સન્માન કરતો હતો.*

*કૃષ્ણદેવરાયનું મોટાભાગનું જીવન યુદ્ધો કરવામાં પસાર થયું હોવા છતાં વહીવટી વ્યવસ્થા તરફ ખૂબ ધ્યાન આપ્યું હતું. તે એક સફળ રાજનીતિજ્ઞ અને મહાન વહીવટીકર્તા હતો. કૃષ્ણદેવરાયના દરબારમાં મુખ્ય સલાહકાર તેનાલીરામ (રામલિંગમ) હતો. તેના લશ્કરી અને શાસન વ્યવસ્થાનો ખ્યાલ પ્રખ્યાત તેલુગુ ગ્રંથ 'આમુક્ત માલ્યદ' માંથી આવે છે. આ ગ્રંથમાં અધિકારીઓ પર અંકુશ, મંત્રીઓની નિમણુક,ન્યાય વ્યવસ્થા અને વિદેશનીતિનું સંચાલન વગેરે બધા વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેણે પ્રાંતીય શાસનની પુનઃરચના કરી અને સરદારોને અંકુશમાં રાખ્યા તે સામ્રાજ્યનો સતત પ્રવાસ કરીને પ્રજાની ફરિયાદો તેમ જ સ્થાનિક શાસન દ્વારા પ્રજાને થતા અન્યાયો દૂર કરતો. તેણે સામ્રાજ્યમાં તળાવો અને નહેરો ખોદાવીને ફક્ત સિંચાઈની સગવડો જ પૂરી પાડી ન હતી પરંતુ બિનઉપજાઉ અને જંગલની જમીનને ખેતી માટે યોગ્ય બનાવવા પ્રયત્ન કર્યો. તેનાથી રાજ્યની આવકમાં ખૂબ વધારો થયો. તેણે વિવાહ કર જેવા અયોગ્ય વેરાઓ નાબૂદ કરીને પ્રજાનો પ્રેમ મેળવ્યો. 'આમુક્ત માલ્યદ' નામના ગ્રંથોમાં રાજ્યની આવકનાં સાધનો અને અર્થવ્યવસ્થાના વિકાસનું સંપૂર્ણ વર્ણન કરેલ છે. આ ગ્રંથમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે  રાજાએ તળાવો ખોદાવીને તેમ જ અન્ય પ્રજાહિત કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરીને પ્રજાને ખુશ રાખવી જોઈએ. વિદેશ વેપારને ઉત્તેજન આપવા સુવિધાવાળા બંદરોનું નિર્માણ કરવું જોઈએ. રાજાએ કોઈ દિવસ ધર્મ અને ન્યાયની અવગણના ન કરવી જોઈએ. 'આમુક્ત માલ્યદ'ના આ નીતિ નિર્દેશોફક્ત આદર્શરૂપ જ ન હતા પરંતુ કૃષ્ણદેવરાયે તેનો વ્યવહારમાં પણ અમલ કર્યો હતો. તેના પરથી ખ્યાલ આવે છે કે તે કેટલો સફળ અને મહાન શાસક હતો. તેના સંપૂર્ણ શાસનકાળ દરમ્યાન જોવા મળતી શાંતિ વ્યવસ્થા અને સમૃદ્ધિ તેના સફળ શાસક હોવાની પ્રતીતિ કરાવે છે.*

### 14.4.5 સાહિત્ય અને કલાને પ્રોત્સાહન

*સમુદ્રગુપ્તની જેમ કૃષ્ણદેવરાય પણ વિજેતા હોવા ઉપરાંત એક સંસ્કારી સમ્રાટ હતો. તેણે વિદ્વાનો, કવિઓ અને કલાકારોને એટલું બધું પ્રોત્સાહન આપ્યું કે લોકો તેને 'આંધ્રનાભોજ' 'અભિનવ ભોજ' કે 'આંધ્રના પિતા' તરીકે ઓળખતા હતા. તેના શાસનકાળ દરમ્યાન તેલુગુ સાહિત્યનો ખૂબ વિકાસ થયો. તેના દરબારને તેલુગુભાષાના આઠ વિદ્વાનો શોભાવતા હતા. તેમને "અષ્ટ દિગ્ગજો" તરીકે પણ ઓળખવામાં આવે છે. તે મંત્રીમંડળમાં પણ સામેલ હતા અને સમાજ કલ્યાણનાં કામો કરતા હતા. તેણે તેલુગુ ભાષામાં 'આમુક્ત માલ્યદ' નામનો ગ્રંથ લખ્યો હતો. તેણે સંસ્કૃત ભાષામાં 'જામ્બવતી કલ્યાણ' નામના નાટકની રચના કરી હતી. તે ઉપરાંત સંસ્કૃત ભાષામાં 'પરિણય સકલકથાસાર સંગ્રહ 'મદારસાચરિત્ર' વગેરે પણ લખ્યાં હતાં. તેણે તેલુગુ સિવાય સંસ્કૃત તેમ જ દક્ષિણભારતની અન્ય પ્રાદેશિક ભાષાઓને પણ ઉત્તેજન આપ્યું.*

*કૃષ્ણદેવરાયના સમયમાં કલાના ક્ષેત્રે પણ નોંધપાત્ર વિકાસ થયો હતો. તેણે આક્રમણકારો દ્વારા તોડેલાં પ્રાચીન મંદિરો ફરીથી બંધાવ્યાં. રાજગોપુરમ્ રામેશ્વરમ્ , રાજમહેન્દ્રપુરમ તેમ જ અનંતપુર સુધી અનેક મંદિરોનું નિર્માણ કર્યું. તે પોતે ધાર્મિક અને વિષ્ણુભક્ત હોવાથી સ્થાપત્યને પ્રોત્સાહન આપ્યું. તેણે વિજયનગરમાં ભવ્ય રામમંદિર અને હજાર સ્તંભવાળા મંદિરનું નિર્માણ કરાવ્યું. તેણે નાગલપુર નામના નવા નગરની સ્થાપના કરી. ત્યાં તેણે અનેક ભવ્ય મકાનો તેમ જ મંદિરોનું નિર્માણ કરાવ્યું. તેના શાસનકાળમાં સમગ્ર સામ્રાજયમાં સ્તંભોવાળા મંડપો અને ગોપુરમોનું બાંધકામ થયું હતું. તેણે અનેક પ્રખ્યાત કલાકારોની મંદિરોના સૌંદર્યની વૃદ્ધિ માટે પસંદગી કરી હતી.*

*કૃષ્ણદેવરાય મહાન વિજેતા હોવા ઉપરાંત મહાન મુત્સદ્દી, કુશળ, વહીવટકાર અને સાહિત્ય તેમ જ કલાનો પુરસ્કર્તા હતો. ડૉ. ઈશ્વર ઓઝા નોંધે છે તેમ "કૃષ્ણદેવરાયને ધર્મ, સાહિત્ય અને પ્રજા પ્રત્યે અનુરાગ ઘણો હતો તે મંદિરો અને બ્રાહ્મણોને સર્વસ્વ આપી દેતો તેના આવા ગુણોને કારણે દક્ષિણભારતના સર્વ શાસકોમાં તે મહાન શ્રેષ્ઠ અને પ્રથમ પંક્તિના શાસકોમાં સ્થાન પામે છે."*

*વિજયનગર સામ્રાજયની મુલકાતે આવેલ પાયઝ નામના એક પોર્ટુગીઝ યાત્રીએ કૃષ્ણદેવરાય વિશે લખ્યું છે કે " તે ખૂબ વિદ્વાન અને સર્વગુણ સંપન્ન રાજા હતો. તે વિદેશીઓનું સન્માન અને ખૂબ નમ્રતાથી સ્વાગત કરતો હતો. તે વિદેશીઓની બધી જ મુશ્કેલીઓ વિશે પૂછતો હતો. તે એક મહાન શાસક હતો જે ન્યાયમાં વિશ્વાસ કરતો હતો. પરંતુ કોઈ કોઈ વખત ખૂબ જ ગુસ્સામાં આવી જતો. તે પોતાના સમયના બધા જ રાજાઓથી સર્વશ્રેષ્ઠ હતો. કારણ કે તેનું સામ્રાજય અને સૈન્ય શક્તિ સૌથી વધારે હતું. પરંતુ તેનું વ્યક્તિત્વ આ બધી સાંસારિક બાબતોથી ખૂબ જ ઊંચું હતું. તે એટલો શૂરવીર અને ક્રૂર હતો કે તેની સરખામણી બીજા કોઈની સાથે કરી શકાય નહીં." આ પ્રકારની સફળતાઓને લીધે કૃષ્ણદેવરાયનો શાસનકાળ દક્ષિણ ભારતના ઈતિહાસમાં એક મહાનયુગ તરીકે ઓળખવામાં આવે છે.*

- **તમારી પ્રગતિ ચકાસો : 2**

1. *કૃષ્ણદેવરાયની રાજકીય સિદ્ધિઓ વિશે ચર્ચા કરો.*

2. *કૃષ્ણદેવરાયની લશ્કરી અને વહીવટી વ્યવસ્થાનું ટૂંકમાં વર્ણન કરો.*

3. *કૃષ્ણદેવરાય સાહિત્ય અને કલાનો પોષક હતો આ વિધાનની ચર્ચા કરો.*

**અ. ખાલી જગ્યા પૂરો .**

1. *કૃષ્ણદેવરાયે __________ ગ્રંથની રચના કરી હતી.*
2. *કૃષ્ણદેવરાયના સમયમાં ચર્ચિત 'અષ્ટ દિગ્ગજ' __________ હતા.*
3. *________ અને ____________ વિદેશી યાત્રીકોએ કૃષ્ણદેવરાયના સમયમાં વિજયનગરની મુલાકાત લીધી હતી.*
4. *કૃષ્ણદેવરાયે __________ ની સાથે મૈત્રીપૂર્ણ સંબંધો બાંધ્યા હતા.*
5. *'રાય ગૌપુરમ' નું નિર્માણ ____________ એ કર્યુ હતું.*
6. *___________ વિજયનગરના સમ્રાટે ઉમ્માતૂરના વિદ્રોહી સામંત ગંગારામનું દમન કર્યુ હતું.*
7. *કૃષ્ણદેવરાયે ગોલકુંડાના _________ રાજા સાથે યુદ્ધ કર્યું હતું.*

## 14.5 વિજયનગર સામ્રાજયની શાસનવ્યવસ્થા

*વિજયનગર સામ્રાજ્યમાં રાજાનું પદ સર્વોચ્ચ હતું. રાજા સમગ્ર શક્તિનો સ્રોત હતો વિજયનગરનું તંત્ર વંશપરંપરાગત રાજાશાહીનું હતું. રાજાને શાસનકાર્યમાં મદદરૂપ થવા માટે એક વિશાળ મંત્રી પરિષદ હતી. તેમાં 20 સભ્યો હતા. આ મંત્રીઓની બેઠક એક સભાખંડમાં મળતી હતી. તેને 'વેંકટ વિલાસ માનવ' કહેવામાં આવતો હતો. તેમાં મંત્રીઓ, પ્રાંતીય સૂબેદારો, સૈનિક નેતાઓ, બ્રાહ્મણો અને પંડિતોનો સમાવેશ થતો હતો. આ બધાની નિમણૂક રાજા કરતો હતો. આ પરિષદના સભ્યો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જાતિઓમાંથી લેવામાં આવતા હતા. કેટલાક મંત્રીઓના પદ વારસાગત બની ગયા હતા. રાજા મંત્રીમંડળના સૂચનને માનવા બંધાયેલો ન હતો. કોઈ વખત મહત્ત્વના મંત્રીઓને પણ દંડ કરવામાં આવતો હતો. જેમકે મંત્રી સાલુવતિમ્મા પર યુવરાજની હત્યા માટે આરોપ મૂકવામાં આવ્યો ત્યારે કૃષ્ણદેવરાયે તેને દંડ કર્યો હતો.*

*અબ્દુર રઝાક અને મુનિઝના મત મુજબ એક સચિવાલય હતું. તે રાયસના નામે ઓળખાતું તેનો મુખ્ય અધિકારી 'રાયસમ' (સચિવ) હતો. સચિવાલયનો બીજો અધિકારી 'અવતરમ્' હતો. તેમાં કર્ણિક અને લોહિયા જેવા અન્ય કર્મચારીઓ પણ હતા. આ મંત્રીઓ સિવાય રાજ્યમાં અન્ય અધિકારીઓ હતા. જેમાં મુખ્ય કોષાધ્યક્ષ, ઝવેરાતનો સંરક્ષક, રાજ્યના વ્યાપારી હિતોનું રક્ષણ કરવાવાળો અધિકારી, પોલીસ અધિકારી જેનું કામ અપરાધોને રોકવાનું અને નગરમાં શાંતિ વ્યવસ્થા જાળવવાનું હતું. ઘોડાઓનો મુખ્ય અધિકારી તેમ જ તેમને મદદરૂપ થવા માટે અન્ય નાના મોટા અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી.*

*વિજયનગર સામ્રાજ્ય વહીવટી સરળતા ખાતર ઘણા વહીવટી વિભાગોમાં વહેંચાયેલું હતું. પ્રાંતને 'રાજ્ય' કે 'મંડલ' કહેતા હતા. રાજ્યની શાસનવ્યવસ્થાનો સૌથી મોટો ઈલાકો પ્રાંત હતો. દરેક પ્રાંત અનેક જિલ્લાઓમાં વિભાજિત હતો. તામિલ વિભાગમાં વહીવટી વિભાગોને કોટ્ટમ પૂરું અને નાડૂ કહેવામાં આવતા જયારે કર્ણાટક વિભાગમાં વેંઠે નાડૂ સીમા અને સ્થળ તરીકે ઓળખાતાં હતાં. એ.એલ.શ્રીવાસ્તવતના ઉલ્લેખ પ્રમાણે વિજયનગરનું સામ્રાજ્ય છ પ્રાંતોમાં વહેંચાયેલું હતું. જયારે ડોમિનોમ પાયસ નામના યાત્રીએ સામ્રાજય 200 પ્રાંતોમાં વહેચાયેલું હોવાનું જણાવેલું છે. દરેક પ્રાંતનો વહીવટ કરવા માટે એક 'ગવર્નર'ની નિમણૂક કરવામાં આવતી. આ ગર્વનર સામાન્ય રીતે રાજકુમાર કે શક્તિશાળી સામંત હતા. ગર્વનરને પોતાના પ્રાંતોમાં ઘણી સત્તા મળેલી હતી. તેઓ પોતાના પ્રાંતમાં રાજાની માફક જ શાસન કરતા હતા પરંતુ કેન્દ્ર સરકાર તરફથી તેમના ઉપર કડક અંકુશ રાખવામાં આવતો. તેમણે કેન્દ્ર સરકારને પ્રાંતની આવક-જાવકનો હિસાબ મોકલવો પડતો હતો. તેમણે પોતાની આવકનો ત્રીજો ભાગ કેન્દ્ર સરકારને પહોંચાડવાનું ફરજિયાત હતું. અને બાકીના ર/૩ ભાગમાંથી પ્રાંતનો વહીવટ ચલાવવાનો હતો.*

*વિજયનગર સામ્રાજયની પ્રાંતીય વ્યવસ્થાના સંદર્ભમાં નાયકર વ્યવસ્થા તેનું એક મહત્ત્વનું અંગ હતું. તે વિજયનગર સામ્રાજયની એક સૌથી મહત્ત્વપૂર્ણ વિશેષતા હતી.*

*પોર્ટુગીઝ યાત્રી નુનિઝ અને પાયસે નાયંકર વ્યવસ્થાનો અભ્યાસ કર્યો હતો. ઈતિહાસકારોના મત મુજબ વિજયનગર સામ્રાજ્યમાં સેનાનાયકોને નાયકો કહેવામાં આવતા હતા. જ્યારે કેટલાક અન્ય ઈતિહાસકારોના મત મુજબ નાયક એ ભૂમિસાવંત હતા તેમને વેતનના બદલામાં અથવા તેમના હાથ નીચેના સેનાના ખર્ચ માટે ભ- ભાગ (અમરસ) આપવામાં આવતો હતો. તેઓ અમરસ ભૂમિનો ઉપયોગ કરતા તેનાથી તે અમરનાયક તરીકે પણ ઓળખાતા હતા. નાયકોની સંખ્યા ૨૦૦ જેટલી હતી. આ નાયકોને સૌથી વધારે તમિલનાડુમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ નાયકર વ્યવસ્થાને લીધે વિજયનગર સામ્રાજ્ય નબળું પડી ગયું. આ નાયકો ઉપર નિયંત્રણ રાખવા માટે મહામંડલેશ્વર કે વિશેષ કમિશનરોની નિમણૂ કરવામાં આવતી હતી. સૌ પ્રથમ તેની નિમણૂક અમૃતદેવરાયના સમયમાં થઈ હતી.*

*વિજયનગર સામ્રાજ્યમાં પ્રાદેશિક વહીવટીતંત્રમાં 'નાડુ' અને 'ગ્રામ' અગત્યના વહીવટી વિભાગો હતા. નાડુએ ગ્રામ કરતા મોટો રાજકીય વહીવટી એકમ હતો. તેમાં અનેક ગામડાંઓનો સમાવેશ થતો હતો. તેની સભાને ' નાડુસભા' કહેવામાં આવતી અને તેના સભ્યોને 'નાત્તવર' કહેવામાં આવતા. આ સભા સ્થાનિક બાબતોનો વહીવટ કરતી તેના પર કેન્દ્ર સરકારનો અંકુશ હતો.*

*ગ્રામ શાસનવ્યવસ્થાનો સૌથી નાનો એકમ હતો. જેનો પ્રબંધ ગ્રામસભા કરતી. ગ્રામમાં સ્વાયત્ત શાસન હતું. ગામના અધિકારીને 'આયંગર' કહેવામાં આવતો હતો. તેમનું પદ પૈતૃક અથવા વંશપરંપરાગત હતું. આ અધિકારીઓના પદોનું ખરીદ વેચાણ પણ થતું હતું. આયંગરને વેતન જમીનના પ્રમાણમાં કે ખેતીના ઉપજના આધારે આપવામાં આવતું. ગ્રામ-સભાઓ ગામના ઝઘડા તથા વિવિધ પ્રશ્નોનો નિકાલ કરતી હતી. તેમને કર ઉઘરાવવાનો અધિકાર હતો. ગામના વહીવટ ઉપર કેન્દ્ર સરકારની નજર રહેતી. કેન્દ્ર સરકાર સાથે સંપર્ક રાખવા માટે ગ્રામ કક્ષાએ 'મહાનાયકાચાર્ય' નામના અધિકારીની નિમણૂક કરવામાં આવી હતી.*

- **ન્યાયવ્યવસ્થા**

*રાજા સર્વોચ્ચ ન્યાયાધીશ હતો. રાજ્યમાં અનેક નાના-મોટા ન્યાયાલયો વ્યવસ્થિત રીતે કામ કરતાં હતા. ન્યાય વ્યવસ્થા કડક હતી અને હિન્દુધર્મના નિયમો મુજબ હતી. ચોરી અને વ્યભિચાર માટે અંગ-છેંદની શિક્ષા હતી, જ્યારે રાજદ્રોહ માટે મૃત્યુદંડની સજા હતી. ગામોમાં આયંગર અને પ્રાંતોમાં સૂબેદાર ન્યાય માટેના અધિકારી હતા. સામાન્ય પ્રકારના ગુનાઓ માટે અર્થદંડ કે મિલકતની જપ્તીની શિક્ષાનો પ્રબંધો હતો.*

- **સૈન્ય વ્યવસ્થા**

*વિજયનગર સામ્રાજ્યની સૈન્યવ્યવસ્થા કુશળ અને મજબૂત હતી. પડોશી મુસ્લિમ રાજાઓ સાથે તેમાં પણ ખાસ કરીને બહમની સુલતાનો સાથે સતત સંઘર્ષના કારણે વિજયનગરના શાસકોને સૈન્ય સંગઠન તરફ વધારે ધ્યાન આપવું પડયું હતું. કેન્દ્રના લશ્કરીતંત્રને 'કંડાચાર' કહેવાતું. તેના વડા તરીકે દંડનાયક નામના ખાસ અધિકારીની*

*નિમણૂક કરાઈ હતી. તેમની વિશાળ સેનામાં ઘોડેસ્વાર,હાથી અને પાયદળ સૈનિકોનો સમાવેશ થતો હતો. અબ્દુર રઝાકના કહેવા મુજબ "વિજયનગર સામ્રાજ્યમાં અનેક સૈનિક સ્કૂલો હતી જેમાં રાજ્યના લોકોને તલવાર અને ધનુષ્ય ચલાવવાની તાલીમ આપવામાં આવતી હતી." આમ લશ્કરી દૃષ્ટિએ વિજયનગરનું સામ્રાજ્ય ઘણું જ મજબૂત હતું.*

- **પોલીસ અને ગુપ્તચર વ્યવસ્થા**

*વિજયનગર સામ્રાજ્યમાં પોલીસ અને ગુપ્તચરતંત્રની પણ વ્યવસ્થા હતી. આ વ્યવસ્થા મુજબ જ્યારે કોઈ વ્યક્તિની ચોરી થાય તો પોલીસ અધિકારીઓએ ચોરને પકડી લાવવો પડે અથવા તો તેના નુકસાનની ભરપાઈ કરવાની રહેતી, રાજ્યમાં ગુપ્તચર વ્યવસ્થા પણ ખૂબ સારી હતી. સમ્રાટને ગુપ્તચર મારફતે મંત્રીઓ, અધિકારીઓ, નાયકો અને પડોશી રાજાઓની ગતિવિધિઓ સંબંધી ગુપ્ત માહિતી મળતી હતી. આદિવાસીઓ વનમાં ઉપદ્રવ ન કરે તે માટે તેવા વિસ્તારોમાં 'પાયલગરો'નામના પોલિસ કર્મચારીઓની નિમણૂંકકરવામાં આવી હતી.*

## 14.6 વિજયનગરની સામાજિક વ્યવસ્થા

*વિજયનગરના પ્રવાસે આવેલા પરદેશી મુસાફરોએ ત્યાંના તત્કાલીન સામાજિક જીવનનું સુંદરચિત્ર તેમની નોંધોમાં આપેલું છે. પોર્ટુગીઝ મુસાફર નુનિઝના કહેવા મુજબ સમાજ સુસંગઠિત હતો. સમાજમાં વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિપ્રથાનું વિશેષ મહત્ત્વ હતું. સમાજમાં બ્રાહ્મણોનું સ્થાન ખૂબ ઊંચું હતું. નુનિઝ જણાવે છે કે બ્રાહ્મણો સિવાય મોટાભાગના લોકો માંસાહાર કરતા. પરંતુ તેઓ ગાય અને બળદનું માંસ ખાવાનું નિષિધ માનતા હતા. બલિ ચઢાવવાનો રિવાજ પણ પ્રચલિત હતો. પાયસના કહેવા મુજબ વિજયનગર સામ્રાજ્યમાં નવરાત્રીનો ઉત્સવ ઉજવવામાં આવતો હતો અને તેના અંતિમ દિવસે ખૂબ પશુઓનો વધ કરવામાં આવતો હતો.*

*વિજયનગર સામ્રાજ્યમાં સ્ત્રીઓ પણ રાજકીય, સામાજિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતી હતી. તેમને યુદ્ધ કલા અને લલિતકલાઓનું શિક્ષણ આપવામાં આવતું હતું. 'પાયસ' ના કહેવા મુજબ સ્ત્રી અને પુરુષ બંનેમાં કુસ્તી ખૂબ લોકપ્રિય હતી. સતી અને દહેજપ્રથા પણ પ્રચલિત હતી. રાજમહેલમાં સ્ત્રી હિસાબનીશો, સ્ત્રી કર્મચારીઓ, સ્ત્રી અંગરક્ષકો, સ્ત્રી પહેલવાનો તથા સ્ત્રી જ્યોતિષીઓ જોવા મળતી હતી. પરંતુ વિદેશી મુસાફરોના વિવરણમાં સમાજની સામાન્ય સ્ત્રીઓનાં કાર્યો કે તેમના દરજ્જા વિશે કોઈ ઉલ્લેખ નથી આવતો. ધનવાન લોકો પ્રથામા માનતા હતા અને એ રિવાજ ખૂબ જ પ્રમાણમાં જોવા મળતો હતો. બાળલગ્નો,બહુપત્ની પણ સર્વ સામાન્ય હતાં. વિજયનગર જેવા સામ્રાજ્યમાં દાસપ્રથાને માન્ય સંસ્થા ગણવામાં આવી હતી.*

## 14.7 વિજયનગર સામ્રાજયની અર્થવ્યવસ્થા

*વિજયનગરનું સામ્રાજય ખૂબ જ સમૃદ્ધ હતું. તેની સમૃદ્ધિનું કારણ ખેતી, ઉદ્યોગ, વ્યાપાર-વાણિજયની પ્રગતિ હતી. પાયસના કહેવા પ્રમાણે "વિજયનગરના રાજા પાસે ખૂબ ધન હતું. વિજયનગર શહેરના લોકો ખૂબ જ કિંમતી પથ્થરોનો વેપાર કરતા હતા. વસ્તુઓ ખૂબ જ માત્રામાં હતી અને સસ્તી હતી. " ઈ.સ. 1442માં આવેલ અબ્દુલરઝાક લખે છે કે "આંખોયે કદી જોયેલું ન હોય અને આખી પૃથ્વી પર કદી સાંભળ્યું ન હોય તેવું આ વિજયનગર શહેર છે. ... વિશાળ અને ગીચ વસ્તી ધરાવતા વિજયનગરના સંપત્તિવાળા રાજાને મેં જોયો..... રાજ્યના બધા જ રહેવાસીઓ .... કાનમાં, કાંડા ઉપર, ગળામાં, આંગળીએ વગેરે અંગોએ હીરાજડિત અને ચમકતા અલંકારો પહેરે છે." વિજયનગરના શાસકોએ સિંચાઈની સારી વ્યવસ્થા કરી હતી તેમ જ ઉદ્યોગોને પણ પ્રોત્સાહન પુરું પાડયું હતું. જો અબ્દુર્રઝીકનું કહેલું સાચું માનીએ તો વિજયનગર સામ્રાજયમાં લગભગ 300 બંદરો હતા. આ બંદરો દ્વારા ઈરાન તેમ જ પશ્ચિમના અન્ય દેશો સાથે વ્યાપાર થતો હતો- આ વેપારમાં કાપડ, ચોખા, ખાંડ, લોખંડ વગેરેની નિકાસ થતી હતી જ્યારે ઘોડા, હાથી, તમાકું, ઝવેરાત, ચીનનું સીલક, રેશમ વગેરેની આયાત થતી હતી. બાર્બોસા નોંધે છે તેમ દક્ષિણ હિંદ માટેનાં વહાણો માલદિવ ટાપુઓમાં બનાવવામાં આવતાં. શિલાલેખોના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે વિજયનગરના શાસકો એક મોટું 'દરિયાઈ જહાજ' રાખતા હતા.*

*વિજયનગરના વ્યાપારી સંઘોનું આર્થિક જીવનમાં મહત્ત્વપૂર્ણ સ્થાન હતું. સોના અને ચાંદીના સિક્કાઓ ખૂબ પ્રચલિત હતા. તેમના ઉપર વિવિધ દેવ-દેવીઓ અને પશુઓના ચિહ્ન અંકિત કરવામાં આવતા. ઉચ્ચવર્ગના લોકોનું જીવનધોરણ ખૂબ સમૃદ્ધ અને સુખી હતું જ્યારે મધ્યમવર્ગ અને નીચલાવર્ગનું થોડું જીવનધોરણ કષ્ટદાયક હતું. કારણ કે તેમના ઉપર કર ભરવાનું ભારણ હતું.*

*તેમ છતાં વિજયનગર સામ્રાજયનું શાસન ઉચ્ચકક્ષાનું હતું. પ્રજાની આર્થિક સ્થિતિ સારી હતી તેમ જ કલા અને સાહિત્ય ઉચ્ચકોટિનું હતું.*

- **તમારી પ્રગતિ ચકાસો : 3**

1. *વિજયનગર સામ્રાજયની શાસન વ્યવસ્થાની મુખ્ય વિશેષતાઓનું વર્ણન કરો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

2. *વિજયનગર સામ્રાજયની સામાજિક સ્થિતિ વિશે ટૂંકમાં લખો.*

3. *વિજયનગર સામ્રાજયની આર્થિક સ્થિતિ વિશે ટૂંકમાં લખો.*

## 14.8 સારાંશ

*વિજયનગર સામ્રાજયના અભ્યાસના નિષ્કર્ષ સ્વરૂપે કહી શકાય કે દક્ષિણનાં બે મહાન સામ્રાજય વિજયનગરની રાજાશાહી બાહય દેખાવમાં પ્રતીકાત્મક હતી. જેમાં શાસક પોતાના અધિપતિઓ દ્વારા નિયંત્રણ રાખતા હતા. વિજયનગર સામ્રાજયના બધા જ શાસકોમાં કૃષ્ણદેવરાય બહાદુર યોદ્ધા હોવા ઉપરાંત મહાન મુત્સદી, કાબેલ વહિવટીકર્તા અને સાહિત્ય તેમ જ કલાનો પુરસ્કર્તા હતો. તેના દરબારનાં અનેક વિદેશીઓએ ખૂબ વખાણ કર્યા છે. વિજયનગર રાજ્યનું વહિવટીતંત્ર સંગીન અને કાર્યદક્ષ હતું. વિજયનગરની સત્તાનો આધાર બે મુખ્ય રાજકીય સંસ્થાઓ નાયંકર અને આયંગર હતી. સામાજિક દષ્ટિએ આ સમાજમાં જ્ઞાતિપ્રથાનું મહત્ત્વ હતું. સમાજમાં બ્રાહ્મણોનું સ્થાન ખૂબ ઊંચું હતું. આર્થિક દષ્ટિએ વિજયનગર રાજ્યની સમૃદ્ધિનાં પરદેશીઓએ વખાણ કર્યા છે. ત્યાંનું સામ્રાજય આર્થિક દષ્ટિએ સમૃદ્ધ હતું અને લોકો સુખી હતા.*

## 14.9 તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો

- **'તમારી પ્રગતિ ચકાસો' 1**

  *અ.* 1. A 2.B 3.B 4. C 5.D
- **'તમારી પ્રગતિ ચકાસો' 2**

  *અ.* 1. *આમુક્ત માલ્યદ* 2. *આઠ કવિઓનો સમૂહ* 3. *એડવાર્ડો બારબોસો અને પાયસ* 4. *પોર્ટુગીઝ* 5. *કૃષ્ણદેવરાય* 6.*કૃષ્ણદેવરાય* 7. *કુલીન કુતુલશાહ*

## 14.10 સંદર્ભ ગ્રંથો


1. ડૉ. રામપ્રસાદ ત્રિપાઠી 'વિજયનગર સામ્રાજયનો ઈતિહાસ', સસ્તા સાહિત્ય મંડળ નવી દિલ્હી.
2. ડૉ.આશીવાર્દીલાલ શ્રીવાસ્તવ દિલ્હી સલ્તનત(ઈ.સ. 711 થી 1526) શિવલાલ અગ્રવાલ એન્ડ કંપની પ્રાઈવેટ લી. આગરા.
3. શૈલેન્દ્ર સંગર 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' એટલાંટીક બુક સ્ટોર, નવી દિલ્હી.
4. વી.ડી.મહાજન 'મધ્યકાલીન ભારત' એસ. ચંદ્ર એન્ડ કંપની લી. રામનગર નવી દિલ્હી.
5. સતિશચંદ્ર 'મધ્યકાલીન ભારત, રાજનિતી અને સંસ્કૃતિ' ઓરિએન્ટલ બ્લેક સ્વાન, નવી દિલ્હી.
6. રમેશચંદ્ર મજમુદાર, હેમચંદ્ર રાય ચૌધરી કાલિકિંકર : અનુવાદ : યોગેન્દ્ર મિશ્ર મેકમિલન ઈન્ડિયા લીમીટેડ.
7. ડૉ.ઈશ્વર ઓઝા 'સલ્તનકાલ' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ.
8. નાયક છોટુભાઈ રણછોડજી 'મધ્યયુગીન ભારત ખંડ-2, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
9. વી.એસ.ભાર્ગવ 'મધ્યકાલીન ભારતીય ઈતિહાસ અને સંસ્થાઓ, કોલેજ બુક ડેપો, જયપુર.
10. હરીશચંદ્ર વર્મા (સંપા) 'મધ્યકાલીન ભારત ભાગ-1 (ઈ.સ. 750 – 1540) દિલ્હી વિશ્વવિદ્યાલય
11. વિદ્યાલંકાર સત્યકેતુ 'ભારતીય સંસ્કૃતિ અને તેનો ઈતિહાસ' મસૂરી
12. પ્રવીણચંદ્ર પરીખ 'ભારતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (ઈ.સ. 1000-1818) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
13. ડૉ. શાંતિલાલ શાહ અને પ્રા. જસુ. બી.પટેલ 'ભારતીય ઈતિહાસ' શાંતિનિકેતન પ્રકાશન, અમદાવાદ.
14. આર. કે. ધારૈયા 'મધ્યકાલીન ભારતનો ઈતિહાસ' સી જમનાદાસની કંપની અમદાવાદ.

## એકમ- 15 બહમની સામ્રાજ્યની રાજકીય અને સાંસ્કૃતિક સ્થિતિ

રૂપરેખા :

**15.0** ઉદ્દેશો

**15.1** પ્રસ્તાવના

**15.2** બહમની સામ્રાજ્યનો ઉદય

**15.3** બહમની સામ્રાજ્યની રાજકીય સ્થિતિ

**15.3.1** વિજયો અને સામ્ર્જ્ય વિસ્તાર

**15.3.1.1** અબુલ મુજફ્ફર અલાઉદ્દીન બહમન શાહ (હસન ગંગુ) **(1347-1458)**

**15.3.1.2** સુલતાન મોહંમદ શાહ પહેલો **(1358-1377)**

**15.3.1.3** મુજાહિદ શાહ અને મોહંમદ શાહ બીજો **(1375-1397)**

**15.3.1.4** સુલતાન તાજુદ્દીન ફિરોજશાહ **(1397-1422)**

**15.3.1.5** સુલતાન અહમદશાહ પહેલો **(1422-1435)**

**15.3.1.6** સુલતાન અલાઉદ્દીન અહમદશાહ બીજો **(1435-1458)**

**15.3.1.7** સુલતાન મોહંમદશાહ ત્રીજો અને વજીર મહમૂદ ગાવાન

**15.3.2** બહમની સામ્રાજ્યનું પતન

**15.4** વિદેશી અને દક્ષિણી ઉમરાવો વચ્ચેનો આંતરકલહ

**15.5** બહમની સામ્રાજ્યનું વહીવટીતંત્ર

- તમારી પ્રગતિ ચકાસો (ક)

**15.6** બહમની સામ્રાજ્યની સાંસ્કૃતિક સ્થિતિ

- તમારી પ્રગતિ ચકાસો (ખ)

**15.7** સારાંશ

**15.8** ચાવીરૂપ શબ્દો

**15.9** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**15.10** સંદર્ભગ્રંથો

## 15.0 ઉદ્દેશો

*આ એકમ વાંચ્યા પછી તમે આ બાબતો સમજશો.*

- *બહમની સામ્રાજ્યની સ્થાપના, વિસ્તાર અને તેનો રાજકીય ઈતિહાસ*
- *બહમની સામ્રાજ્યનું વહીવટી માળખું કેન્દ્રીય અને પ્રાદેશિક*
- *બહમની સામ્રાજ્યનું વિઘટન*
- *બહમની સામ્રાજ્યનો સમાજ, સંસ્કૃતિ, કલા-સ્થાપત્ય, ધર્મ, આર્થિક સ્થિતિ જેવી સાંસ્કૃતિક સ્થિતિ.*

## 15.1 પ્રસ્તાવના

*અલાઉદ્દીન ખિલજીના સેનાપતિ મલિક કાફૂરે દક્ષિણ ભારતમાં દેવગિરિના યાદવો, વારંગલના કાકતિયો, દૂવારસમુન્દ્રના હોયસળો અને મદુરાના પાંડ્યોને હરાવી અઢળક સંપત્તિ મેળવી તાબે કર્યા હતાં. આમ, દક્ષિણ ભારતમાં પ્રથમ આક્રમણ અલાઉદ્દીન ખિલજીના સમયે થયુ. તુઘલક સુલતાન મુહમ્મદ તુઘલકે પણ દક્ષિણમાં મહત્ત્વના વિજયો કર્યા હતા. જોકે તેના જ સમયમાં દિલ્હી સલ્તનતનું વિઘટન થવા લાગ્યું ને સામ્રાજ્યના ઘણા પ્રદેશોમાં પ્રાદેશિક સત્તાઓ સ્થપાઈ. આ એકમમાં બહમની સામ્રાજ્યની સ્થાપના, તેના સુલતાનોના વિજયો દ્વારા સામ્રાજ્ય વિસ્તાર, તેનું વહીવટી તંત્ર જેવી રાજકીય સ્થિતિ, ઉપરાંત તેના સમાજ, ધર્મ, અર્થવ્યવસ્થા, કલા-સ્થાપત્ય, શિક્ષણ જેવાં સાંસ્કૃતિક પાસાઓ વિશે વિગતે અભ્યાસ કરીશું.*

## 15.2 બહમની સામ્રાજ્યનો ઉદભ્વ અને વિકાસ

*મુહમ્મદ તુઘલકના શાસનકાળમાં દખ્ખણના પ્રદેશો પર વિજય મેળવી તેને દિલ્હી સલ્તનતમાં ભેળવી દેવાયા અને ત્યાંનાં પ્રદેશ માટે વહીવટી વ્યવસ્થા કરવામાં આવી. શાહીકુટુંબના કુતલઘખાનને દખ્ખણ પ્રમુખ સૂબા તરીકે વિશાળ સત્તા સાથે નિમવામાં આવ્યો. સમગ્ર દખ્ખણ પ્રદેશને 23 ઈકલીમો (પ્રાંત) માં વહેંચવામાં આવ્યો. આ દખ્ખણના પ્રાંતોમાં મહારાષ્ટ્ર, ઓરિસ્સા, તેલંગાણા, દૂવારસમુન્દ્ર, બીદર, કામ્પિલી ને પછઈથી માળવાનો સમાવેશ થતો હતો. 23 પ્રાંતોને ગ્રામ્ય અને શિક (જિલ્લાઓ) જેવા પેટા વહીવટી વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા. આ વિભાગોના મુખ્ય વહીવટી અમલદારોમાં શિકદાર, વલી, અમીર, હજારાહ, અમીર-એ-સાદાહ હતા. જ્યારે મુતસર્રિફ, કારકુન, ચૌધરી વગરે જેવા મુલ્કિ અમલદારો પણ હતા. આ તમામ અધિકારીઓમાં સર્વોચ્ચ સત્તા જે દખ્ખણનો સૂબા અને અમીર –એ-સાદાહ (જે 100 ગામનો અધિકારી)ના હાથમાં કેન્દ્રીત થતી હતી.*

*દખ્ખણમાં બહમનીના સ્વતંત્ર સામ્રાજ્યની સ્થાપનામાં ત્યાંની ભૌગોલિક વિષમતા, દિલ્હીથી દૂરનો પ્રદેશ, ત્યાં નિમાતા સૂબાને અપાયેલી વિશાલ સત્તાઓ, હક્કો વગેરે પરિબળો હતાં. આમાંથી અમીર-એ-સાદાહે દખ્ખણને દિલ્હી સલ્તનતથી સ્વતંત્ર કરાવવામાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો.*

*મુહમ્મદ તુઘલકના શાસનકાળ દરમિયાન 13 નાના-મોટા વિદ્રોહો થયા. જેમાં દક્ષિણ ભારતમાં સૌ પ્રથમ વિદ્રોહ બહાઉદ્દીન ગુરુરાસ્પે ઈ.સ. 1327માં ગુલબર્ગાના સાગર ખાતે કર્યો હતો. જેને દબાવી દેવામાં આવ્યો. આ વિદ્રોહ જ મુહમ્મદ તુઘલકને ઈ.સ. 1328માં રાજધાની દૌલતાબાદ (દેવાગિરિ) ખસેડવા મજબૂર કર્યો હતો. માબારના (મદૂરાના) સૂબા સૈયદ જલાલુદ્દીન અહસને કેટલાક સરદારો સાથે ઈ.સ. 1335માં સફળ વિદ્રોહ કરી માબરને સ્વતંત્ર રાજ્ય બનાવ્યું. ઈ.સ. 1336-37માં બીદરના સુબાએ નિષ્ફળ વિદ્રોહ કર્યો હતો. આવી વિદ્રોહી પરિસ્થિતમાં મુહમ્મદ તુઘલકે દક્ષિણ નીતિમાં બદલાવ કરી જૂના અમીરોને સ્થાને નવા અમીરો નીમ્યા. તે નીતિ પણ કારગત નીવડી નહીં. ઈ.સ. 1345માં ગુજરાતના સરદારોએ વિદ્રોહ કર્યો. તેની સાથે અમીર-એ-સાદાહે પોતાને દખ્ખણમાં સ્વતંત્ર જાહેર કરી દેવગિરિ અને ગલાબર્ગાને ભેળવી દઈ અમીર નાસિરુદ્દીન ઈસ્માઈલ શાહ (ઈસ્માઈલ મખ) ને સુલતાન જાહેર કર્યો. ઈસ્માઈલ મખ વૃદ્ધ તથા બિનમહત્વાકાંક્ષી હોઈ તેણે અને અમીરોએ યોગ્યતા ધરાવતા હસન ગંગુ ઉર્ફે ઝફરખાનને સુલતાન બનાવ્યો. ૩ ઓગસ્ટ, 1347માં તેણે અબુલ મુઝફ્ફર અલાઉદ્દીન બહમનશાહ ખિતાબ સાથે સ્વતંત્ર શાસનનો પ્રારંભ કર્યો.*

*હસન ઉર્ફે ઝફરખાન પોતાને ફારસી-ઈરાની મહાપુરુષ ઈસ્ફન્દીયારના પુત્ર બહમનનો વંશજ ગણાવતો હોવાથી તેણે જે વંશ સ્થાપ્યો તેને બહમની વંશથી ઓળખવામાં આવે છે. આમ, આ વંશનું નામ ઈરાનના બાદશાહ ઉપરથી ઉતરી આવ્યું છે. દખ્ખણના આ નવા રાજ્યમાં સંપૂર્ણ દખ્ખણ વિસ્તારનો સમાવેશ થતો હતો. જેણે દક્ષિણ ભારતની રાજનીતિમાં દોઢ સદી સુધી પ્રભાવ પાડ્યો.*

### 15.3.1 મુખ્ય શાસકો અને સામ્રાજ્ય વિસ્તાર

#### 15.3.1.1 અબુલ મુઝફ્ફર અલાઉદ્દીન બહમશાહ (1347-1358)

*દૌલતાબાદને સ્થાને ગુલબર્ગને હસનાબાદ નામ આપી રાજધાની બનાવી. તે યોગ્ય શાસક હતો ને તેણે કાંટગીર (આંધ્રપ્રદેશ), કન્દહાર, મનરમ, અક્કાલકોટ (મહારાષ્ટ્ર), મહેન્દ્રી, કલ્યાણી, સાગર (કર્ણાટક), ભોંગીર (તેલંગણા) વગેરે અનેક વિજયો કર્યા. માળવાને પણ આધીન બનાવ્યું. આમ અનેક વિજયો દ્વારા તેનું રાજ્ય ઉત્તરમાં વેણગંગા નદીથી દક્ષિણમાં કૃષ્ણા નદી અને પૂર્વમાં ભાગીરથી નદીથી પશ્ચિમમાં દૌલતાબાદ (દભોલ, ગોવા) સુધી વિસ્તાર્યું હતું. તેણે વિજયની સાથે વહીવટીતંત્રને સુદ્રઢ બનાવ્યું. રાજ્યને ગુલબર્ગ, દૌલતાબાદ, વરાડ અને બીદર એમ ચાર પ્રાંતો (તરફો)માં વહેંચી યોગ્ય તરફદારો (ગવર્નરો) નીમ્યા હતા. જેમને તરફ (પ્રાંત)માં લશ્કર રાખવા અને અમલદારોની નિમણૂંક કરવા જેવી વિશાળ સત્તાઓ આપવામાં આવતી.*

*તેલંગણા અને વિજયનગર બહમની રાજ્યના પ્રતિસ્પર્ધી રાજ્યો હતાં. તેલંગણાના રાજ્ય પાસેથી એક યુદ્ધમાં ગોલકોન્ડા બહમનીને મળ્યું. જ્યારે વિજયનગરના મજબૂત રાજ્ય સાથેના યુદ્ધથી તુંગભદ્રા દોઆબ વિસ્તાર પર બંનેનો સંયુક્ત અધિકાર સ્થપાયો. તો 14મી સદીના ઉત્તરાર્ધમાં ગોવા વિજયનગરને મળ્યું. આંધ્ર અને કર્ણાટકના પ્રદેશો માટે બહમની અને વિજયનગર વચ્ચે કુટનીતિક સાંઠમારી ચાલુ રહી. 15મી સદીની*

*શરુઆતની વીસીમાં આંધ્રજૂથ (વેલામા)ના વિજયનગરને પક્ષે ભળવાથી બહમનીને રાજ્ય વિસ્તારમાં નિષ્ફળતા મળી. રાજ્ય વહીવટ ઉપરાંત તે વિદ્વાનો અને સૂફી સંતોનો આશ્રયદાતા હતો. મિન્હાસ ઉસ સિરાજ તેને ન્યાયી અને પ્રજાકલ્યાણકારી શાસક ગણાવે છે.* 1358 *માં તે અવસાન પામ્યાં.*

### 15.3.1.2 મોહંમદશાહ પહેલો (1358-1377)

*હસનનો જ્યેષ્ઠ પુત્ર મોહંમદશાહ પહેલો* 1358*માં સત્તા પર આવ્યો. તેના વહીવટી સુધારામાં પ્રધાનમંડળ સ્થાપી લશ્કર અને પ્રાંતોના વહીવટીતંત્રને સુદ્રઢ કર્યું. આથી સૌપ્રથમ મજબુત શાસનતંત્રનો પાયો નાંખવાનો યશ શ્રી એ.એલ.શ્રીવાસ્તવ તેને આપે છે. તેણે વિજયનગર અને વારંગલનાં રાજ્યોને હરાવ્યાં હતાં. ભોગવિલાસી જીવનને કારણે ઈ.સ.* 1375*માં તેનું અવસાન થયું.*

### 15.3.1.3 મુજાહિદશાહ અને મોહંમદશાહ બીજો

*સુલતાન મોહંમદશાહના અવસાન પછી તેનો પુત્ર મુજાહિદશાહ સત્તા પર આવ્યો. તેને વિજયનગર સામેના યુદ્ધમાં નિષ્ફળતા મળી. તેની સામે તેના જ પિતરાઈ ભાઈ દાઉદખાને ઈ.સ.* 1378*માં કાવતરાથી ગાદી પડાવી પરંતુ ટૂંક સમયમાં તેનું ખૂન થતાં અમીર ઉમરાવોએ અલાઉદ્દીન હસનશાહના પૌત્ર મોહંમદશાહ બીજાને ગાદીએ બેસાડ્યો. તે શાંત પ્રકૃતિનો હોવાથી વિજયનગર સાથે સુલેહશાંતિની નીતિ અપનાવી. રાજ્યમાં મસ્જિદો-મદ્રેસાઓ જેવાં નોંધપાત્ર બાંધકામો કરાવી વિદ્યાભ્યાસને ઉત્તેજન આપ્યું હતું. તે વિદ્વાનોને આશ્રય આપતો તથા કાવ્ય અને દર્શનશાસ્ત્રનો શોખીન હતો. એપ્રિલ* 1397*માં તેનું અવસાન થયું.*

### 15.3.1.4 ફિરોજશાહ (1397-1422)

*સુલતાન ફિરોજશાહ* 1397*માં સત્તા પર આવ્યો. તેણે વિજયનગર સાથે પુનઃ યુદ્ધની નીતિ અપનાવી. તેણે ઈ.સ.* 1398 *અને* 1406*માં એમ બે વાર વિજયનગરને હરાવ્યું તથા વારંગલનો કિલ્લો જીતી લઈ બહમનીની સીમા કૃષ્ણા નદીના મુખ પર આવેલા રાજમહેન્દ્રી સુધી વિસ્તારી. તેણે વિજયનગરના રાજા દેવરાય પહેલાને હરાવી તેની પુત્રી તથા મોટી રકમનો યુદ્ધ દંડ આપવા ફરજ પાડી હતી. જોકે ઈ.સ.* 1420*માં વિજયનગર પરના ત્રીજા આક્રમણમાં તેનો પરાજય થયો હતો. પછીથી વિજયનગરે દક્ષિણ અને પૂર્વના ઘણા પ્રદેશો કબજે કર્યા હતા. પરાજય પછી ફિરોજશાહે શાસનમાં ભાગ લેવાનું છોડી દીધું ને ઈ.સ.* 1422*માં તેને અહમતશાહની તરફેણમાં ગાદી ત્યાગ કરવો પડ્યો. તેણે ગુલબર્ગ અને ફિરોઝાબાદમાં (ભીમા નદી પર બંધાવેલું શહેર) સુંદર ઈમારતો બંધાવી હતી. તે અનેક ભાષાઓનો જાણકાર હતો તથા સૂફી-સંતો અને વિદ્વાનોનો આશ્રયદાતા હતો. તારીખે ફિરિશ્તામાં નોંધ્યું છે તેમ, તેના યુગમાં બહમની રાજ્ય તેની સમૃદ્ધિની પરાકાષ્ટાએ પહોંચ્યું હતું.*

### 15.3.1.5 અહમદશાહ પહેલો (1422-1435)

*"વલી" ઉપનામથી જાણીતા સુલતાન અહમદશાહ પહેલાએ ઈ.સ.* 1423*માં વિજયનગરને હરાવી ખંડણી અને યુદ્ધદંડ વસૂલ્યો.* 1425*માં તેના સેનાપતિ ખાન-એ-આઝમે વારંગલને હરાવી હિંદુ રાજ્યનો અંત લાવ્યો. માળવાના હુશંગશાહને હરાવ્યો. જોકે ગુજરાતના સુલતાન અહમદશાહ પહેલા સાથેના યુદ્ધમાં તેની હાર થઈ. તેણે કાંકણને પણ હરાવ્યું હતું. આમ, તેણે વિજય કૂચ દ્વારા બહમની રાજ્યની પ્રતિષ્ઠામાં વધારો કર્યો હતો. તે વિજેતાની સાથે વિદ્વાનોનો પોષક અને સ્થાપત્યનો શોખીન હતો. પ્રખ્યાત કવિ શેખ 'આઝરી'ને આશ્રય આપ્યો હતો. મૌલાના શરફૂદ્દીન માઝનદરાનીને બાર હજાર ટંકાથી સન્માનિત કર્યા હતા. બિદરનાં નોંધપાત્ર બાંધકામો કરાવ્યાં હતાં. તેના સમયમાં બે મહત્વની ઘટનાઓ બની. પહેલી તેણે રાજધાની ગુલબર્ગથી બિદર ખસેડી અને બીજી અફાકિયો (વિદેશી ઉમરાવ) અને દક્ષિણી ઉમરાવ વચ્ચેના સંઘર્ષની શરુઆત તેના સમયમાં થઈ હતી. જેણે આગળ જતાં બહમની સામ્રાજ્યના વિઘટનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. ઈ.સ.* 1435*માં તેનું અવસાન થયું.*

### 15.3.1.6 અલાઉદ્દીન અહમદશાહ બીજો (ઈ.સ. 1435-1458)

*અહમદશાહ પછી તેનો જ્યેષ્ઠ પુત્ર અલાઉદ્દીન અહમદશાહ બીજો ગાદીએ બેઠો. તેના ભાઈ મોહંમદશાહનો વિદ્રોહ શમાવી તેને રાયચુર દોઆબનો સૂબો બનાવવામાં આવ્યો. કામકણના હિંદુ જાગીરદારોને હરાવી બહમનીનો અંકુશ સ્થાપ્યો. ખાનદેશે બહમની ઉપર આક્રમણ કરતાં તેને હરાવવામાં આવ્યો. ઈ.સ.* 1443*માં અલાઉદ્દીને વિજયનગર ઉપર આક્રમણ કરી તેને નિયમિત ખંડણી આપવા બાધ્ય કરવામાં આવ્યું. તે પણ પુરોગામી સુલતાનોની જેમ સ્થાપત્યનો શોખીન અને વિદ્વાનોને આશ્રય આપતો.*

### 15.3.1.7 મોહંમદશાહ ત્રીજો અને  મહમૂદ ગાવાન (1463-1482)

*સુલતાન અલાઉદ્દીન પછી તેનો પુત્ર હુમાયૂનશાહ* (1458-1461) *શાસક બન્યો. તેના સાડાત્રણ વર્ષનું ટૂંકું શાસન ક્રૂર હતું. તેથી ઈતિહાસકારોએ તેને "ઝાલિમ"નું ઉપનામ આપેલું. તેના પછી તેના સગીર પુત્ર નિઝામશાહ* (1461-1463)*ને ગાદીએ બેસાડવામાં આવ્યો. રાજ રક્ષક તરીકે બેગમ મખદુમા જહાંએ ખ્વાજા જહાં તુર્ક અને મહમૂદ ગાવાનની સહાયથી રાજ્ય વહીવટ ચલાવ્યો. બહમની ઉપર આ સ્થિતમાં ઓરિસ્સા અને તેલંગણાના રાજાઓએ આક્રમણ કર્યું. પરંતુ તેમને પાછા હટાવવામાં આવ્યા. માળવાના સુલતાન મહમૂદ ખિલજીએ બિદર ઉપર આક્રમણ કર્યું. ગુજરાતના સુલતાન મહમૂદે લશ્કરી મદદ મોકલી ત્યારે બહમની માળવા આક્રમણને ખાળી શક્યું. ઈ.સ.* 1463*માં બાળરાજા નિઝામનું અવસાન થતાં તેનો ભાઈ મોહંમદશાહ ત્રીજો ગાદીએ આવ્યો.*

*મહમૂદ ગાવાન મોહંમદશાહ ત્રીજાનો વજીર હતો. તે વફાદાર, બુદ્ધિશાળી અને શક્તિશાળી વજીર હતો. તેની બહમની રાજ્ય પરત્વેની વફાદારી અને સેવાઓને બિરદાવતાં ડૉ. આર.સી.મજમુદાર નોંધે છે કે, "પોતાની અસાધારણ શક્તિઓ દ્વારા નિષ્કલંકિત પ્રામાણિકતા બતાવીને ગાવાએ બહમની રાજ્યની સેવા કરી હતી. અને*

પોતાની ચાણક્ય રાજનીતિ દ્વારા અને સફળ લશ્કરી હિલચાલ દ્વારા તેની પૂર્વેના કોઈપણ બહમની શાસક કરતાં તેણે રાજ્યની સીમાઓ વધુ વિસ્તૃત બનાવી હતી.''

ઈ.સ. 1469માં ગાવાના કોંકણના કિલ્લાઓ યુદ્ધ કરી પ્રાપ્ત કર્યા. સંગમેશ્વરના રાજાએ તેના આક્રમણના ભયે પ્રખ્યાત ખેલ્નાનો કિલ્લો ગવાનાને સુપ્રત કર્યો હતો. વિજયનગરનું વેપારી બંદર પણ કબજે કર્યું. તેના સેનાપતિ નિઝામ-મુલ્ક બરહીએ રાજમંડી, કોંડવીરના મહત્ત્વના કિલ્લા જીત્યા હતા. ઈ.સ. 1474-75ના દુષ્કાળના વર્ષોમાં પણ દખ્ખણમાં તેમની વિજયકૂચ ચાલુ રહી. ઈ.સ. 1478માં કાંજીવરમને પણ જીતી લેવામાં આવ્યું હતું. આમ, સુલતાન મોહંમદશાહ ત્રીજા અને વજીર મહમૂદ ગાવાનના વિજયોથી અભૂતપૂર્વ રીતે બહમની રાજ્યની સરહદો પહેલી જ વાર બંને બાજુ સમુદ્ર પર્યંત વિસ્તરી હતી. બહમની સામ્રાજ્યની સીમાઓ પશ્ચિમે મુંબઈથી ગોવા અને પૂર્વમાં કોંકણથી કૃષ્ણા સુધી વિસ્તાર પામી હતી. અફાકિઓ અને દક્ષિણની અમીરો વચ્ચેના સંઘર્ષને વજીર ગાવાને કનિયંત્રણમાં રાખવાનો અને તેમની વચ્ચે એકતા સ્થાપવા પ્રયાસ કર્યો હતો. તેણે વેપાર વાણિજ્યના વિકાસ માટે ધ્યાન આપ્યું હતું. તેણે મહેસૂલ સુધારા કરી જમાનની માપણી કરાવી રાજ્યની સમૃદ્ધિ વધારી હતી. પરંતુ સુલતાન મોહંમદશાહ ત્રીજાના હુકમથી વિરોધી દક્ષિણી અમીરોના આક્ષેપોની તપાસ કર્યા વગર જ મહાન વજીરને મારી નંખાવ્યો. તેના અંત સાથે જ બહમની રાજ્યના પતનનો પ્રારંભ થયો. ડૉ. સી.આર.નાયક ગાવાનના સમસ્ત જીવનને એક શબ્દમાં વ્યક્ત કરે છે. અને તે છે ''નિષ્ઠા''. મેડોઝ ટેલર નોંધે છે તેમ, ''બહમની રાજ્યમાં એકતા અને શક્તિનું જ `પરિબળ હતું તેનો અસ્ત થયો.''તે પોતે અફાકિ(વિદેશી) ઉમરાવ હોવા છતાં વિદેશી ઉમરાવોનો પક્ષપાતી નહોતો. તે સમયના દુર્ગુણોથઈ મુક્ત સાદાઈથી રહેતો. તે વિદ્વાનોને આશ્રય આપતો. બિદરમાં મદ્રેસા સ્થાપી તેનું પુસ્તકાળય અલભ્ય ગ્રંથોથી સમૃદ્ધ બનાવ્યું હતું. ડૉ. આર.સી.મજુમદાર અંજલી આપતાં નોંધે છે કે, ''એક જાહેર અમલદાર તરીકે તેણે નિસ્વાર્થ ભાવે સેવાઓ આપેલી તેનાથી તે આપણી પ્રશંસાનો અધિકારી બને છે.''




**નકશો અ. બહમની સામ્રાજ્ય**

### 15.3.2 બહમની સામ્રાજ્યનું પતન

*મહમૂદ ગાવાનના અંત પછીના એક વર્ષમાં ઈ.સ. 1482માં પસ્તાવા વચ્ચે સુલતાન મોહંમદશાહ ત્રીજો અવસાન પામ્યો. તેના પછી તેનો પુત્ર મહમૂદશાહ (1482-1518) નિર્બળ પુરાવાર થયો. તેના સમયમાં અફાકિ-દક્ષિણી ઉમરાવોનો સંઘર્ષ ચરમ સીમાએ પહોંચ્યો. દક્ષિણી ઉમરાવોએ અફાકિ ઉમરાવોના પક્ષે ઝુકાવ ધરાવતા સુલતાનનું ખૂન કરવાનું કાવત્રુ કર્યું. જે નિષ્ફળ જતાં દક્ષિણી ઉમરાવોની કત્લેઆમ થઈ. આ સંઘર્ષે કેન્દ્રીય સત્તાને નબળીપાડી. મહમૂદશાહના ચાર વારસદારો વજીરોના હાથમાં કઠપુતળી સમાન બની ગયા. બહમની વંશના છેલ્લા સુલતાન કલીમુલ્લાશાહના સમયમાં સૌપ્રથમ ઈ.સ. 1537માં બીજાપુરાના ઈબ્રાહીમ આદીલશાહે સ્વતંત્રતાની ઘોષણા કરી. ઈ.સ. 1538માં કલીમુલ્લાહના અવસાન સાથે 180 વર્ષના બહમની સામ્રાજ્યનો અંત આવ્યો ને બહમની સામ્રાજ્ય બીજાપુર, ગોલકોંડા, અહમદનગર, બિદર અને વરાડ (બરાર) એમ પાંચ રાજ્યોમાં વહેંચાઇ ગઈ.*

### 15.3.3 વિદેશી અને દક્ષિણી ઉમરાવોનો આંતરકલહ

*દેશી-વિદેશી ઉમરાવોનો આંતરકલહોએ બહમની સામ્રાજ્યને નિર્બળ પાડી ભારે નુકશાન કર્યું હતું. સુલ્તાનમાં અમીરોનું સ્થાન અને ભૂમિકા મહત્ત્વનાં હતાં. સલ્તનતને ટકાવી રાખવા ઉપરાંત સુલતાન બનવા કે સુલતાન તરીકે ટકી રહેવા ઉમરાવોના સહકારની આવશ્યકતા રહેતી. તેથી કરીને સુલતાન પણ આવા અમીરોની વફાદારી પ્રાપ્ત કરવા તત્પર રહેતો. બહમની રાજ્યમાં પણ વહીવટીતંત્ર, શાસનપ્રણાલી બહુધા દિલ્હી સલ્તનતની પ્રતિકૃતિ રુપે હોઈ ત્યાં પણ અમીરોની લાગવગનો દબદબો રહ્યો હતો. બહમની સામ્રાજ્યનો સ્થાપક અલાઉદ્દીન બહમનશાહ આવા અમીરોના સહકારથી જ સુલતાન બન્યો હતો. તેના સમયમાં અમીર સરદારોનાં ત્રણ જૂથ અસ્તિત્વમાં હતાં. 1378 પછી અફાકિ નો નવો ઉમરાવ વર્ગ ઉમેરાયો હતો. આ વર્ગ મૂળે પરદેશી હતા. જે ઈરાન, તુર્કસ્તાન, અરબસ્તાન, મધ્ય એશિયા અને અફઘાનિસ્તાનથી આવેલા મુસ્લિમો હતા. મોહમ્મદ ગઝની, મહમૂદ ઘોરીના સમયથી તેઓ સૈનિકો, વેપારીઓ વગેરે તરીકે હિંદમાં સ્થાયી થતા ગયા અને જૂના ભદ્રવર્ગના દક્ષિણે દખ્ખણી અમીરો તરીકે દેશી બની ગયા. આજ ઉમરાવ વર્ગ મોટા ભાગે વિદ્રોહ કરતા. આથી મુસ્લિમ શાસકોએ પોતાના શાસનના મહત્ત્વના હોદ્દાઓ પર નવા વિદેશી (અફાકિ) વર્ગને પસંદ કર્યા. 15મી સદી સુધી આ વર્ગનો પ્રવાહ ચાલુ રહેતાં તેમની સંખ્યા વધતી ગઇ તેમ તેઓ વર્ષોથી ભારતમાં સ્થાઈ થઇ ભારતીય દેશી બનેલા વિદેશી મુસ્લિમ અમીરોથી પોતાને ભિન્ન, ઊંચા, વફાદાર અને અલગવર્ગ ગણવા લાગ્યા. રાજ્યના મહત્ત્વના લશ્કરી અને મુલ્કિ હોદ્દાઓ પર તેમની પકડ વધતી ગઈ ને દક્ષિણી ઉમરાવ (દેશીઓ) હાસિયામાં ધકેલાતા ગયા. આમાંથી દેશી-વિદેશી ઉમરાવો વચ્ચેનો સંઘર્ષ ઉત્પન્ન થયો અને ફેલાતો ગયો.*

*બહમનશાહ અને મુજાહિદશાહે પણ આવા વિદેશી અફઘાન, તુર્ક, ઈરાનીઓને બહમની રાજ્યમાં શાસનતંત્રમાં પસંદ કર્યા હતા. દેશી-વિદેશી ઉમરાવો વચ્ચે ઈ.સ. 1397માં સંઘર્ષ ત્યારે શરુ થયો જ્યારે ગિયાસુદ્દીન તહમતાને અફાકિઓને ઉચ્ચપદો પર*

*નિયુક્ત કર્યા. જે ઉચ્ચપદો પર  પહેલાં દક્ષિણીઓ નિમાતા હતા. હવે તેમના હોદ્દા સ્થાન ઝીનવાતાં દક્ષિણીઓ તગબચિનની આગેવાની હેઠળ તુર્કી જૂથમાં એકઠા થયા. તગબચિને 1397માં ગિયાસુદ્દીનને મરાવી નાંખી દાઉદ બીજાને સુલતાન બનાવી પોતે માલિક નાએબ અને મીર જુમલા ના હોદ્દા મેળવી અફાકિઓ નું રાજનીતિમાં પ્રભુત્વ ઘટાડવામાં સફળ થયો હતો. અહમદશાહ પહેલો અફાકિ હસન બસરીની મદદથી સુલતાન બન્યો ત્યારે તેણે તે વિદેશી ઉમરાવને વકીલ-એ-સલ્તનતનો ઉચ્ચ હોદ્દો આપ્યો. આનાથી પણ દક્ષિણી ઉમરાવોમાં અસંતોષ ઘેરો બન્યો ને અહમદશાહ ત્રીજા સુધીમાં વધુ વકર્યો. વળી. અહમદશાહ ત્રીજાની વાસ્તવિક સત્તા ખ્વાજા-એ-જહાં તુર્ક, મલિક-ઉત-તુજ્જાર અને મહમૂદ ગાવાના શક્તિશાલી હાથોમાં રહી. જે અફાકિ (વિદેશી-મુસ્લિમ ઉમરાવ) હતા. વજીર મહમુદ ગાવાન વિદેશી છતાં તટસ્થ હતો ને તેણે બંને જૂથો પર અંકુશ રાખ્યો હતો. તેમ છતાં તે દક્ષિણી ઉમરાવોના ષડયંત્રનો ભોગ બન્યો. ઈ.સ. 1481ની પમી એપ્રિલે સુલતાન મોહંમદશાહ ત્રીજાના આદેશથી તેને મારી નાંખવામાં આવ્યો. પાછળના નબળા સુલતાનો આ બંને જૂથોના વારંવાર ભોગ બન્યા. બંને જૂથોના આંતરકલહ પરાકાષ્ઠાએ પહોંચતા બહમની સામ્રાજ્યના પતનનો માગર્ મોકળો બન્યો.*

## 15.5 બહમની સામ્રાજ્યનું વહીવટીતંત્ર

### 15.5.1 કેન્દ્રીય વહીવટીતંત્ર

*બહમની રાજ્યના સ્થાપક હસનશાહે વિજયોની સાથે સાથે રાજધાની ગુલબર્ગમાં યોગ્ય શાસન-વ્યવસ્થા સ્થાપી સમગ્ર રાજ્યને ચાર તરફ (પ્રાંત)માં વહેંચ્યું હતું. તેના પુત્ર સુલતાન મોહંમદશાહે બહમની રાજ્યને સામ્રાજ્યમાં પરિવર્તિત કર્યું અને શાસનતંત્રની યોગ્ય વ્યવસ્થા કરવાનો યશ તેને ફાળે જાય છે. મોહંમદશાહ ત્રીજાના કાબેલ વજીર મહમૂદ ગાવાને સામ્રાજ્યની સીમાઓ બંને બાજુ સમુદ્ર પર્યંત વિસ્તારી હતી. આવા વિશાલ સામ્રાજ્યના શાસન માટે યોગ્ય વહીવટીતંત્ર અપનાવેલું. જે નીચે મુજબનું હતું.*

### 15.5.1.1 સર્વોપરી સુલતાન

*બહમની શાસકોએ દિલ્હી સલ્તનતની વહીવટી વ્યવસ્થા અપનાવી હતી. જે ઈસ્લામિક આદર્શ પર ઘડાયું હતું. બહમનશાહે અબ્બાસીવંશના ખલીફાઓની સર્વોપરી સત્તાનો સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો હતો ને પોતાને ખાલીફાનો જમણો હાથ ગણાવતો. ભારતની અન્ય સલ્તનતોની જેમ બહમની સુલતાન સર્વસત્તાધીશ ગણાતો. સર્વોપરી સત્તાઓ ધરાવતો હોવાછતાં વ્યવહારમાં પ્રત્યક્ષ રીતે પોતાના પ્રધાનોની સલાહ પ્રમાણે ચાલતો. આમછતાં ડૉ.શર્મા નોંધે છે તેમ, પ્રત્યેક પ્રધાનની એક ફરજ ગણાતી કે તે સુલતાનની પ્રત્યેક ઈચ્છાને પૂરી કરવાનો પ્રયત્ન કરે.*

### 15.5.1.2 પ્રધાનમંડળ

સુલતાનને વહીટવમાં મદદ માટે પ્રધાનમંડળ રહેતું હતું. બહમની સામ્રાજ્યની શાસનવ્યવસ્થા મોહંમદશાહ પહેલાએ વ્યવસ્થિત કરી. જેમાં આઠ પ્રધાનો હતા. મુખ્ય પ્રધાન વકીલ-ઉસ-સલ્તનત કહેવાતો ને તે સુલતાનવતી વહીવટ સંભાળતો. સુલતાનની અનુપસ્થિતિ સમયે રાજ્યની તમામ જવાબદારીઓ તે નિભાવતો. સર્વ આજ્ઞાઓ અને હુકમો તેના સહી-સિક્કાથી નીકળતા. વજીરે કુલ અન્ય પ્રધાનો અને તેમની કામગીરી ઉપર દેખરેખ રાખતો. અમીર જુમલા નાણાપ્રધાન હતો. વજીરે અશરફ વિદેશ પ્રધાન હતો. રાજ્યમાં ઉજવાતા ઉત્સવોનો પણ તે મંત્રી હતો. વજીર અર્મીર જુમલાના મદદનીશ તરીકે કાર્ય કરતો. પેશવા મુખ્ય પ્રધાનના મદદનીશ તરીકે રહેતો. કેટલીક વાર પેશવા અને વકીલ-ઉસ-સલ્તનત બંને હોદ્દા જોડી દેવાતા. કોટવાલ કાયદો અને વ્યવસ્થા જેવાં પોલીસ કાર્યોનો અધ્યક્ષ હતો. સદ્રેજહા (કાઝી) ન્યાય અને ધાર્મિક ખાતાનો વડા તરીકે ફરજ બજાવતો. ડૉ. આર.સી.મજુમદાર મોહંમદશાહે કરેલી ઉપરોક્ત વ્યવસ્થા વિશે નોંધે છે કે, "તેની શાસનવ્યવસ્થા નોંધપાત્ર છે કારણ કે પહેલાં તેનો ઉપયોગ એ પાંચ સલ્તનતોએ કર્યો હતો. જેમનું નિર્માણ બહમની રાજ્યના ભંગાર પર થયેલું અને પછી મરાઠી સત્તાના સ્થાપક શિવાજીએ પણ તેને અપનાવી હતી."

લશ્કરનો વડો સેનાપતિ અમીર-ઉલ-ઉમરા હતો. લશ્કરમાં પાયદળ, અશ્વદળ ઉપરાંત હાથીઓનો અને તોપદળનો પણ ઉપયોગ થતો. શસ્ત્રોમાં ભાલા, તલવાર, ધનુષ્ય-બાણ, ગદા, ફરસી વગેરેનો ઉપયોગ થતો હતો. અન્ય નાયબ પ્રધાનો પણ નિમાતા જેમાં કુર બેગ-ઈ-મૈસરાહ લશ્કરનો ડાબી પાંખનો સેનાપતિ અને કુર બેગ-ઈ-મૈમનાહ જમણી પાંખનો સેનાપતિ હતા. ઉપરાંત મુનહિયા (જાસૂસો) નો અને સુલતાનના અંગરક્ષક જેવા વિભાગ હતા. મહમૂદ ગાવાને લશ્કરી વ્યવસ્થા સુદ્રઢ બનાવી બહમની સામ્રાજ્યનો વિસ્તાર કર્યો હતો.

### 15.5.2 પ્રાતીય વહીવટીતંત્ર

બહમનીના પ્રાંતીય વ્યવસ્થાનો યશ તેના સ્થાપક અલાઉદ્દીન બહમશાહને ફાળે જાય છે. તે સમગ્ર રાજ્યને ચાર પ્રાંતોમાં વહેંચ્યું હતું. તેના પુત્ર મોહંમદશાહ પહેલાના સમયમાં પ્રાંતોને 'તરફ' અને તેના સૂબાને 'તરફદાર' એવું નામ મળ્યું હતું. દોલતાબાદ, બરાર, બીદર, અને ગુલબર્ગા એમ ચાર મહત્ત્વના પ્રાંતો હતા. તરફદારોને મહેસુલ અને કર ઉઘરાવવાના, લશ્કર રાખવા, અમલદારોને નિમવા જેવી લશ્કરી અને મુલ્કી બંને પ્રકારની વિશાળ સત્તાઓ હતી. આજ કારણે તેઓ પોતાને સ્વતંત્ર કરવા પ્રલોભિત રહેતા. ગુલબર્ગ સામ્રાજ્યના મધ્યમાં વ્યુહાત્મક સ્થાને હોવાથી ત્યાં વિશ્વાસુ તરફદાર નિમાતો. જે મીર નાયબ તરીકે ઓળખાતો. આમ તે અન્ય પ્રાંતોના તરફદાર કરતાં વિશિષ્ટ હતો. તરફદારોની વિશાળ સત્તાઓને લઈને સુલતાન પ્રાંતોની અવાર-નવાર મુલાકાત લઈ તેમને અંકુશમાં રાખતો. તરફદારોની અન્ય પ્રાંતમાં બદલીઓ પણ કરવામાં આવતી હતી. મોહંમદશાહ ત્રીજાના સમયમાં સામ્રાજ્ય વિસ્તાર થતાં વજીર મહમૂદ ગાવાને સામ્રાજ્યને આઠ પ્રાંતોમાં વહેંચી તરફદારોની સત્તા મર્યાદિત કરવાનો પ્રયાસ કર્યો

*હતો. ખાસા-એ-સુલતાનીથી ઓળખાતા કેટલાક પ્રદેશો સુલતાનના સીધા અંકુશ હેઠળ હતા. નિર્બળ સુલતાનોના સમયે પ્રાંતીય તરફદારો સ્વતંત્ર થઈ જવાની પેરવીમાં રહેતા. જે આ શાસનતંત્રની એક નબળાઈ હતી. પ્રાંતોને સરલશ્કરીમાં અને સરલશ્કરીને સરકારમાં વહેંચી દેવામાં આવ્યું હતું. સરકાર જિલ્લા સમાન વહીવટી વિભાગ હતો. સરકારોને પરગણાઓમાં (તાલુકા સમકક્ષ) વહેંચવામાં આવતું. પરગણા અનેક ગામડાંનો સમૂહ હતો. વહીવટનો સૌથી નાનો એકમ ગામડું હતું. આમ, બહમની સામ્રાજ્યનું વહીવટીતંત્ર કેન્દ્રથી ગામડા સુધી સુવ્યસ્થિત હતું.*

- **તમારી પ્રગિત ચકાસો (ક)**

1. *બહમની સામ્રાજ્યની સ્થાપના વિશે પાંચ વાક્યો લખો.*

____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
__________________________________________

2. *બહમની સામ્રાજ્યની રાજકીય સ્થિતિ વિશે ટૂંકમાં જણાવો.*

____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
__________________________________________

3. *બહમની સામ્રાજ્યના પતન વિશે ચાર વાક્યો લખો.*

____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
____________________________________________
__________________________________________

4. *બહમની સામ્રાજ્યના વહીવટીતંત્ર વિશે સંક્ષેપમાં જણાવો.*

__________________________________________
__________________________________________
__________________________________________

## 15.6 બહમની સામ્રાજ્યની સાંસ્કૃતિક સ્થિતિ

### 15.6.1 સમાજ

*બહમની સામ્રાજ્યના રાજકીય ઈતિહાસ જેટલી માહિતી સામાજિક સ્થિતિ વિશે મળતી નથી. મુસ્લિમ, હિંદુ, ઈરાની, ટ્રાન્સ, ઓક્સિયન, ઈરાકી અને એબિસીનિયન લોકો સમાજમાં હતાં. ફારસી, મરાઠી, દક્ષિણી, ઉર્દૂ, કન્નડ, તેલુગુ ભાષાઓ વિશેષ બોલાતી હતી. સુલતાન મોહંમદશાહ ત્રીજાના સમયમાં રશિયન પ્રવાસી અથનેસિયસ નિકિતિન ભારત આવ્યો ને ઈ.સ. ૧૪૭૦ થી ૧૪૭૪ સુધી બિરદરમાં રહ્યો હતો. તેના જણાવ્યા મુજબ ઉમરાવો, સામાન્ય પ્રજા સમૃદ્ધ, સુખી અને ધનવાન હતી. સમાજમાં અમીર અને ગરીબ એવા બે વર્ગો હતા. પરંતુ એક વર્ગ અતિ વૈભવી જીવન અને બીજો સમાજનો મોટો વર્ગ સામાન્ય પ્રજા, ગામડાંની પ્રજા નિર્ધન હતી. એક ત્રીજો વર્ગ વ્યાપારી મધ્યમવર્ગ પણ હતો.*

### 15.6.2 આર્થિક સ્થિતિ

*ફીરોજશાહે ચૌલ અને દાભોલના બંદરોને વિકસાવવા ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ બંદરોએ ઈરાન, અરબસ્તાન, આફ્રિકા અને યુરોપનાં બજારોમાંથી ચીજવસ્તુઓ આવતી. મહમૂદ ગાવાને મુંબઈ-કર્ણાટક કિનારો તથા પછીથી ગોવા જીતી ત્યાં વહીવટી વ્યવસ્થા સ્થાપી સામ્રાજ્યની આર્થિક સમૃદ્ધિ વધારી હતી. બહમની સામ્રાજ્યની આર્થિક સમૃદ્ધિનું વર્ણન ઈ.સ.* 1469-1474 *દરમિયાન દખ્ખણમાં આવનાર રશિયન પ્રવાસી અથનેસિયસ નિકિતિને કર્યું છે. તેના વર્ણન પ્રમાણે ઘોડા, વસ્ત્રો, રેશમ, મરચાં વગેરેની નિકાસ થતી હતી. દભોલ (મુસ્તુફાબાદ)નું બંદર દેશ-વિદેશમાં વેપારની આયાત-નિકાસનું મુખ્ય ધીકતું બંદર હતું. આરબ, ખુરાસાન અને તુર્કસ્તાનથી જાતવાન ઘોડા તો કસ્તુરી અને ફરની ચીનથી આયાત કરવામાં આવતી હતી. વેપાર મોટાભાગે હિંદુ વેપારીઓ પાસે હતો. વજીર મહમૂદ ગાવાને જમીનની માપણી કરાવી તથા જમીન મહેસૂલના સુધારા દ્વારા રાજ્યની આવકમાં વધારો કર્યો હતો.*

### 15.6.3 શિક્ષણ અને સાહિત્ય

*કેટલાક બહમની સુલતાનો પોતે વિદ્વાનો હતા તથા વિદ્વાનો અને શિક્ષણના પોષક હતા. બહમનીના સ્થાપક હસનશાહે વિદ્વાનો અને સંતુપુરુષોને ઉત્તેજન આપવાનો આરંભ કર્યો હતો. સુલતાન મોહંમદશાહ બીજો પોતે વિદ્વાન*


*હતો તેમજે કાવ્ય અને દર્શનશાસ્ત્રનો શોખીન હતો. તેથી જ તે "દ્વિતીય એરિસ્ટોટલ" કહેવાતો. તેણે શિક્ષણને ઉત્તેજન આપવા નીરાધારો માટે શાળાઓ શરુ કરાવી હતી. તેણે એશિયાના વિભિન્ન પ્રદેશોના વિદ્વાનોને રાજ્યમાં બોલાવી આશ્રય આપ્યો હતો. તેમાંથી ફૈઝુલ્લા અંજુ નામના વિદ્વાનને પ્રમુખ કાઝી પદ આપ્યું હતું. વળી તેણે ઈરાનના ફારસી કવિ શીરાઝીને દખ્ખણમાં આવવા આમંત્રણ પાઠવેલું. ફિરોજશાહે પણ વિદ્વાનો, કવિઓ અને તવારીખકારોને આશ્રય આપેલો. તેણે ખગોળશાસ્ત્રના વિકાસ અર્થે દૌલતાબાદમાં વેધશાળા સ્થાપેલી. પરંતુ તેનું આ કાર્ય યોગ્ય સંચાલનને અભાવે વધુ સફળ થઈ શક્યું નહોતું. પોતે અનેક ભાષાઓનો જાણકાર હતો. પોતાની અનેકભાષી બેગમો સાથે તેમની ભાષામાં વાર્તાલાપ કરતો. સુંદર, મરોડદાર અક્ષરોમાં પ્રવીણ હતો. કુરાને શરીફના સોળ પાનાની નકલ દર ચોથા દિવસે તૈયાર કરતો. તેણે ચિશ્તી સંત ગેસુદરાજને આશ્રય આપેલો. ગેસુદરાજે 'મિરાત-ઉલ-આશિકીન' નામનો ગ્રંથ લખ્યો છે જે દખ્ખણી હિન્દીનો ઉત્તમ ગ્રંથ છે. દખ્ખણી હિન્દીને બહમની સુલતાનોએ રાજ્યાશ્રય આપેલો. શેખ આઝરી એસફરાયીની અને સરફૂદ્દીન માઝનદારાની જેવા કવિઓ અહમદશાહના દરબારને શોભાવતા હતા. અલાઉદ્દીન બીજાએ અનેક જાહેર શાળાઓ શરુ કરાવી શિક્ષણને ઉત્તેજન આપ્યું હતું. મોહંમદશાહ ત્રીજા અને તેના વજીર મહમૂદ ગાવાને બિદરમાં એક કૉલેજની સ્થાપના કરી તેમાં અમૂલ્ય હસ્તપ્રતો અને ગ્રંથોનું ગ્રંથાલય ઊભું કર્યું હતું. વળી, તેણે 'મનાઝિર-ઉલ-ઈન્શા' ગ્રંથ અને એક કાવ્ય સંગ્રહની પણ રચના તેણે કરી હતી. ગાવાનના મિત્ર અબુલ કરીમે ગુજરાતના ઈતિહાસ ઉપર માસિર-ઈ-મહમૂદશાહી ગ્રંથ લખ્યો હતો. આમ, બહમની સુલતાનોએ વિદ્વાનોને આશ્રય આપ્યો અને વિદ્યાભ્યાસની પ્રવૃત્તિને ઉત્તેજન આપ્યું હતું.*

### 15.6.4 કલા-સ્થાપત્ય

*બહમની સુલતાનો કલાના પણ પુરસ્કર્તા હતા. આ સામ્રાજ્યમાં મિસર, ઈરાન, તુર્કસ્તાન અને મધ્ય એશિયામાંથી અનેક લોકો આવી વસ્યા હતા. તેમાં કારીગરો અને કલાકારો પણ હતા. આમ, બહમની સામ્રાજ્યમાં જે સ્થાપત્યો નિર્માણ પામ્યાં તેમાં તુર્કી, ઈજિપ્ત, ઈરાની અને સ્થાનિક હિંદુ કલાનો સમન્વય થયો હતો. ઈ.સ. 1367માં ગુલબર્ગના કિલ્લામાં બંધાયેલી જુમ્મા મસ્જિદ દખ્ખણના સ્થાપત્યકલાનું ઉત્તમ દ્રષ્ટાંત છે. તેનો સ્થપતિ રફી ઈરાની હતો તેથી તેના નકશીકામમાં ઈરાની શૈલી જોવા મળે છે. જ્યારે તેના નાના ઘુમ્મટો હિંદુ-ઈરાની શૈલીથી અલગ પ્રકારના છે. બિદર 15મી સદીમાં અનેક મહેલો, મકબરા, મસ્જિદો, મદરેસાઓ વગેરે બાંધવામાં આવ્યાં. ઈરાની લાલ નળિયાં બિદરની ઈમારતોમાં જડેલાં જોવા મળે છે. 1435માં દૌલતાબાદમાં બંધાયેલ ચાંદમીનાર, બિદરમાં 1472માં બંધાયેલ મહમૂદ ગાવની મદરેસા અને મુહંમદશાહનો મકબરો બિજાપુરનો ગોળ ગુંબજ તરીકે વિખ્યાત સ્થાપત્યો મશહૂર*

*છે. આ ઉપરાંત મહત્ત્વનાં નગરોમાં યુદ્ધમાં ઉપયોગી મજબૂત કિલ્લાઓ પણ સુલતાનોએ બંધાવ્યા હતા.*


બિદરનો કિલ્લો


ગોળ ગુંબજ


ચાંદમીનાર


મહમૂદ ગાવનની મદરેસા(બિદર)

સ્થાપત્ય ચિત્ર બ.

*બહમની સુલતાનો સંગીતના શોખીન હોઈ આ કલાને ઘણું ઉત્તેજન આપ્યું હતું. અમુક અંશે ચિત્રકલાને પણ પ્રોત્સાહન આપ્યું. બહમનીના વિગઠન પછી અસ્તિત્વમાં આવેલ અહમદનગર, બિજાપુર અને ગોલકોંડા રાજ્યોમાં એક અલગ પ્રકારની ચિત્રકલા વિકસી. 15મી -16મી સદીમાં દખ્ખણમાં ઈરાની ચિત્રકલા શૈલી પ્રસરી. જેની અસરથી સ્થાનિક પ્રાચીન ચિત્ર શૈલીમાં પરિવર્તનો થયાં. દખ્ખણનાં આ શિયા રાજ્યોમાં વિકસેલી ચિત્રકલાની વિશેષતા અનેક રંગોનો ઉપયોગ તથા ઈરાની શૈલીથી પ્રભાવિત છે.*

*બહમની સુલતાનોએ બંધાવેલ અમુક મકબરાઓમાં ભારતીય અને વિદેશી અસરનો સમન્વય થયો છે. ડૉ. છોટુભાઈ નાયક આ અંગે નોંધે છે કે, "દક્ષિણ ભારતમાં, બહમની સુલતાનો કલાસ્થાપત્ય, વિદ્યાભ્યાસ અને વિજ્ઞાનના પુરસ્કર્તાઓ*

હતા. તેનું સ્થાપત્ય અનેક તત્ત્વોનું ભારતીય, તુર્કી, ઈજિપ્શિયન અને ઈરાનિયનનું સુંદર મિશ્રણ હતું." તેમ છતાં જહોન માર્શલના જણાવ્યા પ્રમાણે ત્યાં પણ પાછળથી ભારતીય શૈલીએ પોતાના અંકુશની સ્થાપના કરેલી.

### 15.6.5 ધાર્મિક નીતિ

બહમની સુલતાનોએ મોટેભાગે મધ્યયુગીન અસહિષ્ણુ ધાર્મિક નીતિ અપનાવી હતી. શાસકોના પરાક્રમો અને વિજયોને જેહાદ જેવા અતિશયોક્તિપૂર્ણ વર્ણનોએ બહમની સામ્રાજ્યની ધાર્મિક નીતિ સંદર્ભે ભારે ગેરસમજો ઉભી કરકી છે. બહમની અને હિંદુ રાજ્ય વિજયનગર વચ્ચે યુદ્ધોનું મુખ્ય પરિબળ રાયચુર દોઆબનો ફળદ્રુપ પ્રદેશ હતો જે રાજકીય પરિબળને મધ્યકાળીન તવારીખકારોએ ધાર્મિક દ્રષ્ટીએ અતિશયોક્તિથી વર્ણવ્યો છે.

બહમની સુલતાનો સૂફી-સંતોનું માન-સન્માન કરતા. તેનું એક કારણ સત્તા માટે સામાન્ય પ્રજાનું સમર્થન મેળવવા સૂફી-સંતોનો સહયોગ અનિવાર્ય ગણાવા લાગ્યો હતો. બહમનીમાં ચિશ્તી, કાદિરી અને સત્તારી સંપ્રદાય પ્રચારમાં હતા. તેમાં બિદરે તો કાદિરી સંપ્રદાયનું પ્રમુખ કેન્દ્ર હતું. શેખ સિરાજુદ્દીનને સૌ પ્રથમ સુલતાનની કૃપા પ્રાપ્ત થઈ હતી. ત્રણે સંપ્રદાયમાં ચિશ્તી સૂફીઓ વધુ આદર પામતા. પ્રખ્યાત ચિશ્તી સંત સૈયદ ગેસુદરાજ 1402-03માં દિલ્હીથી ગુલબર્ગા સ્થાપી થયા હતા. તેમણે ફિરોજશાહે નિભાવ માટે અનેક ગામનું દાન આપ્યું હતું. જોકે ગેસુદરાજને ફિરોજશાહે પોતાના ભાઈ અહમદશાહનો પક્ષ લેવા બદલ ગુલબર્ગથી હાંકી કાઢ્યા હતા. હિંદુ સંસ્કૃતિનો પ્રભાવ બહમની દરબારમાં જોવા મળતો હતો. ઉર્સ (જંગમ) જેવા ઉત્સવો ઉજવાતા. જેમાં શંખનાદ, પુષ્પવૃષ્ટિ વગેરે જેવી હિંદુ પ્રણાલી ત્યાં જોવા મળતી.

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. ખાલી જગ્યા પૂરો

(1) સુલતાન મોહંમદશાહ ત્રીજાના સમયમાં કયો રશિયન પ્રવાસી ................... બહમની આવ્યો.

(2) ચૌલ અને દભોલ બંદરો વિકસાવવામાં ................ સુલતાને ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

(3) સૂફી સંત ગેસુદરાજે ............. નામનો ગ્રંથ લખ્યો.

(4) રીયાઝ-ઉલ-ઈન્શા નામનો પત્રોનો સંગ્રહ .............. એ બહાર પાડ્યો હતો.

(5) ગોળ ગુંબજ ............. આવેલો છે.

1. બહમની સામ્રાજ્યની આર્થિક સ્થિતિ ટૂંકમાં જણાવો.

2. *બહમની સામ્રાજ્યના શિક્ષણ અને સાહિત્ય વિશે પાંચ વાક્યો લખો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. *બહમની સામ્રાજ્યના સ્થાપત્ય વિશે સંક્ષેપમાં જણાવો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

## 15.7 સારાંશ

*તુઘલક વંશ દરમિયાન દિલ્હી સલ્તનતની કેન્દ્રીય સત્તા નબળી પડતાં દખ્ખલણમાં બહમની સામ્રાજ્યની સ્થાપના થઈ. જેમાં 'અમીર-એ-સાદાહ' આ સ્વતંત્ર સલ્તનત સ્થાપવામાં સફળ થયા. આ સામ્રાજ્યને જુદા-જુદા સુલતાનોએ વિજ્યો કરી દ્રઢ બનાવ્યું. તેનો આજુબાજુની માળવા, વિજયનગર અને તેલંગણાના રાજ્યો સાથે સંઘર્ષ ચાલતો રહ્યો. અફાકિયો અને દખ્ખણીઓના પરસ્પરના સંઘર્ષની પરાકાષ્ઠા સામ્રાજ્યના વિઘટનમાં આવી. તેની શાસન વ્યવસ્થા એક-બે અપવાદોને બાદ કરતાં દિલ્હી સલ્તનતની પ્રતિકૃતિ સમાન હતી.*

## 15. 8 શબ્દાવલી

- *ઈક્લીમ – પ્રાંત*
- *તરફદાર – પ્રાંતોનો વહીવટી વડો*
- *સરકાર – જિલ્લા સમાન વહીવટી વિભાગ*
- *મુનાહિયા – જૂના ભદ્રવર્ગના દખ્ખણી અમીરો*
- *અફાકિ – ઈરાન, તુર્કસ્તાન, અરબસ્તાન, મધ્ય એશિયા વગેરેના વિદેશી-મુસ્લિમ ઉમરાવ*

## 15.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

### તમારી પ્રગતિ ચકાસો (ખ) ના જવાબો

1. (1) *અથનેસિયસ નિકિતિન* (2) *ફીરોજશાહ* (3) *'મિરાત-ઉલ-આશિકીન'* (4) *મહમૂદ ગાવાન* (5) *બિજાપુર*

## 15.10 સંદર્ભ સૂચિ


1. Dr. Ishwari Prasad, Medieval India.
2. Nilkantha Sastri , A History of South India.
3. Dr. R.C. Majumdar, Delhi Sultanate, Ed. Vol VI, Bharatiya Vidya Bhavan, Bombay
4. Mahummad Habbi and K.A. Nizami, Delhi Sultanate Vol.I & II.
5. *ડૉ.મથુરાલાલ શર્મા, દિલ્હી સલ્તનત.*
6. *ડૉ.વી.એસ.ભાર્ગવ, મધ્યકાલીન ભારતીય એવમ સંસ્થાએ.*
7. *ડૉ. છોટુભાઈ નાયક, મધ્યયુગીન ભારત, ખંડ-2.*
8. *પ્રા. દેવેન્દ્ર વૃ. ભટ્ટ, ભારત ઈતિહાસ દર્શન.*
9. *ડૉ.ઈશ્વરભાઈ જી. ઓઝા, મધ્યયુગીન ભારતનો ઈતિહાસ.*


________________x________________